સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર - સરધારનું મુખપત્ર

# સ્વામિનારાયણ ચિંતન

મે, ૨૦૧૮ • બે વર્ષ લવાજમ રૂા. ૧૬૦/-












વડતાલ શ્રીલક્ષ્મીનારાયણ દેવ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. ૧૦૮ શ્રી **ભાવિઆચાર્યશ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ની દિવ્ય સાનિધ્યમાં ઉજવાયેલ વિવિધ ગામોમાં **નવનિર્માણ હરિમંદિરો**ની

## મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવો

શિહોર • ઘનશ્યામનગર (પરા) • નાના ભમોદરા • ટાટમ • જડકલા • મીયાવડલા • આંબરડી • મોટા સમઢીયાળા • નીતલી • મોટા કણકોટ





**નૂતન હરિમંદિર મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ – શિહોર**






ગઢપુર પ્રદેશના શિહોર (જી. ભાવનગર) ગામને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં સરધારનિવાસી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે તૈયાર થયેલ નવનિર્માણ શ્રી સ્વામિનારાયણ મંદિરનો ઉજવાયેલ 'મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ' તથા 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ' (તા. ૧૬ થી ૨૧-૪-૨૦૧૮)









**નૂતન હરિમંદિર મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ – નાના ભમોદરા**






ગઢપુર પ્રદેશના નાના ભમોદરા (તા. સાવરકુંડલા) ગામને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં સરધારનિવાસી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે તૈયાર થયેલ નવનિર્માણ શ્રી સ્વામિનારાયણ મંદિરનો ઉજવાયેલ 'મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ' તથા 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ' (તા. ૮ થી ૧૪-૫-૨૦૧૮)














જૂનાગઢ પ્રદેશના ઘનશ્યામનગર (તા. સાવરકુંડલા) ગામને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં સરધારનિવાસી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે તૈયાર થયેલ નવનિર્માણ શ્રી સ્વામિનારાયણ મંદિરનો ઉજવાયેલ 'મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ' તથા 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ' (તા. ૭ થી ૧૧-૫-૨૦૧૮)








ગઢપુર પ્રદેશના ટાટમ ગામને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં યોજાયેલ નૂતન મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ.






ગઢપુર પ્રદેશના જડકલા (તા. જેસર) ગામને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં પૂ. કો. સ્વામી શ્રી કૃષ્ણપ્રકાશદાસજી (કે.પી.)ના માર્ગદર્શન પ્રમાણે તૈયાર થયેલ નવનિર્માણ શ્રી સ્વામિનારાયણ મહિલા મંદિરનો ઉજવાયેલ 'મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ' તથા 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ'










ગઢપુર પ્રદેશના ભાવનગર શહેરના કામીનીયાનગર ખાતે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં સરધારનિવાસી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરનો ઉજવાયેલ 'ખાતમુહૂર્ત-ભૂમિપૂજન મહોત્સવ' તથા 'શ્રીમદ્ ભક્ત ચિંતામણી કથા પારાયણ' (તા. ૩૦ થી ૫-૫-૨૦૧૮)








ગઢપુર પ્રદેશના **બોટાદ** શહેરને આંગણે **શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિરમાં** બિરાજમાન **શ્રીહરિકૃષ્ણ મહારાજ-શ્રીરાધાકૃષ્ણ** આદિ દેવોનો **પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના** આશીર્વાદથી **પૂ. નાનાલાલજી મહારાજશ્રીના** સાન્નિધ્યમાં **પૂ. સ.ગુ. સ્વામી શ્રી લક્ષ્મીપ્રસાદદાસજીના** માર્ગદર્શન પ્રમાણે ઉજવાયેલ **૨૨મો વાર્ષિક પાટોત્સવ** તથા **પૂ. સ્વામી શ્રી નિર્ભયચરણદાસજીના** વક્તાપદે યોજાયેલ **'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ'** (તા. ૩ થી ૭-૫-૨૦૧૮)

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# સ્વામિનારાયણ ચિંતન

પ્રયોજક : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

વર્ષ :- ૬ । અંક :- ૪ । તારીખ :- ૨૦ મે, ૨૦૧૮



અધ્યક્ષશ્રી



પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય
શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ

ઉપાધ્યક્ષશ્રી



પ.પૂ. ૧૦૮ ભાવિઆચાર્ય
શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજ

**પ્રસિદ્ધ કર્તા**
*શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મીનારાયણ દેવ પીઠસ્થાન સંસ્થાન -વડતાલ વતી*
**શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર**

**પ્રકાશક – માલિક – તંત્રી**
*સાધુ પતિતપાવનદાસજી*

**સંપાદક**
*સ્વામી આનંદસ્વરૂપદાસજી (વેદાંતાચાર્ય)*

**લેખન – સંકલન**
સાધુ અમૃતસ્વરૂપદાસજી
*ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી*

**લવાજમ દર**
*બે વર્ષ : રૂા. ૧૬૦/-*
*પંચવાર્ષિક : રૂા. ૩૫૦/- • પચ્ચીસ વર્ષ : રૂા. ૭૫૦/-*
*પરદેશમાં લવાજમ :* **$ 200 U.S.A., £ 125 U.K.**

*સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વામિનારાયણ મંદિર સરધારનું રજિસ્ટર્ડ મુખપત્ર ઈ.સ. ૨૦૦૫ના જૂન માસથી પ્રારંભાયેલું, દર માસની ૨૦ તારીખે પ્રકાશિત થતું, આપના સમગ્ર કુટુંબ-પરિવારમાં આનંદ અને સંસ્કારની સૌરભ પ્રસરાવે અને જીવનનું અનેરું ઘડતર કરતું સામયિક.*

લવાજમદર અંગે
**ગ્રાહક પત્ર વ્યવહાર**

'ચિંતન કાર્યાલય', શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧
www.sardhardham.com chintankaryalay@gmail.com
www.svg.org

છબીકલા : શિવલાલ સુદાણી – બારમણ
મો. ૯૮૭૯૨ ૬૯૫૪૦

## જળ એ જ જીવનનો આધાર

'જળ એ જ જીવનનો આધાર છે', 'પાણી બચાવો તો પાણી આપણને બચાવશે', 'જલ હૈ તો કલ હૈ' આવાં સૂત્રો માત્ર ભીંતો પર લખવા માટેના નથી, પરંતુ હૃદયમાં તે અંકિત થવા જોઈએ. જળસંચયની વાત એ માત્ર સૂત્રાત્મક નહીં પરંતુ એક સ્વભાવ બનવો જોઈએ. ઈઝરાયલ જેવા ટચુકડા દેશે આ બધાં જ સૂત્રો સફળતાપૂર્વક ચરિતાર્થ કરી બતાવ્યાં છે અને વાર્ષિક માત્ર ત્રણથી સાડા ત્રણ ઈંચ વરસાદ પડવા છતાં પણ ઈઝરાયલે ક્યારેય પાણીની તંગીનો અનુભવ કર્યો નથી.

પરમાત્માએ પાણી આપીને આપણા પર સદાય ઉપકાર કર્યો છે, પરંતુ પાણી વેડફીને આપણે અપકાર કર્યો છે. જળરાશિનો વિવેકપૂર્વક ઉપયોગ કરવાને બદલે તેનો વેડફાટ કરી અપકાર કરવાની આપણી માનસિક્તાને હવે તિલાંજલી આપવી પડશે.

આજના સમયમાં જળ બચાવવું એ બહુ જરૂરી છે. જળ હશે તો પૃથ્વી પરના દરેક જીવાત્મા માટે તે ઉપયોગી છે. તેનાથી જીવન છે, પર્યાવરણ છે. માટે જળ પાણીને સાચવીને વાપરવું જોઈએ. દરેક વ્યક્તિએ જરૂરિયાત પૂરતું જ જળ વાપરીને બાકીનું સંગ્રહ કરવું જોઈએ. જળ એ જીવસૃષ્ટિની સૌંદર્યતા છે માટે તેનો બગાડ કર્યા વિના ઉપયોગ કરવો. જળરક્ષા અને જળબચત એ પૃથ્વીની રક્ષા અને સમસ્ત જીવ સૃષ્ટિના બચાવનો મુખ્ય સ્રોત છે. 'જળ એ જ આધાર' જળાધાર અવિરત પ્રવાહ ધરાવનાર ગંગાજી આદિક સર્વ નદીઓની રક્ષા એ જ આપણો ધર્મ હોવો જોઈએ. જળ એ જીવન છે તો જળનું જતન કરીએ અને આપણું, સમાજનું અને રાષ્ટ્રનું જીવન બચાવીએ. સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ પણ જળ સાથે આજ પર્યંત સંકળાયેલા રહીને ઘણાં ગામોમાં પુરાતની વાવ ખોદાવીને ગામલોકોને માટે જળની તંગીનું નિરાકરણ કર્યું હતું.


આજના સમયમાં રાજ્ય સરકાર તથા દિવ્ય ભાસ્કર આદિક વર્તમાનપત્રો દ્વારા રાજ્યવ્યાપી 'જળબચત અભિયાન'માં જોડાઈને આગળનું ભવિષ્ય ઉજ્જવળ કરવામાં તમામ ભક્તજનો સહયોગતા કરે તેવી નમ્ર પ્રાર્થના.

- સ્વામી નિત્યસ્વરૂપદાસજી

## અનુક્રમણિકા

| | | |
|---|---|---|
| ૦૧ | પરમાત્માની પ્રસાદીરૂપ જળ એજ જીવન | ૦૬ |
| ૦૨ | આપણું વિશ્વ અને પાણી | ૧૭ |
| ૦૩ | 'દિવ્ય ભાસ્કર' જળ અભિયાન | ૨૮ |
| ૦૪ | સત્સંગ સમાચાર પત્રિકા | ૨૯ |

| પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની | પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના શ્રીમુખે | પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજીના શ્રીમુખે |
|---|---|---|
| દિવ્ય અમૃતવાણી | સત્સંગ કથાપારાયણ | સત્સંગ કથામૃત |
| સમય : દરરોજ | દરરોજ રાત્રે ૮.૦૦ થી ૧૧.૦૦ | દરરોજ સવારે ૬.૦૦ થી ૭.૦૦ |



# પરમાત્માની પ્રસાદીરૂપ જળ એજ જીવન

આ લેખમાળામાં જળ વિષે દર્શાવેલા વિવિધ માહિતી સ્રોત અને આંકડાકીય માહિતી ગુગલ આદિક ઈન્ટરનેટ વેબસાઈટોના માધ્યમથી તેમજ દિવ્યભાસ્કર, ગુજરાત સમાચાર, સંદેશ વગેરે વર્તમાનપત્રો તથા અન્ય લેખકો દ્વારા પ્રસિદ્ધ લેખમાળામાંથી લેવામાં આવી છે. જેનો સંકલનકર્તાઓ સહર્ષ આભાર વ્યક્ત કરે છે.


**સંપાદક :- શાસ્ત્રી શ્રી રવીન્દ્રભાઈ જોષી** - જૂનાગઢ

**માહિતી સંકલન :- પીયુષ બોઘાણી** - સુરત **વિશાલ પટેલ** - રાજકોટ **ઉમંગ ચંદન** - ડોંબીવલી

પરમાત્માની બનાવેલી માનવ સૃષ્ટિ જેમ માનવજગત માટે વરદાન છે એવી જ રીતે માનવ સૃષ્ટિને ટકાવવા માટેના ઉપયોગ સભર તત્ત્વો પણ એટલા જ મૂલ્યવાન છે. એ તમામ તત્ત્વોમાં અતિ મહત્ત્વનું કોઈ તત્ત્વ હોય તો એ છે **'જળ' તત્ત્વ.** 'જે જીવનરૂપ હોય એનું **જતન** કરવું' એ નૈતિક **ફરજ** છે. માનવજગતની મોટી **અજ્ઞાનતા** એ છે કે, સરળતાથી મળેલ વસ્તુની વ્યક્તિને કિંમત નથી. એ સત્ય છે કે, જળને જેટલું વાપરો એટલું વહ્યા કરે. આ ઈન્દ્રદેવનું **વરદાન** છે, પરંતુ મનુષ્ય એ ભૂલે છે કે અત્યારે આપણે કળિયુગમાં જીવીએ છીએ. જ્યાં વરદાન કામ નથી લાગતા પણ વ્યક્તિની સમજણ જ વરદાનરૂપ બને છે. પરિવર્તન સંસારનો નિયમ છે, તો એ પરિવર્તન સાથે વરદાન પણ **પરિવર્તન** પામે છે. જેનું પ્રમાણ હાલ જળ સમસ્યાને લઈ આપણે નરી આંખે જોઈ રહ્યા છીએ.

વ્યક્તિ સગવડતાને આધીન બને એ ખોટું નથી, પણ વ્યક્તિ સગવડતાનો દુરુપયોગ કરે એ ખોટું છે. જીવન જરૂરિયાત માટે જળ **અનિવાર્ય** છે. જળ વિના જીવી નથી શકાતું માટે એવા જળરૂપ જીવનને સાચવવાનું **પ્રણ** લઈએ. સંશોધનોના અંતે એવું સિદ્ધ થયું છે કે, હાલ ૨૦૧૮માં જે રીતે પાણીની અછત-સમસ્યા જણાય છે એ અનુસાર ૨૦૫૦ની સાલ જ્યારે આવશે ત્યારે આપણા દેશે બીજા દેશ પાસેથી પાણી પૈસા આપી ખરીદવું પડશે અને આપણે પણ આપણી જીવન જરૂરિયાત માટે પાણી પૈસાથી ખરીદવું પડશે. કારણ એટલું જ કે વ્યક્તિને કુદરત દ્વારા મળેલું સહજ પ્રાપ્તિ રૂપ જળ બેફામ દુરુપયોગિતાપૂર્વક વેડફાઈ રહ્યું છે. 'અન્ન નહિ હોય તો પાણી પીઈને સૂઈ જશું' લોકો આવું બોલતા હોય છે પણ 'પાણી નહિ હોય તો કેમ જીવશું ?' આ એક જનસમાજ માટે **મોટો પ્રશ્ન** છે. સવારે ઊઠીએ ત્યારથી લઈ રાત્રે શયન કરીએ ત્યાં સુધી ડગલે ને પગલે પાણીની જરૂર પડે છે, તો જેની પળ-પળ જરૂર છે એનો બગાડ શા માટે ? કોઈ લેખકે બહુ સુંદર વાત કરી કે, ખૂબ તરસ લાગે અને પાણીનો ગ્લાસ હાથમાં આવે ત્યારે પાણીના ગ્લાસમાં પાણી જોઈને આંખમાં પાણી લાવી થોડીવાર વિચારજો કે આ પાણી ન મળ્યું હોત તો શું થાત ? એ વિચારથી **જળની મૂલ્યતા** સમજાશે.

આપણા શાસ્ત્રો કહે છે : 'जले विष्णुः स्थले विष्णुः' અર્થાત્ જળમાં વિષ્ણુ છે સ્થળમાં પણ વિષ્ણુ છે. તો બેફામ જળનો **દુરુપયોગ** કરી એ પરમાત્માનું અપમાન શા માટે ? પૃથ્વી કરતા જળનો વિસ્તાર મોટો છે, પરંતુ એ સમુદ્રનું જળ **ખારું** છે. જેને આપણે વાપરી પણ નથી શકતા અને પી પણ નથી શકતા. એવા સંજોગોમાં પરમાત્માએ માનવજગત ઉપર અતિ કરુણા કરી ધરતીના પેટાળમાં **મીઠું જળ** મૂક્યું. જેનાથી માનવજગત સુખી થયું પણ સાથે એજ માનવજગત સુખમાં છકી પણ ગયું. ભગવાનની આપેલ ભેટને બેફામ વાપરી ભેટનો સર્વનાશ કર્યો, જે માનવજગત માટે જ હાનિકારક બન્યું ને આજે જળ સમસ્યાને કારણે લોકો રડી રહ્યા છે. 'ઘરમાં માટલા-વાસણ તો છે પણ પીવા કે વાપરવા પાણી નથી, ખેતરમાં પાક તો છે પણ પાણી વગર બગડે છે, વૃક્ષો તો છે પણ પાણી વગર સુકાય છે, નળ તો છે પણ પાણી વગર નકામો છે, આંગણે ઢોર તો બાંધ્યા છે પણ પાણી વગર મરી રહ્યા છે.'

આ બધા નુકસાનો પાછળનું કારણ એકમાત્ર આપણી **નાદાની** અને **બેદરકારી** છે. જે મળે છે એની કદર નથી અને કદર સમજાય ત્યારે મોડું થઈ જાય છે. નાના હતા ત્યારે કવિ પ્રેમશંકર ભટ્ટની **કવિતા** આવતી કે, 'તું ખારાજળનો દરિયો, હું મીઠા જળનો લોટો...' પ્યાસ ખારા સમુદ્રથી નહિ, પણ મીઠા લોટાથી છીપાય છે પણ હવે 'મીઠા જળનો ન બચ્યો લોટો; કારણ, જળ બગાડનાર માણસ બન્યો ખોટો.' ધનવાન સમજે છે કે અમે જળ ખરીદીને જીવી લેશું પણ એ ધનવાનોને ખબર નથી કે જળ હશે તો ખરીદશો, જો જળ જ નહિ હોય તો શું ખરીદશો ? તમામ વર્ગને જાગૃત થવાની જરૂર છે, જળને બચાવવાની જરૂર છે, જળનો સદુપયોગ કરવાની જરૂર છે. તરસ લાગશે ત્યારે પીવા માટે ધનવાન અને ગરીબ બંનેને મીઠા પાણીની જ જરૂર પડશે. માટે આવો એક કદમ **'Save Water'** અભિયાન તરફ માંડીએ અને પરમાત્માની બનાવેલી સૃષ્ટિને જીવંત રાખવા કટિબધ્ધ બનીએ. 'संघे शक्तिः कलौयुगे' - કળિયુગમાં સંઘની શક્તિ બળવાન છે, માટે એકજૂથ થઈ જળતત્ત્વનો આદર કરીએ, એના મૂલ્યને સમજીએ.

એક ગામમાં ચાર વર્ષથી **દુષ્કાળ** પડ્યો. વરસાદ બિલકુલ વરસ્યો નહિ, તેના કારણે પશુઓ અને મનુષ્યો પાણી વિના પરેશાન થવા લાગ્યા. આવી મુશ્કેલી જોઈને એક ગામના લોકોએ નક્કી કર્યું કે : ''નાના મોટા સર્વેએ મળીને મંદિરમાં જઈ પ્રભુને **પ્રાર્થના** કરવી તેથી પ્રભુ વરસાદ વરસાવે.'' આ રીતે નક્કી કરી સૌ નરનારીઓ મંદિર તરફ આવવા લાગ્યા. તે સમયે એક નાનો બાળક છત્રી લઈને મંદિરે આવ્યો. તેને જોઈને બીજા લોકો મશ્કરી કરવા લાગ્યા, અને છત્રી લાવવાનું કારણ પૂછ્યું. ત્યારે બાળકે સુંદર જવાબ આપતાં કહ્યું કે - ''વરસાદ થાય તે માટે હું ભગવાન પાસે પ્રાર્થના કરવા આવ્યો છું. હું પ્રાર્થના કરીશ એટલે તુરંત ભગવાન વરસાદ વરસાવશે, એવી મને ભગવાનમાં સંપૂર્ણ **શ્રદ્ધા** છે. વરસાદ આવશે ત્યારપછી ઘેર જતાં હું રસ્તામાં ભીંજાઈ (પલળી) ન જાઉં તે માટે છત્રી લઈને આવ્યો છું.''

આ રીતે બાળક જવાબ આપીને પ્રભુની પ્રાર્થના કરવા લાગ્યો. આવી બાળકની શ્રદ્ધા જોઈને ભગવાને **વરસાદ** વરસાવ્યો. તે જોઈને લોકો આશ્ચર્ય પામી ગયા.

વાર્તા નાની અને સીધી-સાદી છે, પણ બહુ મોટી **સમજણ** આપી જાય છે. જે બાળક નિર્દોષ છે, નિર્દોષનું તો પરમાત્મા સાંભળે છે પણ આપણે બધા કસૂરવાર છીએ. કારણ કે, જળના મૂલ્યને સમજ્યા નથી. આખા દિવસમાં કેટકેટલીવાર જળનો બગાડ કરીએ છીએ એની આપણને પણ ખબર નથી. નાની કાળજી પણ જળસંચય અથવા બચાવ માટે મોટો ફાળો આપે છે. આપણે જળ કેવી રીતે બગાડીએ છીએ એનો નાનો નમૂનો જોઈએ તો સવારે ઊઠી એકબાજુ બ્રશ ઘસતા હોઈએ અને બીજી બાજુ વોશબેસનનો નળ સતત ચાલુ રાખીએ છીએ. ટોઈલેટ ગયા હોઈએ ત્યારે ફ્લશ સતત ચાલુ રાખીએ છીએ. કપડાં ધોઈએ ત્યારે જરૂરતથી વધું જળ બગાડીએ છીએ. સ્નાન એક-બે બાલ્ટીથી પણ થાય, પરંતુ આપણે સ્નાન વખતે બેફામ રીતે પાણી બગાડીએ છીએ. પીવું હોય અડધો ગ્લાસ પાણી પણ આપણે આખો ગ્લાસ ભરી, અડધું પાણી પીને અડધું ફેંકી દઈએ છીએ. વોશબેસનમાં વાસણ સાફ કરતી વખતે નળ સતત ચાલું રાખીએ છીએ. રોજની સાફ-સફાઈમાં અઢળક જળનો બગાડ કરીએ છીએ. બહાર ફરવા જઈએ ત્યારે મીનરલ વોટર લઈ અડધી

બોટલ પાણીનો ઉપયોગ કરી અડધી બોટલ ફેંકી દઈએ છીએ. સ્કૂટર-મોટર સાફ કરવામાં ખૂબ પાણી વેડફીયે છીએ. આમ રોજ અનેક રીતે પાણીનો બગાડ કરીશું પછી પરમાત્મા સામે શ્રદ્ધા અને આત્મવિશ્વાસથી હાથ જોડી ધૂન-પ્રાર્થના કે ભજન કરીશું તો પરમાત્મા કેમ સાંભળશે ?

શ્રદ્ધા-વિશ્વાસની સાથે **સમજણ** જરૂરી છે. સમજણ એ જ જીવનનો આધાર છે. જળ જોઈએ છે ? તો જડ ન બનીએ. જળનો આદર કરીએ. દુબઈ કે આરબના શહેરોમાં ખૂબ તાપ હોવાને કારણે મીઠું જળ સુકાઈ ગયું છે. તેઓ મશીન પ્લાન્ટ દ્વારા ખારા જળને મીઠું બનાવી સમુદ્રનું જળ પીવે છે ત્યારે એમને મીઠા જળની કીંમત થાય છે. જ્યારે આપણા ભારત દેશમાં ત્રણેય મોસમ સરખા પ્રમાણમાં હોવા છતાં આજ સમસ્યા એવી સર્જાઈ છે કે, પાણી માટેના ફાંફા થઈ ગયા છે. આપણો દેશ ગરીબીમાંથી બેઠો થઈ રહ્યો છે. જ્યાં ઘરમાં સળગાવવા માટે ચૂલા નથી ત્યાં મશીન પ્લાન્ટ દ્વારા ખારા જળને મીઠું બનાવી લોકો સુધી પહોંચાડવાની વાત બેબુનિયાદ છે. જે પૃથ્વીગ્રહમાં આપણને જન્મ મળ્યો છે એ ગ્રહને છોડી અન્ય ગ્રહોમાં વસવાટ શક્ય નથી. લોકો મંગળ ગ્રહ સુધી પહોંચ્યા પણ ત્યાં પહોંચીને હારી ગયા કેમ કે મંગળગ્રહની જમીન વસવાટ માટે તો યોગ્ય છે પણ ત્યાં પાણી નથી. જનજીવન માટે ફરી ફરીને વાત પાણી ઉપર આવીને અટકી જાય છે. આસાનીથી મળતા જળને આપણે નજરઅંદાઝ કર્યું એનું જ આ પરિણામ છે કે હાલ પાણીને લઈ દેશની સમસ્યા વધી છે.

અત્યાર સુધી આપણે પાણીનો બગાડ કેમ થાય છે એના મૂળભૂત કારણો અને એ કારણો માટે આપણી બેજવાબદારી વિષે ચર્ચા કરી. પરંતુ હજુ સમય સરક્યો નથી. જળસંચય અને જળ બચાવના માટેના ઉપાયો ઘણા જ છે, જો એ ઉપાયોને જીવંત સ્વરૂપ આપવા આપણે બધા કટિબધ્ધ બનીએ તો ! આવો હવે જળને જનસમાજમાં **જીવંત રાખવા માટેના ઉપાયો** વિષે પણ **ચર્ચા** કરીએ અને એ ચર્ચાને આજથી જ અમલમાં લઈએ.

આપણા ઘરમાં પૈસાની આવક જે પ્રમાણે મર્યાદિત હોય એ પ્રમાણે આપણે કરકસર દ્વારા ઘરની તમામ આજીવિકા રોડવતા હોઈએ છીએ. ખબર છે કે, જરૂરતથી વધારે થયેલ ખર્ચ અથવા તો ફિઝૂલ ખર્ચ મહિનાના અંતે જીવન જીવવા તાણ-ખેંચ ઊભી કરશે. વ્યક્તિ મહેનત કરી પૈસા કમાય છે એટલે એ પૈસાની કિંમત જાણે છે અને પૈસા બચાવવાના તમામ ઉપાય કરે છે. પરંતુ જળ મેળવવા વ્યક્તિને મહેનત નથી કરવી પડતી. કારણ કે, જળ પરમાત્મા આપે છે અને એટલે જ મળેલ જળની વ્યક્તિને કિંમત નથી. જળની અછત બાદ સમસ્યાઓ ઊભી થાય પછી વ્યક્તિ જાગે અને મહેનત આદરે છે ! તો ચાલો હજુ બહુ કાંઈ બગડ્યું નથી. અત્યારથી જ થોડી થોડી મહેનત અને થોડી થોડી આત્મ સમજણથી આ જળ સમસ્યાનો અંત લાવીએ. જળ બચાવવાના નીચે મુજબના **મુદ્દાઓ** ઉપર નજર કરીએ.

૧. ઘર વપરાશ અને જીવન જરૂરિયાત પૂરતું જ જળ વાપરીએ. ઘણીવાર આપણા ઘરમાં નળમાંથી એક-એક ટીપું જળ વહ્યા કરતું હોય છે. યા તો આપણે નળ વ્યવસ્થિત બંધ નથી કર્યો અથવા તો નળ બગડી ગયો છે. જેમાં તુરંત આપણે ધ્યાન નથી આપતા, જેને કારણે ખૂબ પાણીનો વ્યય થાય છે. તો હંમેશાં નળ વ્યવસ્થિત બંધ કરીએ અને ખરાબ નળને જલ્દી રીપેર કરીએ.

૨. ઘરની અમુક સફાઈ જેમ કે, બાહ્ય ઘરની દિવાલો, પાર્કિંગ, મોટરકાર, સ્કૂટર, ગેઈટ, ઓટલા, પગથિયાં, ફળિયું - આ બધું દરરોજ પાણીનો વ્યય કરી સાફ કરવાની જરૂર નથી. અઠવાડિયે એકવાર સાફ થાય તો પણ પાણીનો ઘણો બચાવ થશે.

૩. વૃક્ષો વરસાદ લાવે છે. જે વરસાદનું પાણી જમીનમાં ઊતરે છે અને જળસંચયનું પ્રમાણ વધે છે. જે આપણને જ કામ લાગે છે માટે વૃક્ષોને વાવીએ અને બચાવીએ. વૃક્ષોનો ઉછેર કરીએ.

૪. જળસંચય માટે કૂવા, વાવ, નહેર, તળાવ, સરોવર વગેરે માટેના રાહતકામ શરૂ કરીએ. ગામડે-ગામડે અને શહેરોમાં આવા રાહતકામના કાર્યો શરૂ કરીએ. જેનાથી **જળસંચય** થશે, જળસંચય **જીવનસંચય** કરશે.

૫. ઘણીવાર એવું બનતું હોય છે કે, નદી-તળાવમાં પાણી તો છે પણ એ પાણીને આપણે જ કૂડા-કચરા ફેંકી ગંદકી ફેલાવી બગાડી નાંખતા હોઈએ છીએ. જેથી એ જળ ઉપયોગમાં આવી શકતું નથી. માટે જળાશયો, તળાવ, નદી વગેરે સ્થાનોને સ્વચ્છ અને નિર્મળ રાખીએ. જેથી એ જળ આપણને જ ઉપયોગી બને.

૬. કહેવાય છે કે પરમાત્મા રાજી તો જીવન આબાદ. જળ આવકના જેટલા સ્રોત છે એ દરેક સ્રોતનું યથાર્થ જતન કરીએ. પરમાત્માને મોજ વરસવાનો મોકો આપીએ. જે રીતે વાહનોના ધુમાડા, ગંદકી, વૃક્ષોનો નાશ, પ્રદૂષિત હવાનો ફેલાવો થઈ રહ્યો છે એ રીતે તો પરમાત્મા ક્યારેય આપણા ઉપર રાજી નહિ થાય. માટે ઉપરોક્ત દરેક વાતની તકેદારી રાખી પરમાત્માને પ્રસન્ન કરીએ. જો ભગવાન સાથે તો સુખમય જીવન આબાદ.

૭. એ સત્ય છે કે, મકાન, બિલ્ડીંગ, મોલ વગેરે કન્સ્ટ્રક્શન કામમાં લોકો એને મજબુત બનાવવા જળ ખૂબ વાપરે છે. મજબુત ઈમારત જરૂરી છે પણ ઘણીવાર જરૂરતથી વધારે માત્રામાં લોકો જળનો બગાડ કન્સ્ટ્રક્શન કામમાં કરતા હોય છે. જો દરેક કન્સ્ટ્રક્શન કાર્યો ચોમાસાની ઋતુમાં થાય તો ઘણું સારું છે પણ જળ સમસ્યાના કપરા સમયમાં પણ આ કાર્યો થતા રહેશે અને જળનો બગાડ થતો રહેશે તો જળ સમસ્યાનો અંત નહિ આવે. માટે ઈમારત જરૂરી છે પણ સાથે જળનો બગાડ ન થાય એ જોવું પણ જરૂરી છે.

૮. ઘણા લોકો ઘરમાં પાણીને શુદ્ધ બનાવવા ફિલ્ટર મશીન રાખે છે. જેનાથી ક્ષારના પ્રમાણયુક્ત જળ જુદું નીકળી જાય છે અને શુદ્ધ જળ અલગ નીકળી જાય છે. જે શુદ્ધ જળનો તો આપણે રસોઈ બનાવવા કે પીવામાં ઉપયોગ કરતા હોઈએ છીએ, પરંતુ ક્ષારયુક્ત જળ લોકો ઉપયોગ નથી કરતા અને ફેંકી દે છે. એમ કરવું મોટું નુકસાન છે. જે જળનો આપણે ઉપયોગ ન કરી શકતા હોઈએ એવા જળને વૃક્ષોને પીવડાવીએ, ઘરની અન્ય સાફ-સફાઈમાં ઉપયોગમાં લઈએ. જેથી ક્ષારયુક્ત જળનો પણ **સદુપયોગ** થાય.

આપણું શરીર પંચમહાભૂતનું છે. આ પાંચમાંથી એક તત્ત્વ છે જળ. શ્રાવણી વર્ષામાં ઝરમરતા જળમાં જે તાજગી, શીતળતા અને

આહ્લાદકતા છે, એ પંચમહાભૂતના બીજા કોઈ તત્ત્વમાં નથી. આયુર્વેદમાં કહેવાયું છે કે, આપણું શરીર પંચમહાભૂતોથી બનેલું છે. આ પંચમહાભૂતો તે પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ. આ પાંચમાંથી માત્ર જળને જીવનનું નામ અપાયું છે એટલે કે **જળ એ જ જીવન** છે. આપણી પૃથ્વીની ઉપર વાયુ કરતા જળનું જ વધારે મહત્ત્વ છે. પાણીમાં તાજગી છે, શીતળતા છે, જે જીવન તત્ત્વ છે. તે નથી અગ્નિની જ્વાળામાં કે નથી વાયુના ઝંઝાવાતમાં.

આપણા સાહિત્યના ગ્રંથોમાં સ્થાન ભેદથી પાણીના અનેક **પર્યાયો** અથવા **નામ** દર્શાવ્યા છે. ગંગા, યમુના, નર્મદા, કાવેરી, ગોદાવરી જેવી નદીઓના જળને **નાદ્ય** કહેવાય છે. નીચેથી જમીન તોડીને આવતા વહેતા પાણીને ઔદભિક કહેવાય છે. પર્વતના પેટાળમાં ખળખળ વહેતા જળના પ્રવાહને **નિર્ઝર** કહેવાય છે. સરોવરના પાણીને સારસ, તળાવના પાણીને તાડાગ, વાવના પાણીને વાપ્ય. નાના તળાવના પાણીને પલ્વલ, કૂવાના પાણીને કૌપ કહેવાય છે. આમ જળ તો એકનું એક પણ સ્થાન વિશેષ પ્રમાણે તેના નામ પડ્યા છે અને આ સ્થાન પ્રમાણે એ જળના ગુણોમાં પણ ફેર પડે છે.

પાણી જ્યાં જ્યાં વહે છે ત્યાં ત્યાં શીતળતા અર્પે છે. શૈત્ય અથવા શીતળતા એ જળનો **સર્વશ્રેષ્ઠ ગુણ** છે, સ્વભાવ છે, પાણી જીવન છે એટલે એના વિના માનવી રહી શકે નહિ. આ માનવીએ જ્યાં જ્યાં પાણીની સગવડ જોઈ, ત્યાં ત્યાં પોતાનો વસવાટ સ્થિર કર્યો. જગતની મોટી સંસ્કૃતિઓ પાણીવાળા પ્રદેશોમાં જ પાંગરી. નદીઓના કાંઠે નગરો અને તીર્થો સ્થપાયા એ સૂચવે છે કે, જળ એ જ જીવન છે. રણને જો નદીઓના મોટા મોટા બંધની નહેરા દ્વારા લીલાછમ બનાવવામાં આવે તો એ પણ માનવોથી ભરાવા લાગે. સ્નાન દ્વારા **બાહ્ય શુદ્ધિ** અને પાન દ્વારા **આંતરિક તૃપ્તિ** આપનાર પાણી, પોતાના દર્શન માત્રથી માણસને આનંદ આપે છે. પ્રાતઃકાળના શૌચવિધિથી આરંભી ડગલે ને પગલે આપણને પાણીની જરૂર પડે છે. આપણા શરીરમાં આહારને પચાવવા તેમજ તેનાથી લાગતી તૃષા-તરસને શાંત પાડવા વારંવાર જળની જરૂર પડે છે. શરીરની સ્વચ્છતા પાણી વગર શક્ય નથી. પાણી ત્વચાના અનેક રોગોથી મનુષ્યને બચાવે છે. તેથી ઋતુ વિશેષને અનુસરીને માણસ શીત કે ઉષ્ણ પાણીનો આશરો લે છે. વળી શ્રમિત મનુષ્યોના શ્રમને દૂર કરનારું હોવાથી શ્રમહારી ઉપયોગમાં એને અગ્રસ્થાન અપાયું છે. નિદ્રા, તંદ્રા, આળસ, સુસ્તી, થાક વગેરેનું નિવારણ પણ જળસ્નાનથી થઈ શકે. એટલે તો નદી સ્નાન અને સમુદ્ર સ્નાનના પુણ્યોના સૂત્રો આપણા દેશમાં અસ્તિત્વમાં આવ્યા છે. બહોળા પાણીના અને તે પણ વહેતા પાણીના સ્નાન દ્વારા મનુષ્ય ગમે તે પુણ્ય કમાતો હોય, પણ શારીરિક અને માનસિક તાજગી તો જરૂર કમાય છે.

પ્રાતઃકાળના પાણીમાં નિર્મળતા અને શીતળતા અધિક રહે છે. એટલે જ તો બધા ભૂમિ જળોને ઉષા કાળે ભરી લેવાનું કહેવામાં આવે છે. દિવસે સૂર્યના કિરણોથી અને રાતે ચંદ્રના કિરણોથી સ્પષ્ટ જળ રૂક્ષતા તથા અભિષ્યાંદિ ગુણોથી રહિત હોય છે. એ ગગનાંબુ જેવું ગણાય છે. વરસાદમાં સ્વચ્છ પાત્રમાં એકઠું કરેલું આંતરિક્ષ જળ ત્રિદોષનાશક, બળવર્ધક, મેધાવર્ધક, રસાયન અને શીતળ છે. આકાશ ગુણ ભૂપિષ્ટ ભૂમિ પરનું પાણી આંતરિક્ષ જળ જેવું જ છે, એવું શુદ્ધ જળ શ્રમને દૂર કરનાર, કલાન્તિનાશક, મૂર્છા તથા તૃષાને દૂર કરનાર, તંદ્રા, વમન અને વિબંધ કબજિયાતને મટાડનાર, બળ આપનાર, તૃપ્તિકારક, હૃદ્ય, અવ્યક્ત રસવાળું, અજીર્ણ શામક, સદા હિતકર શીતળ, લઘુ, સ્વચ્છ, બધા રસોનું કારણ અને અમૃત સમાન જીવનદાયી છે.

આપણા શરીરમાં જળનો અંશ અધિક છે. શરીર જ નહિ, પૃથ્વી ઉપર પણ જમીનથી જળ અધિક છે. જળનો જીવન સાથે અપરિહાર્ય સંબંધ છે. જળ જ અંગોનું નિર્માણ કરે છે અને સ્વસ્થ બનાવે છે તથા શરીરની અંદરથી મળ, મૂત્ર અને સ્વેદ દ્વારા કચરો બહાર કાઢે છે. શરીરની રક્તવાહિનીઓ, મેદ, પેટ અને મસ્તિષ્કના કચરાને બહાર કાઢવાનું પ્રમુખ કાર્ય જળ કરે છે.

આપણા શરીરના વજનમાં લગભગ ૬૦ થી ૭૦ ટકા જળ જ છે. શરીરમાં જે આગ અથવા શારીરિક દહન ક્રિયાઓ, નિરંતર પ્રજવળતી રહે છે. તેનાથી જળ આપણી રક્ષા કરે છે. આપણા શરીરની અંદર સતત ચાલતી રાસાયણિક પ્રક્રિયા અને શારીરિક પરિશ્રમ વગેરેથી એટલી ઉષ્મા-ગરમી ઉત્પન્ન થાય છે કે, આ ઉષ્માથી આપણું શરીર બળીને ભસ્મ જ થઈ જાય. પરંતુ આપણા શરીરના જીવ કોષોમાં રહેલું જળ આવશ્યક્તાથી અધિક તાપ-ઉષ્માનું શોષણ કરી લે છે. આહારની જેમ જળ પણ શરીરને માટે અત્યંત આવશ્યક છે. સામાન્ય મનુષ્ય એક દિવસમાં લગભગ ચારથી છ લીટર જળ અથવા અન્ય પેય પીવે છે. ખાદ્ય પદાર્થો દ્વારા પણ લગભગ એક લીટર જળ શરીર પ્રાપ્ત કરે છે. એવી જ રીતે ચોવીસ કલાકમાં લગભગ બે થી ચાર લીટર મૂત્ર રૂપે જળ બહાર ફેંકાય છે તથા એક થી બે લીટર જળ ત્વચાના છિદ્રો દ્વારા બહાર ફેંકાય છે. તે પરસેવારૂપી જળ જ છે.

આપણને જળની કેટલી અને ક્યારે આવશ્યકતા છે ? એ સ્વયં જણાઈ આવે છે. ગળું સુકાવાથી તૃષા લાગે, વાસ્તવમાં એનો સંકેત રક્તલોહીમાંથી મળે છે. તૃષાનો અનુભવ આપણને શિરાઓ અને જ્ઞાનતંતુઓ દ્વારા થાય છે. તૃષાના શમન માટે આપણે જળ પીએ છીએ અને આ રીતે પરસેવા સ્વેદના રૂપે નીકળેલા જળની પૂર્તિ થાય છે. આ ક્રિયા જીવનપર્યંત થાય છે.

ભારતમાં સૌથી સારો વરસાદ આસામના ચેરાપુંજી, હિમાચલ પ્રદેશના શિમલા અને ગુજરાતના આહવામાં થાય છે. પરંતુ **કડવી વાસ્તવિક્તા** એ છે કે, આ ત્રણેય સ્થળે પીવાના પાણીની તંગી છે. એનો અર્થ એ થાય કે, પરમાત્મા જેટલું આપણને આપે છે એટલું ઝીલતા કે સાચવતા આપણને નથી આવડતું. પાણી અંગે એવી સ્થિતિ છે કે, સદીઓ બદલાતી રહે છે પણ **સમસ્યા** યથાવત્ રહે છે.

આજે પાણીની વાત કરવી છે ત્યારે ધરતી ઉપરની કેટલીક વાસ્તવિક વાતો વણી લેવી છે. આપણને પાણી વાપરતાં નથી આવડતું બગાડતાં જ આવડે છે. જો ઝીણવટથી જોવામાં આવે તો આપણે વોશબેસિનમાં સવારે ઊઠીને મોઢું ધોઈએ અને કોગળા કરીએ તે પ્રક્રિયા દરમ્યાન ખૂબ પાણી બગડતું હોય છે. કેવી રીતે ? તો નળ ખોલ્યા પછી ખોબો ભરીએ અને એ ખોબો ઊંચો કરીને મોં પર ઠાલવીએ અને પુનઃ ખોબો ભરવા માટે નળ પાસે જઈએ તેની વચ્ચેના

ગાળામાં વોશબેસિનનો નળ ચાલુ જ હોય છે. આ બગાડ જો ધ્યાનમાં લઈએ તો દરેક વ્યક્તિ વર્ષ દરમ્યાન અનેક ગેલન પાણી વેડફે છે. અરે, સાબુથી હાથ ધોતી વખતે હાથ ચોળવાની પ્રક્રિયા દરમ્યાન પણ નળ વહેતો રાખીએ છીએ. આ માત્ર પાણીનો નહીં પણ રાષ્ટ્રનો પણ બગાડ છે. પણ આપણને એ સમજાતું નથી.

પાણી અંગે ગુજરાતમાં ભરપૂર અસમતુલા છે. એવાં શહેર અને ગામો છે કે, જ્યાં એક અઠવાડિયામાં માંડ એક યા બે કે ત્રણ દિવસ જ પાણી આપવામાં છે. કેટલાક ગામ એવા છે કે, જ્યાં નગરપાલિકા કે નગરપંચાયત ઉનાળામાં પાણી આપવાનું સાવ બંધ કરી દે છે. અને માતાઓ, બહેનો અને દીકરીઓએ ઓછામાં ઓછું એક કે બે કિ.મી. ચાલીને પાણી ભરવા જવું પડે છે.

આપણા તંત્રની અવ્યવસ્થાને કારણે લોકો (પાણીના) સંગ્રહખોર બને તો તેમાં તેમનો દોષ ન હોઈ શકે. અનેક શહેરો અને ગામોમાં નર્મદાના જળ પહોંચ્યા પછી પાણ આજે પાણીની તંગી યથાતથ છે. એ શું સૂચવે છે ? આપણી અવ્યવસ્થાપન શક્તિ.

સાચું ખોટું તો ભગવાન જાણે પણ એક જાણકારનું કહેવું છે કે, ભાવનગર શહેરમાં આમજનતાને પાણી પૂરું પાડવા માટે પાણીની પાઈપ લાઈનનો વાલ્વ ખોલવામાં આવે છે. આ વાલ્વ ખોલનારને પાણીના કોન્ટ્રાક્ટરો ફોડી નાંખતા હોય છે. એ વાલ્વ ખોલનાર મજૂરને એ રાજી થાય એટલા પૈસા આપી પાણીનો વાલ્વ ધીમો ખોલવાની સૂચના આપે. અને નિશ્ચિત સમય કરતાં થોડુંક વહેલું બંધ કરી દેવાની સલાહ પણ આપે. પરિણામે પ્રજાને પાણીનો પુરવઠો ઓછો મળે અને અપૂરતા જળના જથ્થાથી પીડાતા લોકો આફૂરા ટેન્કર મગાવે. રાજકારણ ખેલવામાં પાવરધા લોકો આ સાંઠગાંઠથી અજાણ હોય એવું માનવાને કારણ નથી. પણ 'આંખ આડા કાન' કરવામાં આવતાં હોય છે.

જળનો અભાવ કોઈ મોટા શહેરે જોયો હોય તો તે માટે **રાજકોટ**નું નામ લેવું પડે. ૧૯૮૪-૮૫માં તો રાજકોટને પાણી પૂરું પાડવા માટે સ્પેશ્યલ રેલ્વે ટ્રેન દોડાવવી પડી હતી. પણ રાજકોટ શહેરની એક **વિશિષ્ટતા** સમજવા જેવી એ છે કે, એ શહેરમાં પાણી માટે ક્યારેય મોટી મારામારી કે ખૂન-ખરાબા નથી થયાં. પાણીની કારમી તંગી એ શહેરે ભોગવી છે અને ભોગવી રહ્યું છે તોપણ તેના રંગીન મિજાજમાં તેની કોઈ અસર જણાતી નથી. લગ્ન, સામાજિક પ્રસંગો, મેળાવડાઓ કે બેઠકોમાં ભેગા થતાં લોકો પાણીનો કકળાટ કરતાં સંભળાતા નથી.

પાણી એ કોઈપણ સરકારની પ્રથમ પ્રાયોરિટી હોવી જોઈએ. પણ કમનસીબે આપણે ત્યાં પાણીને કોઈ પ્રાયોરિટી જ નથી. નહીંતર પાણીની પણ ચોરી થાય એવી પરિસ્થિતિ પેદા જ ન થઈ હોત. આપણે ત્યાં તો સિંચાઈ માટે અનામત રખાતું પાણી પીવા માટે આપી દેવું પડે છે. એ આયોજનના અભાવની ઘટના છે. પણ વાંક એકલી સરકારનો કાઢવાથી પાર નહીં આવે. સરકાર અને સમાજ સંયુક્ત રીતે કશુંક કરશે તો પરિણામ આવશે. ચાલો, 'જાગ્યા ત્યારથી સવાર' એવું સમજીએ અને આપણાથી શરૂઆત કરીએ.

**'ટળવળે તરસ્યાં, ત્યાં જ વાદળી વેરણ બને;**
**તે જ રણમાં ધૂમ મૂશળધાર વરસી જાય છે.'**

કવિ કરસનદાસ માણેક

એક યુવાને પોતાની બધી મૂડી ખર્ચીને હેન્ડ પંપ લગાવવા માટે બોર કરાવ્યો. બોર માટે સાતસો ફૂટ ખોદાણ કરવા છતાં પાણી ન નીકળ્યું. બધી મૂડી ખર્ચાઈ ગઈ અને પાણી ન મળ્યું તેથી હતાશ થઈને એ યુવાને જાતે ફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી. પાણીની તંગીની કે બચાવની વાતો કરતી વખતે આપણાંથી મોટાભાગનાને પાણી વિષે ખરો આઈડિયા ભાગ્યે જ હોય છે. શહેરમાં રહેતા અને નળ ખોલતાં જ પાણી આવે એવી સગવડ ધરાવતા લોકોને નાના નગરમાં કે ગામમાં રહેનાર નાગરિકોને ઉનાળામાં પાણીનો એક-એક ગ્લાસ માપીને, ગણીને પીવો પડે છે. કોઈ બે ઘૂંટડા પાણી પણ ફેંકતું નથી. નહાવાના સાબુવાળા પાણી વડે વાસણ ઉટકવા અને વાસણ કપડાંના પાણીને બગીચામાં જવા દેવાનું આયોજન આવશ્યક થઈ પડે છે. કારણ કે, સંખ્યાબંધ ગામોમાં પાણી અઠવાડિયે એકવખત મળે છે. એની સામે મોટાં શહેરોમાં લોકો પોતાના બંગલાના કમ્પાઉન્ડ રોજે રોજ પાણીથી ધૂએ છે, એ પાણીનું રોડ ઉપર ખાબોચિયું ભરાઈ રહે છે.

પાણીની તંગી દિવસે દિવસે વધતી જાય છે, વકરતી જાય છે અને અભ્યાસુઓ કહે છે કે, ત્રીજું વિશ્વ યુદ્ધ જો થશે તો એનું કારણ પાણી જ હશે. ઘણાને લાગે છે કે પૃથ્વીની ૭૦ ટકા સપાટી પર પાણીના મહાસાગર ઘૂઘવતા હોય તો પાણીની તંગીની ક્યાં વાત કરવી ! આરબો થોડાં વર્ષ પહેલાં સુધી એમ જ માનતા હતા. લખલૂંટ નાણાં કમાવા લાગેલા આરબોએ મહાસાગરના ખારા પાણીમાંથી બાષ્પીભવન પ્રક્રિયાથી મીઠું પાણી બનાવવાના યંત્રો પાછળ ખોબલે ખોબલે નાણાં ખર્ચ્યાં. પરંતુ એ પાણી એટલું મોઘું જ પડે છે કે, એ રીતે મળેલું પાણી ટીપેટીપું ગણીને જ વાપરવું પડે.

પૃથ્વી પર ૭૦ ટકા સપાટી ઉપર પાણી (સમુદ્ર-સરોવરાદિ રૂપે) છે, પરંતુ એ પાણી પૃથ્વીના કુલ દળના ૧૪.૮ ટકા જ છે. એટલા અમથા પાણીમાંથી પણ ૯૭.૨ ટકા પાણી મહાસાગરોમાં હોવાથી ખારું છે. એ કશા કામનું નથી. બાકી રહેલું ૨.૮ ટકા પાણી આપણા કામનું છે. એને જ બચાવવાની વાત છે. એમાંથી ૬૮.૭ ટકા પાણી ઉત્તર અને દક્ષિણ ધ્રુવ પર હિમના પર્વતોરૂપે સંઘરાયેલું છે. બાકીના ૩૧.૩ ટકા પાણીમાંથી ૩૦.૧ ટકા પાણી ભૂગર્ભજળ છે. એટલે કે, ધરતીની અંદર ૧૫ ફૂટથી ૧૫ કિલોમીટર ઊંડે સુધી સંઘરાયેલું છે.

હવે બચ્યું કેટલું ? પેલા ૨.૮ ટકા પાણીને ૧૦૦ ટકા ગણો તો એમાંથી ૧.૨ ટકા પાણી જ આપણી આસપાસ ફરતું રહે છે. તમામ નદીઓમાં, સરોવરોમાં, વરાળરૂપે હવામાં, રેતી-માટીના કાદવોમાં, ધરતીમાં ભેજરૂપે, ધરતીની સપાટી પર પાતળા બરફ અને તેની નીચેની ભીનાશરૂપે તથા તમામ જીવ તથા વનસ્પતિના શરીરમાં જે પાણી છે એનો સરવાળો કરીએ તો, કુલ પાણીનો અડધો ટકો પણ માંડ થાય. એ પાણી વરાળ, ભેજ, પ્રાણી-વનસ્પતિ, બરફ, નદી, સરોવર, તળાવ રૂપે આમતેમ ફરતું રહે છે. ઘણું બધું મહાસાગરોમાં જાય છે અને સૂર્યથી ગરમ થઈ વરસાદરૂપે પાછું આવે છે. આ બધી પ્રક્રિયા સતત ચાલતી રહે છે, છતાં એનું પ્રમાણ તો આટલું જ રહે છે.

બસ, એને જ આપણે બચાવવાનું છે.

આ બધું પાણી એક સ્થળે એકઠું કરીએ તો ૧.૦૬ કરોડ કિલોમીટર લાંબો, એટલો જ પહોળો અને એટલો જ ઊંચો ઘન એટલે કે ક્યૂબ બને.

પાણી બચાવવાના ઉપાય ૭૦૦ વર્ષ જૂના અમદાવાદ શહેરના લોકો જડબેલાક રીતે જાણતા હતા. એ જમાનામાં બનેલી પોળોના દરેક ઘરમાં ચોમાસાનું બધું જ પાણી તાંબાની પાઈપો વાટે ઘર વચ્ચે બનાવેલા ચોક નીચે એક ટાંકીમાં એકઠું થાય અને એમાં ગોઠવેલા કાંકરા, કોલસા, રેતી વગેરેમાં ગળાઈને ઘરની નીચે આખા ઘરના માપના પથ્થરના વિશાળ ટાંકામાં ભરાય એવી ગોઠવણ કરવામાં આવતી. એવી ગોઠવણ આજે આપણે કરી શકીએ. ઘરની નીચે ટાંકો ન બનાવવો હોય તો મોટો ખાડો ખોદીને પ્લાસ્ટિકનો ટાંકો ગોઠવી શકાય.

શેરી કે સોસાયટીનું પાણી જ્યાં ભેગું થતું હોય એ સ્થળે ભૂગર્ભમાં વિશાળ ટાંકો બનાવી લેવાય. વરસાદનું પાણી પથ્થર, કાંકરા, કોલસા, રેતીના ગરણાવાળી ટાંકીમાં થઈ એ ટાંકામાં જાય એવી વ્યવસ્થા કરી શકાય. ઉનાળામાં શેરી અને સોસાયટીના લોકો એ પાણી વાપરી શકે.

પાણીનો સંગ્રહ કરવા માટે ભૂગર્ભ સૌથી શ્રેષ્ઠ ગણાય છે. સોસાયટીના નીચાણવાળા વિસ્તારમાં પાણી ગાળવાની પથ્થર, કાંકરા, કોલસા, રેતીના ગરણાવાળી ટાંકી બનાવી, પાણી એમાં જવા દેવામાં આવે અને ત્યાંથી નીકળતું પાણી સીધું ધરતીના પેટાળમાં જાય એ માટે મોટો બોરવેલ કરવામાં આવે તો, વરસાદનું પાણી શુદ્ધ થઈ બોરવેલ વાટે સીધું ભૂગર્ભજળમાં ભળી જાય. ભૂગર્ભજળ વધતું જાય તો બોર વાટે કે કૂવા દ્વારા પાણી મેળવવાનું થાય ત્યારે એ પાણી ઉપયોગી બને. કુદરતી રીતે ધરતીની ફાંટમાંથી, ખડકોની ફાંટમાંથી, ચૂનાના ખડકો જેવા છિદ્રાળુ ખડકોમાંથી વરસાદનું પાણી આ રીતે જ ગળાઈને ભૂગર્ભ સુધી પહોંચે છે, પરંતુ એ રીતે ખૂબ ઓછું પાણી ભૂગર્ભમાં જાય છે.

ગામોમાં નીચાણવાળા ભાગમાં તળાવો ખોદાવીને પાણી સંઘરવાથી ઉનાળામાં વાપરવા મળે તથા ભરાઈ રહેલું પાણી ધીમે ધીમે ભૂગર્ભમાં પણ ઊતરતું જાય છે. એ રીતે નદી, નહેરોમાં વચ્ચે સિમેન્ટ-કોંક્રિટ વડે, રેતીના કોથળાઓ વડે અથવા માટીના પાળા બનાવીને એકથી ત્રણ ફૂટના આડબંધ બનાવી શકાય. એથી વહી જતું પાણી ઠેકઠેકાણે ભરાઈ રહે. જ્યાં ભરાઈ રહે ત્યાંના લોકો સિંચાઈ અથવા ઘરવપરાશમાં એ પાણી લઈ શકે. ભરાઈ રહેવાથી ઘણું બધું પાણી ભૂગર્ભમાં પણ ઊતરે. આ રીતે ઠેકઠેકાણે પાણીને રોકી રાખવાની અને તેને ગાળીને ભૂગર્ભમાં ઉતારવાની ગોઠવણ કરવાથી ચોમાસામાં વહી જતું અને નદી-નાળાં વાટે મહાસાગરોમાં ઠલવાઈ જતું અથવા રેતાળ પ્રદેશોમાં વિલીન થઈ જતું પાણી ચોમાસા પછી વાપરી શકાય, ભૂગર્ભમાં એકઠું કરી શકાય. નદી-તળાવોમાં ગરણાવાળી ટાંકી ધરાવતા સંખ્યાબંધ બોરવેલ બનાવી શકાય.

તળાવ, સરોવર જેવા જળાશયોમાં ભરાયેલું પાણી સૂર્યના તડકાથી બાષ્પીભવન થાય તો વરાળ બની હવામાં ઊડી જાય છે. એ રીતે પાણી વેડફાતું બચાવવા માટે જળાશયોમાં પ્લાસ્ટિકના હજારો દડા તરતા મૂકી શકાય.એ પાણીની સપાટીનો મોટો ભાગ ઢાંકી દેશે એટલા પાણી પર તડકો પડશે જ નહીં, એની વરાળ બનશે જ નહીં.

ખેતીમાં પાણી વાપરવાનું થાય તો દરેક છોડ વૃક્ષને ચોક્કસ માપથી પાણી મળે એવી ડ્રિપ ઈરીગેશન પદ્ધતિ વાપરી શકાય. કેટલાક પાકમાં સ્પ્રિન્કલર (છાંટણયંત્ર) પણ વાપરી શકાય. ખેતરમાં પાણી ફેરવવા માટે ખુલ્લા ધોરિયા બનાવવાને બદલે પાઈપ વાપરી શકાય.

આ બધા ઉપાય સામુહિક રીતે અને વહીવટી તંત્રની મદદથી કરી શકાય એવા છે. વ્યક્તિગત રીતે તમે ઘરમાં પાણીનો નળ પાંચ સેકન્ડ માટે પણ નકામો ચાલુ ન રહે એનું ધ્યાન રાખો. નળ લીક થતો હોય તો તરત રીપેર કરાવો. ઘરના નળ ધીમી ગતિના લગાવો. એથી આપોઆપ પાણીનો વપરાશ ઓછો થઈ જશે. પીવા જેટલું જ પાણી ગ્લાસમાં ભરો. કપડાં-વાસણ ધોવામાં વપરાયેલા પાણીને ફૂલછોડમાં વાપરો. નહાવા માટે પાણી માપીને વાપરો. દિવસ દરમ્યાન જ્યાં પણ પાણી વાપરો એનું એક ટીપું પણ વેડફાય નહીં એનું ધ્યાન રાખો.

જો આજે આટલું નહીં કરીએ તો આજના આપણા કુમળા બાળકો યુવાન થશે ત્યારે, એમને પાણી વિના જ ચલાવવું પડશે. એક એક ટીપાં પાણી માટે ઝઝૂમવું પડશે.

ક્યારેય વિચાર્યું છે કે, પનિહારીનો કન્સેપ્ટ મુખ્યત્વે ફક્ત આપણા દેશની ભાષાઓ-બોલીઓ અને સાહિત્યમાં જ કેમ છે ? પનિહારી માટે ચોક્કસ અંગ્રેજી શબ્દ કેમ નથી ? કારણ કે, સવારે વહેલા ઊઠી ચારો-નીરણ ધર્યા પછી, વાસીદું-રસોઈ કર્યા પછી, ધોમધખતા તાપમાં, માથા ઉપર કેટલાય લીટરનો ભાર ઊંચકીને કેટલાય કિલોમીટર સુધી પાણી ભરવા જવું પડે તેવી અમાનવીય સ્થિતિ આપણા દેશમાં વધુ જોવા મળે છે. મરીચિકા-મૃગજળ-ઝાંઝવા ઉપર આપણે ત્યાં જેટલી કવિતાઓ કે ગઝલો લખાઈ હશે એટલા પ્રમાણમાં જગતની બીજી કોઈપણ ભાષામાં લખાઈ હશે એ માનવું કઠિન છે. બીજા પણ અમુક દેશોમાં પાણીનો દુકાળ છે, પરંતુ તે મોટા ભાગે રણપ્રદેશ કે ઉજ્જડ વિસ્તારમાં વસેલા પ્રદેશો છે. વનરાજીથી ફૂલ્યાફાલ્યા ભારત દેશમાં બંગાળના દુકાળથી લઈને સૌરાષ્ટ્રની પાણીની તંગી સુધી, કાશ્મીરના સિંધુ વોટર પ્રોબ્લમથી લઈને વાયા રાજસ્થાન હૈદરાબાદના જળસંકટ સુધી આપણે સદીઓથી પાણીની ખેંચમાં છીએ. આવું કેમ ?

આ સવાલનો જવાબ મેળવતા પહેલાં થોડી **રસપ્રદ હકીકત** જાણીએ. સમસ્ત બ્રહ્માંડમાં માનવમગજ, ગુજરાતીમાં કહીએ તો હ્યુમન બ્રેઈન જેટલી સંકીર્ણ રચના બીજી એક પણ નથી. બ્રહ્માંડમાં જેટલા તારા નહિ હોય એનાથી વધુ તમારા દિમાગના ચેતાકોષો વચ્ચે પરસ્પર જોડાણ છે. આખા વિશ્વની સૌથી વધુ જટિલ રચના આપણે સાથે લઈને ફરીએ છીએ. એવું જ પાણીનું છે. પાણીની સાથે જ આપણો દિવસ ઊગે છે. પાણી બહુ સહજ છે આપણા માટે, પણ આપણે પાણી વિષે ખાસ નથી જાણતા. વિજ્ઞાન પણ પાણીને બહુ રહસ્યમય પદાર્થ ગણાવે છે. સાયન્સ આટલું આગળ વધ્યું છતાં

પાણી વિષે આપણું જ્ઞાન નહિવત્ છે. **દા.ત.** જેમ પદાર્થ ઠંડો થાય એમ સંકોચાય, પણ પાણીનો બરફ થતાં એ ફૂલે છે કેમ ? એનો જવાબ કોઈ પાસે નથી. માટે જ બરફ પાણી ઉપર તરે છે. જો બરફ પાણી ઉપર તરતો ન હોત તો આપણે મનુષ્યો પેદા જ ન થયા હોત. (કારણ કે, હિમયુગ આવતાં બરફ ડૂબી જાય અને સમુદ્રના તળિયે રહેલી જીવસૃષ્ટિ ખલાસ થઈ જાય.) યાદ રાખો, જીવની ઉત્પત્તિ પાણીમાં થઈ છે. પાણી જેવી જ રચના ધરાવતા બીજા પદાર્થો ઓરડાના તાપમાને વાયુ સ્વરૂપમાં હોય છે તો પાણી કેમ લિક્વિડ છે ? ખાસ તો, પાણી યાદશક્તિ ધરાવે છે. આ કોઈ ગપગોળા નથી, પરંતુ અનેક વખત પ્રયોગો ઉપરથી સાબિત થયું છે કે 'વોટર ડઝ હેવ મેમરી.' એક જ જગ્યાએ પાણી ભરેલા બે ગ્લાસમાંથી એક ગ્લાસ તરફ દયા-કરુણા અને પ્રેમથી જોવામાં આવે અને બીજા ગ્લાસ તરફ ગુસ્સા અને તિરસ્કારની ભાવનાથી થોડીવાર સુધીમાં જોવામાં આવે અને પછી તે બંને ગ્લાસના પાણીનું પૃથક્કરણ થાય તો પાણીના અણુઓમાં ગજબનાક ફરક જોવા મળે છે. પાણી 'ઈરીટેટ' થાય છે. પાણીને 'ડિસ્ટર્બન્સ' નથી ગમતું. કોઈપણ વસ્તુ આપણા રસોડાનું માટલું કે દરિયામાં તરતું એરશીપ, પાણીના અમુક પ્રકારના બંધારણને ચેન્જ કરે છે અને પાણી એ ભૂલતું નથી. અત્યંત નાટકીય લાગે એવો એક બનાવ ઈતિહાસમાં બનેલો છે કે, એક દેશના મંત્રીઓની મીટિંગમાં બધા પાણી પીવાના લીધે મરી ગયા, પાણીમાં ઝેર ભેળવેલું ન હતું કે, તેઓએ હદઉપરાંત પાણી પણ પીધું ન હતું, તોપણ !

આવું બધું જાણીને એમ લાગે કે, પાણીમાં જીવ પેદા થયો કે પાણી ખુદ સ્વયં એક જીવ છે ? આપણને નથી ખબર, વિજ્ઞાન નથી જાણતું. એટલે જ તો દુનિયામાં દરેક ધર્મમાં, દરેક પ્રદેશની સંસ્કૃતિમાં, દરેક વિધિ-વિધાનોમાં પાણીનું મહત્ત્વ આગવું છે.. જે વસ્તુના જવાબ તર્ક વડે કે વિજ્ઞાન દ્વારા ન આપી શકાતા હોય તે તરત ધર્મમાં આવી જાય છે એવું ધર્મનું વિજ્ઞાન કહે છે. ઝમઝમથી લઈને ગંગાના પાણી સુધી, દેવોને પાણી ચડાવવાથી લઈને તુલસી ક્યારે પાણી રેડવા સુધી કે સૂર્યને પાણીની અંજલી આપવા સુધી પાણીનું સતત મહત્ત્વ છે. ટૂંકમાં વિજ્ઞાન જ્યાં નથી પહોંચી શકતું તે પાણી અને બીજી તરફ દરેક ધર્મ જેને અત્યંત પવિત્ર ગણે છે તે પાણી. આ બંને પાણીની આપણે કદર નથી કરતા. માનવજાતે પાણીનો દાટ વાળી દીધો છે. પૃથ્વી પર રહેલા પીવાલાયક મીઠા પાણીમાંથી ફક્ત ૧ ટકા જ ઉપલબ્ધ છે પણ આપણે એને બેફામ વેડફીએ છીએ.

### હિન્દુધર્મ અને જળ :

જળની પવિત્રતાના વિષયમાં દરેક ધર્મમાં તેનાં ગુણગાન ગવાયેલાં છે. તેના મહિમાનું વર્ણન ઘણા ધર્મગ્રંથોમાંથી મળી આવે છે. આપણા ધર્મગ્રંથો અને ઋષિમુનિઓએ જળને તમામ પરંપરાઓ અને તેથી વિશેષ પરલોકગમન સુધી જોડી દીધું છે. જળના મહિમાનું વર્ણન અને તેની મહત્તા અનેક પ્રાચીન પુરાણો અને વેદોમાં જોવા મળે છે. જન્મ સમયે આચમનથી માંડીને મૃત્યુ સમયે ગંગાજળ પીવડાવા સુધી જળને મહત્ત્વ મળ્યું છે.

હિન્દુ ધર્મમાં જળને પંચ મહાભૂત તત્ત્વમાંનું એક માનવમાં આવે છે. હિન્દુ ધર્મમાં કોઈપણ પવિત્ર પૂજાનો શુભારંભ જળથી શરૂ કરીને એ પૂજાનું વિસર્જન પણ જળથી જ કરવામાં આવે છે. આ રીતે ધાર્મિક સંસ્કારમાં જળની મહત્તા અકબંધ રહી છે. હિન્દુ ધર્મમાં ગંગાજળને અતિ પવિત્ર માનવામાં આવે છે. તમામ પ્રકારનાં સંશોધનો અને પરીક્ષણ કર્યા પછી વિજ્ઞાનિકો પણ ગંગાજળને વિલક્ષણ માને છે. ગંગાજળને કોઈપણ પાત્રમાં કે બોટલમાં સંગ્રહી શકાય છે અને આ પવિત્ર જળ ક્યારેય બગડતું નથી તે વાત સિદ્ધ સાબિત થઈ છે.

આધુનિકકાળમાં જળસંચય અને સંરક્ષણ કરવું જ જોઈએ તેવો સ્પષ્ટ **ઉલ્લેખ** નારદપુરાણમાં કર્યો છે. નારદપુરાણ કહે છે કે, જો કોઈ માણસ જળસંચય નથી કરતો, જળની રક્ષા નથી કરતો તો તે માનવ, માનવ નથી પરંતુ મૃત્યુ પામેલું મડદું છે. નારદપુરાણ, જળને અશુદ્ધ કરનારો, પાણીનો વેડફાટ કરનારને દંડ મળવો જોઈએ તે **હકીકત** બતાવે છે.

જળદાન એ **મહાદાન** છે. અન્નદાન કરતાં પણ જળદાન ચડિયાતું છે. કારણ કે જળથી તાત્કાલિક સંતોષ મળે છે. મહાભારતનો **એક પ્રસંગ** છે. કુરુક્ષેત્રના મેદાનમાં ઘમસાણ યુદ્ધ વખતે ઘોડાઓને ખૂબ તરસ લાગી. ઘોડા ટળવળતા હતા. તે સમયે ભગવાન શ્રીકૃષ્ણે વરુણાસ્ત્ર છોડી જમીનમાંથી જળ ઉત્પન્ન કર્યું અને ઘોડાઓની તરસ છિપાવી અને મૃત્યુથી બચાવી લીધા. **બીજો પ્રસંગ** એ છે : ભીષ્મ પિતામહ બાણશૈયા ઉપર વેદના ભોગવી રહ્યા હતા એ સમયે તેમના પૌત્ર અર્જુન ત્યાં ઉપસ્થિત હતા. તેમણે અર્જુન પાસે પાણી પીવાની ઈચ્છા વ્યક્ત કરી. અર્જુને વરુણાસ્ત્ર છોડીને ભૂમિમાંથી જળ ઉત્પન્ન કરીને દાદા ભીષ્મ પિતામહને સંતુષ્ટ કર્યા. આ રીતે ભગવાન શ્રીકૃષ્ણે અને અર્જુને જળદાન કરીને લોક હિતાર્થનું કામ કર્યું.

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે પણ માંગરોળમાં પુરાતની વાવ ખોદાવીને ગામલોકોને માટે **જળનો પ્રશ્ન** હતો તે **હલ** કર્યો હતો. તેમજ કારિયાણીમાં પણ ભગવાન શ્રીહરિએ પોતાની દેખરેખ નીચે તળાવ ખોદાવી જળની **તંગીનું નિરાકરણ** કર્યું હતું. (આ બંને પ્રસંગો આપણે આગળના અંકોમાં માણી ચૂક્યા છીએ.) તેમજ બાલ્યાવસ્થામાં પણ છપૈયાના નારાયણસરમાં માછલાંઓને મરતા જોઈને પાતાળગંગાને પ્રેરીને તેમની રક્ષા કરી; તથા ગૌઘાટે વિશ્વામિત્રીની નદીમાં તૃષાતુર બાલમિત્રોને માટે પોતાના પગનો અંગૂઠો દબાવીને પાણી કાઢીને તેમની રક્ષા કરી હતી. તેવી જ રીતે કચ્છના રણમાં તથા માંડવી (કચ્છ)માં તથા ભદ્ગવદર જેવા ઘણાં ગામોમાં પણ ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતે પાણી વહાવીને અથવા ખારાજળને મીઠા કરીને ભક્તોની રક્ષા કરી.

ટૂંકમાં પરમાત્મા સ્વરૂપ જળને વિવેક-બુદ્ધિપૂર્વક સંચય કરીએ, સંરક્ષણ કરીએ અને તેનો ઉપયોગ કરીએ એ જ સંસ્કાર અને એ જ વિચારધારા આપણા ધર્મમાંથી મળી આવે છે.

### વેદો-ઉપનિષદો જળ વિષે શું કહે છે ?

પ્રાચીન સમયથી જળને 'વરુણદેવ' ગણ્યો છે. ઋગ્વેદનું ૪૯મું સૂક્ત 'અપ્‌સૂક્ત' જળવિષયક ચિંતન રજૂ કરે છે. અથર્વવેદે જળનાં

ત્રણ રૂપ દિવ્ય-આંતરિક અને પાર્થિવ ગણાવ્યાં છે. બૃહદારણ્યક ઉપનિષદમાં સૃષ્ટિનિર્માણની કથામાં જળનું ચિંતન તૈત્તિરીય ઉપનિષદના ઋષિએ જળને જ અન્ન કહ્યું છે : 'આપોવા અન્નમ્' સૃષ્ટિનું બંધારણ પંચમહાભૂતોથી રચાયેલું છે. જળ એકમાત્ર એવું મહાભૂત છે કે જેમાં શબ્દ-સ્પર્શ, રસ અને રૂપ ચારેય ગુણ છે. તેથી જ દ્યુતિલોક-અંતરિક્ષલોક-પૃથ્વીલોક અને પાતાળલોકમાં વ્યાપ્ત છે. કેમ કે જળ પરમાણું, બાષ્પ (વરાળ), દ્રવ અને હિમ ચારેય સ્વરૂપે જોવા મળે છે. છાંદોગ્ય ઉપનિષદના સાતમા અધ્યાયમાં નારદ અને સનતકુમારોના સંવાદમાં જળને શ્રેષ્ઠ ગણાવ્યું છે. જળ અન્નને પકવે છે.

આ સૃષ્ટિ પર જે કંઈ છે તે જળને કારણે છે. પૃથ્વીના પેટાળમાં જળ છે. ધબકતું જીવન પણ જળને આભારી છે. જળ કામધેનુ છે, જળ ઐરાવત છે, જળ ઊર્જા છે, જળ જીવન છે. જળને બનાવી શકાતું નથી પણ બગાડી કે બચાવી શકાય છે. આ દિશામાં વિચારવાની આવશ્યકતા છે.

## શ્રી ગુરુગ્રંથ સાહેબમાં પાણીનું મહત્ત્વ :

શીખધર્મ અને ધર્મગ્રંથ-ગુરુગ્રંથ સાહેબમાં માનવીમાં સદ્વિચાર, સદાચરણ, પ્રભુભક્તિની સાથે પ્રકૃતિનાં વિવિધ વૃક્ષોનું મહત્ત્વ અને તેમના જતન વિષે **ઉપદેશ** આપવામાં આવ્યો છે.

શ્રીગુરુગ્રંથ સાહેબના આરંભમાં પ્રથમ **ગુરુવાણી** જપજી સાહેબ કે જેનો પાઠ પ્રત્યેક શ્રદ્ધાળુ રોજ કરે છે. તેના અંતિમ શ્લોકમાં ગુરુનાનકદેવજી કહે છે : 'પવણ ગુરુ પાણી પિતા, માતા ધરતિ મહત, દિવસ રાત દોએ દાઈ દાયા ખેલૈ સગલ જગત.' - જેમાં પાણીને પિતાનું સ્થાન આપ્યું છે, જે આપણા જન્મદાતા છે. આપણું પાલનપોષણ કરે છે. પાણી પણ આપણા જીવનની ઉત્પત્તિ અને જીવનને ટકાવવા માટે અતિ આવશ્યક છે. પવનને ગુરુનું સ્થાન, ધરતીને માતાનું સ્થાન, દિવસ-રાતને દાઈ એટલે કે આયાનું સ્થાન આપવામાં આવ્યું છે. આ બધાં તત્ત્વોની સંભાળને કારણે સમગ્ર જગત આનંદ કરી રહ્યું છે.

'આસા કી વાર' વાણીમાં પણ **ગુરુજી** કહે છે : ''જીવ માટે સૌથી આવશ્યક પાણી જ છે. તેના દ્વારા જ સમગ્ર સૃષ્ટિ હરીભરી એટલે કે પ્રફુલ્લિત રહે છે, સાથે સૌથી પહેલા જીવ પણ પાણીમાં જ ઉત્પન્ન થાય છે.'' શીખધર્મમાં અમૃતપાન કરાવતી વખતે જળ કે પાણી દ્વારા જ અમૃત તૈયાર કરવામાં આવે છે. જેનું અમૃતપાન કરાવવામાં આવે છે અને તે આંખ, મસ્તિક વગેરે પર છાંટીને પવિત્ર કરવામાં આવે છે. હરિમંદિર સાહેબ અમૃતસર સહિત અનેક ગુરુદ્વારાના સદાવ્રતોમાં ભોજનની સાથે પાણી પીરસવામાં આવે છે. ત્યારે પાણીને જલ કહેવામાં આવે છે. તેની પાછળનો આશય પાણીની પવિત્રતા દર્શાવવાનો અને તેનો દુર્વ્યય અટકાવવાનો હોય છે. બધા ગુરુ સાહેબોએ લોકોને પીવાનું પાણી મળે તે માટે પણ વ્યવસ્થા કરી હતી.

ગુરુનાનકદેવજી પદયાત્રા દરમ્યાન બિદર ગયા. ત્યાં પીવાના પાણીની એટલી તંગ હતી કે ત્યાં કોઈ પોતાની પુત્રી પરણાવતું નહીં. લોકોની પ્રાર્થના સાંભળીને ગુરુનાનકદેવજીએ જમીનમાં પગ વડે પવિત્ર જળનું ઝરણું વહેવડાવ્યું. જ્યાં 'નાનકઝીરા' ગુરુનાનકનું ગુરુદ્વારા છે. તે ઝરણાંથી આજે પણ મધુર જળ અવિરત વહે છે. દૂર દૂરના લોકો ત્યાંથી પવિત્ર જળ લેવા આવે છે. તે જ રીતે 'પંજાસાહેબ, નાનક પ્યાઉ' ગુરુનાનકદેવજી દ્વારા પ્રગટ થયેલા મીઠા જળના સ્રોત્ર છે. તે પછીના ગુરુસાહેબોએ પણ વિશાળ સરોવરો અને 'બાઉલી' એટલે પાકા કૂવા દ્વારા મીઠા જળના સ્રોત તૈયાર કરાવ્યા હતા.

આ રીતે શીખધર્મમાં ગુરુસાહેબોએ પોતાના કાર્યો અને ગુરુવાણી દ્વારા પ્રકૃતિનાં તત્ત્વો વિશેષ કરીને જળની મહત્તા અને જતનનો ઉપદેશ આપ્યો છે.

## ખ્રિસ્તીધર્મમાં જીવનનું પ્રતીક પાણી :

જળ અને ખ્રિસ્તીધર્મ અંતર્ગત રીતે સંકળાયેલા છે, જાણે એક જ સિક્કાની બે બાજુ. બાઈબલમાં પાણી શબ્દ ૭૨૨ વખત આવે છે. પાણી સ્વચ્છતાનું પ્રતીક છે, સ્વચ્છતાનું માધ્યમ છે. એટલે **સંત પાઉલ** એફેસસ પત્રમાં જણાવે છે : ''તેમણે (ઈસુએ) ધર્મસભાને વાણી સહિતના જળસ્નાનથી શુદ્ધ કરી હતી.''

ખ્રિસ્તીધર્મમાં **પાણી** જીવનનું પ્રતીક છે. નૈસર્ગિક રીતે પણ માનવજીવ માનાં ગર્ભાશયનાં પાણીમાં વિકાસ પામે છે. ગર્ભાશયમાંથી પાણી નીકળી ગયા પછી બાળકનો જન્મ થાય છે. આમ શારીરિક જન્મ પાણીમાંથી થાય છે તેમ ખ્રિસ્તીધર્મમાં આધ્યાત્મિક જન્મ પાણીથી થાય છે. ખ્રિસ્તીધર્મમાં બાળક કે વડીલ પ્રથમ સંસ્કારસ્નાન દ્વારા ખ્રિસ્તી ધર્મસભામાં નવજન્મ લે છે. પ્રભુ ઈસુને જોર્ડન નદીના પાણીમાં ડૂબાડીને સ્નાન સંસ્કાર આપવામાં આવ્યો હતો. પણ સામાન્ય રીતે પુરોહિત દ્વારા સ્નાન સંસ્કાર લેનારના માથા પર ક્રૂસના રૂપે પાણી રેડીને સ્નાન સંસ્કાર કે નવજીવન સંસ્કાર આપવામાં આવે છે.

પોતાના આચાર-વિચારથી વિશ્વગુરુ બનેલા પોપ ફ્રાન્સિસે કહ્યું છે કે, પાણી માટે માણસનો **મૂળભૂત હક્ક** છે. એ હક્ક પ્રત્યે આદરમાનથી જ માણસ બીજા બધા માનવહક્કો પાળી શકે છે.

## ઈસ્લામ અને જળ સંરક્ષણ :

ઈસ્લામનો જન્મ અરબસ્તાનના રણપ્રદેશમાં થયો છે. જ્યાં પાણીની હંમેશાં અછત રહી છે. અને એટલે જ ઈસ્લામના અનુયાયીઓ છેક પ્રાચીન સમયથી પાણીની બચત કરવા ટેવાયેલા છે. ઈસ્લામના પવિત્ર ગ્રંથ કુરાને શરીફમાં ૬૩ વાર પાણી શબ્દનો ઉપયોગ થયો છે. અને તે પણ તેના મહત્ત્વ અને ઉપયોગીતાના સંદર્ભમાં. કુરાને શરીફમાં પાણીને જીવન નિર્વાહ માટેના મહત્ત્વના અંગ તરીકે ખુદાએ આપેલ **નેમત** અર્થાત્ ભેટ ગણવામાં આવેલ છે. કુરાને શરીફમાં કહ્યું છે કે, ''અલ્લાહે આપેલ નેમતોનો બગાડ ન કરો. એવું કરનાર શેતાનનો ભાઈ છે. અલ્લાહને બગાડ કરનાર માનવી પસંદ નથી.''

કુરાને શરીફની સૂરે બકરહની ૭મી રુકુઅમાં કહ્યું છે કે, ''યાદ કરો, જ્યારે મૂસાએ પોતાની કોમ માટે પાણીની પ્રાર્થના કરી. ત્યારે અમે કહ્યું કે ફલાણા ખડક ઉપર લાઠી મારો, આથી તેમાંથી બાર

ઝરણાં ફૂટી નીકળ્યાં. અને દરેક કબીલાએ એ જાણી લીધું કે કઈ જગ્યા તેને પાણી લેવા માટેની છે. અલ્લાહે આપેલ રોજી ખાઓ - પીવો અને ધરતી ઉપર બગાડ ફેલાવતા ન ફરો.''

આમ કુરાને શરીફની આરંભની સૂરમાં પાણીના વપરાશ અને તેનો બગાડ ન કરવાનો **આદેશ** આપવામાં આવ્યો છે. કુરાને શરીફમાં કહ્યું છે કે, ''અમે પાણી દ્વારા દરેક જીવનપયોગી વસ્તુઓનું સર્જન કર્યું છે.''

પાણી એ માનવી માટે જીવાદોરી છે. તેનો બગાડ કે દુરુપયોગ ગુનાહ છે. મહંમદ સાહેબ (સ.અ.વ.)એ તો ત્યાં સુધી કહ્યું છે કે, ''નદી કિનારે રહેતા હો છતાં, પાણીનો બગાડ ન કરો.''

કુરાને શરીફમાં કહ્યું છે કે, ''અમે આકાશમાંથી પાણી વરસાવ્યું છે. અને તેના દ્વારા પૃથ્વી પર જીવન પાંગર્યું છે.'' ઈસ્લામમાં પાણીનું દાન એ ઉત્તમ દાન ગણાય છે. કુરાને શરીફમાં આ અંગે કહ્યું છે કે, ''ભૂખ્યાને ભોજન આપવું અને તરસ્યાને પાણી આપવું એ ઉત્તમ દાન કે સવાબ (પુણ્ય) છે.'' હજરત ઈમામ હુસેન (ર.અ.)ની કરબલાના મૈદાનમાં શહાદતના માનમાં મહોરમમાં ઈસ્લામના અનુયાયીઓ ઠેર ઠેર માર્ગો પર પાણીની સબીલો અર્થાત્ પરબો ઊભી કરે છે. અને જાણીતા, અજાણ્યા, હિન્દુ, મુસ્લિમ સૌને પાણી પીવડાવે છે. એ સમયે પણ પાણીનો બગાડ ન થાય તેની દરેક સાચો મુસ્લિમ તકેદારી રાખે છે.

- ડો. મહેબૂબ દેસાઈ

### પાણી માટે પાણીપત : ડો. શ્રી જગદીશ ત્રિવેદી

એક લેખકડું બિચારું આવતા રવિવારના લેખ માટે વિષય શોધતું હતું ત્યાં પત્નીએ આદેશ કર્યો કે 'આજે પાણીનો વારો છે. નળમાં પાણી પ્રગટ થવાના મહામૂલા સમયે કોલમ લખવા જેવું મામૂલી કામ કરશો નહીં. પાણી ભરવામાં મદદ કરો. આખા અઠવાડિયામાં આ એક જ કામ તમે કરવા જેવું કરો છો.' લેખકને વિષય મળી ગયો. એ **પાણીદાર વિષય** હતો - **પાણી.**

એકવાર ભગાને કોઈકે પૂછ્યું કે પાણી ક્યાં ? ભગો ઉવાચ : માટલામાં. માટલું ક્યાં ? મારા ઘરમાં. ઘર ક્યાં ? ગુજરાતમાં. ગુજરાત ક્યાં ? ભારતમાં. ભારત ક્યાં ? પૃથ્વીમાં. પૃથ્વી ક્યાં ? પાણીમાં. પાણી ક્યાં ? માટલામાં.... માણસની દરેક વાત પાણીથી શરૂ થાય છે અને પાણી સાથે પૂરી થાય છે. કારણ આ પૃથ્વી ઉપર માણસ પહેલાં પાણી આવ્યું હતું અને પાંચ મહાભૂતમાં સૌથી મહત્ત્વનું ભૂત 'પાણી' છે. અત્યારે પાણીનો પ્રશ્ન મોટું ભૂત એટલે કે મહાભૂત બનીને સામે ઊભો છે. માણસના જીવનમાં જેટલું પાણીનું મહત્ત્વ છે તેટલું પૃથ્વી, આકાશ, અગ્નિ કે વાયુનું નથી. માણસ કોઈને હેલ્થ માટે પૂછે તો 'તબિયત-પાણી કેમ છે' તેમ પૂછે છે. 'તબિયત-પૃથ્વી કેમ છે કે તબિયત-આકાશ કેમ છે' તેમ પૂછતો નથી. જો હેલ્થ બદલે વેલ્થની ચિંતા કરે તો ધંધા-પાણી કેમ છે તેમ પૂછે છે. ધંધા-અગ્નિ કેમ છે કે ધંધા-વાયુ કેમ છે તેમ પૂછતો નથી. જે પંચતત્ત્વમાં પાણીનું વર્ચસ્વ સિદ્ધ કરે છે.

અત્યારે કોઈને પૂછો કે તબિયત-પાણી કેમ છે ? તો સામેથી જવાબ મળે છે કે તબિયત ઘોડા જેવી છે જે પાણીના કારણે ગધેડા જેવી થઈ ગઈ છે.

ભગો પહેલાં દૂધ વેચતો હતો જે અત્યારે પાણી વેચે છે. કોઈકે પૂછ્યું કે, લોકો ગામ બદલે પરંતુ સ્વભાવ કે ધંધો બદલતા નથી. તે ધંધો કેમ બદલી નાખ્યો ? આ સાંભળીને સાચાબોલો ભગો બોલ્યો કે, મેં ધંધો બદલ્યો જ નથી. હું પહેલાં પણ પાણી જ વેચતો હતો પણ દૂધના નામે. આપણા નેતાઓ પણ દૂધના નામે પાણી વેચી રહ્યા છે પરંતુ બદનસીબે કોઈ નેતાઓમાં ભગા જેટલી પણ સચ્ચાઈ દેખાતી નથી. આપણા નેતાઓ હિરોઈનને જુએ તો પાણી-પાણી થઈ જાય છે પરંતુ પાણી માટે વલખાં મારતી પ્રજાને જોઈને એમની આંખમાં પાણી આવતાં નથી.

માણસના શરીરમાં ૯૦ ટકા પાણી છે છતાં શરીરને ઈજા થાય તો લોહી નીકળે છે અને હૃદયમાં ૧૦૦ ટકા લોહી છે છતાં હૃદયને ઈજા થાય તો આંખમાંથી પાણી નીકળે છે.

પૌરુષત્વ અને શક્તિ બંનેનો પર્યાય પાણી છે એટલે નમાલા પતિને પાણી વગરનો કહેવાય છે. કોઈ નામર્દને પૃથ્વી વગરનો કે આકાશ વગરનો કહેવામાં આવતો નથી. શક્તિશાળી ઘોડા માટે પાણીદાર ઘોડો એવું વિશેષણ વપરાય છે, કોઈ ઘોડાને પવનદાર કે અગ્નિદાર કહેવામાં આવતો નથી. પાણીના વારા વખતે પાણી ભરવામાં બહેનો જે પાણી બતાવે છે ત્યારે ભલભલા પુરુષોનું પાણી ઊતરી જાય છે. પાણી માટે દેખાવો કરતી બહેનો જે રીતે મ્યુનિસિપાલિટી ઓફિસે જઈને નકામા માટલાં ફોડે છે અને પુરુષોને બંગડીઓ પહેરાવે છે ત્યારે મુછાળા મર્દો પણ પાણી વગરના થઈને સંતાઈ જતા હોય છે. સ્ત્રી અબળા નથી પરંતુ સબળા છે અને બળનો પર્યાય પાણી છે. શરીરમાં લોહીના દબાણની વધ-ઘટ થાય તો શરીર આકાશ-આકાશ થવાને બદલે પાણી પાણી થાય છે. જો વધ-ઘટ વધી જાય તો પવન (શ્વાસ) બંધ થઈ જાય છે. પછી શરીરને અગ્નિ પાસે લઈ જવું પડે છે અથવા પૃથ્વીમાં દાટી દેવું પડે છે. ગંધ આકાશમાં જાય છે પાણી પૃથ્વીમાં જાય છે અને રાખ ઊડી જાય છે.

એક કટારિયો લેખક સાંકડી જગ્યામાં ફાંકડી વાત લખવાની મથામણ કરતો હતો. એ પાણી વિશે લેખ લખીને પાણી બચાવવાના ઉપાયો લખતો હતો ત્યાં પત્નીએ ત્રાડ નાખી કે અડધી કલાકથી ટાંકી છલકાય છે અને પાણી છેક સોસાયટીના નાકા સુધી પહોંચી ગયું છે. તમારી કોલમમાં પૂળો મૂકો અને ઘરકામ કરો.

મેં સાંભળ્યું છે કે હવે પછીનું વિશ્વયુદ્ધ પાણી માટે લડાશે. જો કે, પાણી માટે ગૃહયુદ્ધ લડાતા આજેય જોવા મળે છે. બોલો વરુણદેવ કી જય....

### પાણી : માનવજાત સામે ઊભી થયેલી સૌથી વિકટ સમસ્યા : - શ્રી નગીનદાસ સંઘવી (તડ ને ફડ)

કુદરત અતિશય મહેરબાન છે અને પોતાના અણમોલ ખજાનાને ઉદારતાથી લૂંટાવે છે. વહેલી પરોઢે શીતળ પવન લહેરી, ઊગતા સૂરજનો કોકરવર્ણો તડકો અને અષાઢી મેઘની જળવર્ષાની કશી કિંમત ચૂકવવી પડતી નથી, પણ મફત મળે અને મબલખ મળે તેની

કશી ખરખબર રાખવામાં આવતી નથી અને આવા સુખની કોઈ કદર-દરકાર રાખતું નથી. ઊલટું માનવજાતે તો પોતાની પ્રગતિની દોડધામમાં કુદરતી બક્ષીસને અભડાવીને ઝેરી બનાવી મૂકી છે. હવાનું પ્રદૂષણ જીવલેણ હદે પહોંચ્યું છે અને પ્રદૂષિત પાણીને શુદ્ધ કરવાનાં ફાંફાં મારવાં પડે છે. પાણીના પ્રદૂષણ કરતાં પણ પાણીની ટીંચાઈ માનવજાત સામે ઊભી થયેલી સૌથી **વિકટ સમસ્યા** છે. પાણી મેળવવા માટે અને વધારે ને વધારે પ્રમાણમાં મેળવવા માટે આખી દુનિયામાં અને ભારતમાં પણ સતત ચાલી રહેલી ઝઘડાખોરીથી કોઈ અજાણ નથી. ભૂખંડ અને ખનિજતેલ માટેની લડાઈઓ પછી એવું કહેવાય છે કે હવે પછીનું વિશ્વયુદ્ધ પાણીની વહેંચણી માટે લડાશે. પોતાની જાતને એકતંત્ર રાષ્ટ્ર અને સમાજ કહેવડાવનાર ભારતનાં **પ્રાદેશિક રાજ્યો** પાણી માટે અરસપરસ અભદ્ર ગાળાગાળી કરે છે. દાયકા સુધી પંજાબમાં ચાલેલી ત્રાસવાદી પ્રવૃત્તિમાં રાવી-બિયાસ નદીની વહેંચણી મુખ્ય મુદ્દો હતો અને ૧૯૭૪થી શરૂ થયેલી સતલજ-યમુના લિંક કેનાલનું કામ પૂરું થવા દેવા માટે પંજાબ તૈયાર નથી. નદીઓના અનુબંધ પછી પણ મહારાષ્ટ્રના પાણીનું એક ટીપું પણ ગુજરાતને નહીં આપવાની ભીષ્મ પ્રતિજ્ઞામાં મહારાષ્ટ્રના બધા જ પક્ષો અને બધા આગેવાનો એકમત છે. આવી ઝઘડાખોરી માત્ર ભારતમાં જ થાય છે તેવું માની લેવું ભૂલભરેલું છે. અમેરિકા અને સ્વિટ્ઝર્લેન્ડ જેવા પ્રતિષ્ઠિત અને પ્રગતિપ્રાપ્ત દેશોનાં રાજ્યો વચ્ચે પણ આવા જ અને આનાથી પણ વધારે ઉગ્ર ઝઘડા થાય છે.

એક કરતાં વધારે રાજ્યોમાંથી વહેતી નદીનાં પાણી માટેના ઝઘડા આંતરરાષ્ટ્રીય જગતના જૂનામાં જૂના ઝઘડા છે અને તેના નિવારણ માટે ઘડાયેલા નદી-પાણીના કાયદાથી આંતરરાષ્ટ્રીય કાયદાનો પાયો નખાયો છે.


પાણીની બાબતમાં ભારત વધારે કમનસીબ છે અને આપણી મૂર્ખાઈભરી ધાર્મિક માન્યતાઓના કારણે આપણી પાસે છે તેટલું પાણી પણ આપણે ઝેરી કરી મૂક્યું છે. યમુનાના ભક્તોએ યમુના નદીને એટલી પ્રદૂષિત કરી છે કે તેમાં હવે જીવજંતુઓ પણ જીવી શકતાં નથી. ગંગામાં અસ્થિ પધરાવનાર અથવા દશાશ્વમેધ ઘાટથી અડધા બળેલાં મડદાં ગંગામાં વહેવડાવનારા ખરેખર ગંગાના શત્રુ છે. એટલું જ નહિ પરંતુ વૈદિક-સનાતન ધર્મના મૂળમાં રહેલી દયાધર્મના પણ તેઓ પાકા દુશ્મન જ છે, એમ કહી શકાય. કાનપુર-કાશીમાંથી ગંગાનું પાણી પીનારને સ્વર્ગ મળે તે તો પછીની વાત છે. પણ રોગ તો તરત મળે. ગંગાશુદ્ધિ માટેના પ્રયાસો રાજીવ ગાંધીથી માંડીને નરેન્દ્ર મોદીના જમાના સુધી ચાલતા રહ્યા છે, પણ હજુ સુધી કશું નક્કર પરિણામ આવ્યું નથી. જે દેશમાં બહુમતિ કે ઝાઝાં જનોને બગાડ જ કરવો હોય તેને કોઈ સરકાર સુધારી શકે નહીં.

જો કે, જળસંકટ તો દેશના દરેક વિસ્તારમાં છે અને પરદેશી નિષ્ણાતોને આ તંગી સમજાતી નથી. આપણા કરતાં ચોથા ભાગનો વરસાદ જ્યાં પડતો નથી તેવા ઈઝરાયેલમાં પાણીસંકટ નથી, કારણ કે ઈઝરાયેલ અને બીજા અનેક દેશો પાણીનો જેટલો અને જે રીતે બચાવ કરે છે તેવું આપણે કરતા નથી. યુરોપ, અમેરિકાનાં તમામ શહેરોમાં વપરાયેલાં પાણીને શુદ્ધ કરીને વારંવાર વાપરવામાં આવે છે. આપણે આ બધું પાણી નદી કે દરિયામાં જ ઠાલવી દઈએ છીએ.

આ બાબતમાં આપણે આપણા પૂર્વજો કરતાં પણ વધારે મૂરખ ઠર્યા છીએ. જૂના જમાના કરતાં આજે માત્ર ગાફલતાથી જ સ્નાન અને સંડાસમાં ત્રણ-ચાર ગણું પાણી વધારે વપરાય છે અને જૂનાં મકાનોમાં વરસાદનાં પાણીનો સંઘરો કરીને આખું વર્ષ વાપરવામાં આવતું તેવી ટાંકા બાંધવાની રસમ આપણે પડતી મૂકી છે. વરસાદી પાણીને વહી જવા દેવાના બદલે જમીનમાં ઉતારીને તેનો સંઘરો કરવાની અનેક પદ્ધતિઓ આધુનિક તંત્રવિજ્ઞાને વિકસાવી છે, પણ તેનો અભ્યાસ તો દૂર રહ્યો, તેનો વિચાર સુધ્ધાં કરવા માટે આપણે તૈયાર નથી.

ઉદ્યોગો અને શહેરીકરણના કારણે પાણીનો ઉપયોગ વધ્યો છે અને પાણીનો વેડફાટ પણ વધ્યો છે અને સંઘરો કરવાનું અટકી પડ્યું છે. વારંવાર ઠોકર ખાધા પછી આપણે પાણીના સંગ્રહ અંગે નવેસરથી વિચારતા થયા છીએ. નવા બંધાઈ રહેલા જે મકાનમાં પાણી સંગ્રહની જોગવાઈ ન હોય તેને રહેણાક માટેની મંજૂરી ન મળે તેવા નિયમો ભારતની કેટલીક મ્યુનિસિપાલિટીઓએ ઘડ્યા છે. તેનો લાભ મળવામાં ઘણો સમય લાગી જાય, કારણ કે જૂનાં મકાનોમાં આવી સગવડ હોતી નથી, પણ વપરાયેલા પાણીને શુદ્ધ કરવાની સામગ્રી સહેલી છે અને સહેલાઈથી મળી શકે તેમ છે. દરેક શહેરમાં આવી શુદ્ધિકરણની જોગવાઈ થવી જોઈએ અને આ નવશુદ્ધ પાણી પૂરું પાડવાની સગવડ પણ સહેલાઈથી થઈ શકે છે. સૂર્યના પ્રખર તાપના કારણે થતું બાષ્પીભવન ઘટાડવાના પ્રયોગો પણ થઈ રહ્યા છે. આ બધી નવી ટેકનોલોજીના જાણકાર નિષ્ણાતો આપણે ત્યાં ઓછા નથી, પણ તેમના જ્ઞાનનો લાભ લેવાની સમજણ અને આવડત આપણા શાસકોમાં દેખાતી નથી. આપણો દેશ એવી વિચિત્ર પરિસ્થિતિમાં મુકાયો છે કે આપણે આધુનિક જમાનામાં જીવવું તો છે, પણ આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરવો નથી અને ઉપયોગ કરીએ ત્યારે પણ જુનવાણી ખ્યાલોને વધારે મજબૂત કરવા માટે જ વાપરીએ છીએ. કમ્પ્યુટરોનો ઉપયોગ જન્મકુંડળી બનાવવામાં અને ફિલ્મોનો ઉપયોગ ખોટી પરંપરાઓની પ્રશંસા માટે વાપરનાર સમાજનો જળસંકટમાંથી જલદી છુટકારો થવાનો નથી. આપણને પાણીસંગ્રહ અને પાણીના વપરાશ માટે એકવીસમી સદીમાં પ્રવેશ કર્યા વગર ચાલવાનું નથી, પણ આપણે દેશપ્રેમીનો દાવો કરવા છતાં પણ સીધો ચાલવાના બદલે પાછા પગલે ઊંધા ફરીને ચાલીએ છીએ !!

**આપણા કરતાં ચોથા ભાગનો વરસાદ જ્યાં પડતો નથી તેવા ઈઝરાયેલમાં પાણીસંકટ નથી, કારણ કે ઈઝરાયેલ અને બીજા અનેક દેશો પાણીનો જેટલો અને જે રીતે બચાવ કરે છે તેવું આપણે કરતા નથી.**



## આપણે પાણી બચાવવા ઉદાસીન કેમ છીએ ?

- શ્રી મનસુખભાઈ માંડવીયા (કેન્દ્રીય રાજ્યમંત્રી)

'તરસ લાગે ત્યારે કૂવો ખોદવા ન બેસાય.' કહેવત કંઈ અમથી નહીં પડી હોય ! આ કહેવતમાં આપણા પૂર્વજોની કોઠાસૂઝ સમાયેલી છે. કહેવતનો સીધો મતલબ એ થાય છે કે આપણે દરેક બાબતે **આગોતરું આયોજન** કરવું જોઈએ.

લોકજીવન અને ફિલસૂફીના પરિપાકરૂપે આપણી કહેવતોમાં પાણીનો **અનેરો મહિમા** ગવાયો છે. 'જળ એ જ જીવન', 'જળ છે તો જીવન છે' અને 'વાણી અને પાણી સાચવીને વાપરીએ' વગેરે કહેવતો દ્વારા પાણી એટલે જીવન એ વાત આપણે સદીઓથી સ્વીકારતા આવ્યા છીએ. આપણો દેશ મોસમી પવનોના પ્રદેશ તરીકે જાણીતો છે. મોસમી પ્રકારની આબોહવાના કારણે આપણે ત્યાં ચોમાસાના ત્રણેક મહિના અનિયમિત વરસાદ પડે છે. વળી, ખાસ કરીને સૌરાષ્ટ્રમાં ચોમાસામાં વરસાદનું પાણી તળભૂમિના ઊંધી રકાબી જેવા આકારના કારણે ખૂબ ઝડપથી દરિયામાં વહી જાય છે. આ પાણીને રોકી એનો સંગ્રહ કરવો તથા વિવેકપૂર્વક ઉપયોગ કરવો એ આવનારી પેઢીઓ માટે આપણી **માનવીય ફરજ** છે.

'અંજળ (અન્નજળ) હોય તો મળીશું' અને 'તબિયતપાણી સારા છે ને !' જેવા ખબરઅંતર પૂછવા અને ભાવ દર્શાવવા માટે વપરાતા શબ્દોમાં પણ પાણીનું જ મહત્ત્વ સ્વીકારાયું છે. મનુષ્યદેહ પંચતત્ત્વોનો બનેલો છે. જેમાં એક તત્ત્વ પાણી છે. જેનું પ્રમાણ શરીરમાં સૌથી વધુ છે. સૌથી પ્રાચીન વેદ 'ઋગ્વેદ'નું ૪૯મું સૂક્ત 'અપ્સુક્ત' પણ જળવિષયક ચિંતન રજૂ કરે છે.

આજે માનવીએ પોતાની લાલચ સંતોષવા પાણીનો એવો તો બગાડ કર્યો છે, જેથી આજે વિશ્વની **ત્રીજા ભાગની વસ્તી** જાતે ઊભા કરેલા જળસંકટનો સામનો કરી રહી છે અને આવનારો સમય આનાથી પણ વધુ કપરો આવવાની જાણકારો **ચેતવણી** આપી રહ્યા છે. આપણે ત્યાં એવા અનેક મુઠ્ઠી ઉંચેરા માનવીઓ છે, જેમણે જળસંગ્રહ માટે પોતાનું જીવન સમર્પિત કર્યું હોય. તેમણે જળસંગ્રહ માટે નવો રાહ ચીંધ્યો છે. પદ્મશ્રી મથુરભાઈ સવાણીએ આશરે બે દાયકા પૂર્વે **'સૌરાષ્ટ્ર જલધારા સમિતિ'**ની રચના કરી વરસાદી પાણી ચેકડેમોમાં રોકવાનું **લોકઆંદોલન** ઊભું કર્યું હતું. જે બાદમાં સ્વયંભૂ જનઆંદોલન બની ગયું.

અમરેલી જિલ્લાના ધારી તાલુકાના કાગદડી ગામના અરજણભાઈ ઠેસિયાએ પાણીની અછત જોઈ નક્કી કર્યું કે, 'હું પણ તળાવ ખોદીશ.' અને પછી ચાલુ થયો એમનો શ્રમયજ્ઞ. મોટી ઉંમરે અરજણબાપાએ એકલે હાથે તળાવ ખોદવાનું અભિયાન આદર્યું. અરજણબાપાએ ખોદેલું ૧૨ ફૂટ ઊંડું તળાવ ચોમાસામાં આજે જ્યારે પાણીથી છલકાય છે ત્યારે ગામ લોકોની સાથે પશુ-પંખી પણ રાજી થાય છે.

અમરેલી જિલ્લાના આંકડિયા ગામનો એક યુવાન આર્થિક ભીંસના કારણે અભ્યાસની સાથે છાપાં વેચવાનું પણ કામ કરે છે અને નવરાશના સમયે સાઈકલ આગળ કપડાંની થેલી ટીંગાડીને ગામમાં ફરે છે. આ થેલીમાં તે રંગની ડબ્બી અને એક પીંછી રાખે છે. ઘરે ઘરે જઈને એ પૂછે છે 'આપના પાણિયારા પર એક સૂત્ર લખવા દેશો ?' ઘરધણી 'હા' પાડે એટલે તરત જ લખાઈ જાય **'વાણી અને પાણી સમજીને વાપરીએ'**. ઉદયભાઈ નામની આ વ્યક્તિ કુકાવાવમાં **શ્રેષ્ઠ શિક્ષકનો પુરસ્કાર** પામીને પોતાના શિક્ષકત્વથી સમાજને સુવાસિત કરી રહ્યા છે.

તાજેતરમાં જ એક **વિરલ ઘટના** બની. જૂનાગઢ જિલ્લાના ભેંસાણનાં દિલીપભાઈ સાવલિયા, કિશોરભાઈ સાવલિયા અને ધીરુભાઈ શેલડિયાના માતાઓના મૃત્યુ પછી આ ત્રણેય પરિવારોએ નક્કી કર્યું કે, 'પાણીઢોળ'માં જમણવાર વિધિમાં લાખો રૂપિયા ખર્ચવા કરતાં 'જળસંચય અભિયાન'માં આ રકમ આપી દેવી. આ ત્રણ લાખ રૂપિયા **'જળસંચય' અભિમાન**માં વપરાશે.

'નો-નેગેટિવ ન્યૂઝ'ના રચનાત્મક અભિગમથી આગળ વધી રહેલા લબ્ધ પ્રતિષ્ઠિત અખબાર **'દિવ્ય ભાસ્કર'** દ્વારા ચલાવવામાં આવી રહેલી **'જળ શ્રીકૃષ્ણ'** ઝુંબેશને સમાજનો ટેકો મળી રહ્યો છે. આવા સરસ અભિયાન ચલાવવા બદલ તેમને લાખ-લાખ વંદન સાથે **અભિનંદન** છે.

પાણીના બચાવ માટે ગાંધીજીએ આપેલું માર્ગદર્શન પણ ચિરકાલીન છે. ગાંધીજી અઠવાડિયે એકવાર ઉપવાસ રાખતા અને એ દિવસ નિયત હતો. ગાંધીજીએ એકવાર અન્ય દિવસે પણ ઉપવાસ રાખ્યો તો આશ્રમના અંતેવાસીએ પૂછ્યું કે, 'બાપુ ! આપ આ દિવસે ઉપવાસ નથી રાખતા તો આજે કેમ રાખ્યો ?' ગાંધીજીનો જવાબ હતો : 'આજે મહાદેવભાઈ બે ડોલ પાણીથી નાહ્યા, એટલે મેં ઉપવાસ રાખ્યો છે.' મહાદેવભાઈએ દલીલ કરી કે, 'બાપુ ! આશ્રમની સામે જ આવડી મોટી સાબરમતી બે કાંઠે વહે છે અને તમે કેમ આમ કરો છો ?' ત્યારે બાપુએ કહ્યું : 'જો બધા જ લોકો આમ વિચારીને બે ડોલથી નાહ્વાનું ચાલુ કરશે, તો સાબરમતી સૂકાઈ જશે.' બાપુ સવારે ઊઠી દાંતણ કરવા એક લોટા પાણીનો જ ઉપયોગ કરતા.

આપણી આધુનિક જીવનશૈલીના કારણે જે રીતે પાણીનો દુર્વ્યય થઈ રહ્યો છે, એ જોતાં વર્ષ ૨૦૨૫ સુધીમાં દુનિયામાં ૧૮૦ કરોડ લોકોની વસ્તી એવી હશે, જેમના માટે પાણી સાવ ખલાસ થઈ ગયું હશે. ભારતમાં જે ઝડપથી ભૂગર્ભજળ ખેંચાઈ રહ્યું છે એ જોતાં વર્ષ ૨૦૩૮ સુધીમાં ભારતના ૬૦ ટકા ભૂગર્ભ જળભંડાર સમાપ્ત થઈ ગયા હશે. માટે જળદેવતાની આરાધનાનો સમય આવી ગયો છે.

રાજસ્થાનનો **'બિશ્નોઈ' સમાજ** વીસ વત્તા નવ એમ કુલ ઓગણત્રીસ વ્રત પાળે છે, જેના લીધે એ 'બિશ્નોઈ' તરીકે ઓળખાય છે. આ સમાજ પ્રકૃતિને બચાવવા માટે મોટા ભાગના નિયમો પાળે છે. 'ચિપકો આંદોલન'માં સેંકડો લોકોએ વૃક્ષ બચાવવા પ્રાણ આપ્યાં હતાં, તેઓ 'બિશ્નોઈ' સમાજના હતા.

સહિષ્ણુતા, સદ્‌ભાવ, બંધુતા અને સહઅસ્તિત્વના પાયા પર રચાયેલી આપણી **ભારતીય સંસ્કૃતિ**એ તો વૃક્ષ, જળ, પવન, અગ્નિ, સરિસૃપ વગેરેને ભગવાનનો દરજ્જો આપીને **પૂજન** કર્યું છે. ત્યારે આપણે પાણી બચાવવા **ઉદાસીન** કેમ છીએ ? આ પ્રશ્નનો **ઉત્તર** અત્યારે જ શોધવો પડશે.

અને છેલ્લે, માત્ર સોશયલ મીડિયામાં **'પાણી બચાવો'**ના સંદેશા ફેલાવીને આપણું **કર્તવ્ય** પૂરું થયું એમ સમજી લેવાને બદલે આપણે પણ પાણી બચાવવાના કાર્યમાં લાગી જઈએ તો આવનારી પેઢી યુગો સુધી આપણા ગુણલા ગાશે.



# આપણું વિશ્વ અને પાણી

વિશ્વમાં પાણીની **સમસ્યા** અંગે આપણે વારંવાર સાંભળતા હોઈએ છીએ. ભવિષ્યમાં વિશ્વ પાણીની અછતથી પીડાતું હશે એવું આપણે સમાચારપત્રોમાં વાંચીએ છીએ પણ આવા સમાચારોની **ગંભીરતા**ને આપણે સમજતા નથી. આ વાત જ્યારે યુનાઈટેડ નેશન્સે (યુ.એન.) કહી ત્યારે વાતને ગંભીરતાથી લેવાનું વિશ્વના દેશોએ શરૂ કર્યું છે. યુનાઈટેડ નેશન્સ-સંયુક્ત રાષ્ટ્ર સંઘે વિશ્વને **ચેતવણી** આપતા જણાવ્યું છે કે, પ્રવર્તમાન સંજોગોમાં વિશ્વના અમુક પ્રદેશો પાણીની તીવ્ર અછતથી પીડાઈ રહ્યા છે. આગામી સમયમાં આ સ્થિતિને વકરતી અટકાવવા માટે પાણીનો બચાવ કરવામાં નહિ આવે તો વિશ્વ માટે એક મોટી મુશ્કેલી ઊભી થઈ શકે તેમ છે. વિશ્વની પાણીની પરિસ્થિતિ અંગે અભ્યાસ કરીને સંયુક્ત રાષ્ટ્ર સંઘે અહેવાલમાં **નોંધ** કરી છે કે, વિશ્વમાં દિવસે ને દિવસે ખોરાકની માંગ અને જળની અછત આવી રીતે જ વધતી જશે તો આવનારા વર્ષોમાં વિશ્વના અમુક દેશો ખોરાક અને પાણી માટે રીતસરના વલખા મારતાં હશે. સમગ્ર વિશ્વમાં ૨૨ માર્ચને **'વિશ્વજળ' દિવસ** તરીકે મનાવવામાં આવે છે. આ દિવસ ઉજવવા પાછળનો હેતુ લોકોને પાણી બચાવવા પ્રેરણા આપવાનો, પાણીનું મહત્ત્વ સમજવાનો તેમજ પાણીને વેડફાતું અટકાવીને તેનું યોગ્ય વ્યવસ્થાપન કરવાનો છે. ઈ.સ. ૧૯૯૩ના વર્ષની સંયુક્ત રાષ્ટ્ર સંઘની સામાન્ય સભાએ ૨૨ માર્ચને 'વિશ્વજળ' દિવસ તરીકે ઘોષિત કરેલો છે. દર વર્ષે પાણીને અનુલક્ષીને એક થીમ નક્કી કરવામાં આવે છે.

આ દિવસ ઉજવવા પાછળનો હેતુ માટે પ્રેરણા આપવાનો, જળનું મહત્ત્વ સમજાવવાનો તેમજ જળને વેડફાતું અટકાવવાનો છે. દુનિયામાં આજે જો સૌથી અમૂલ્ય ચીજ હોય તો તે શુદ્ધ પાણી છે. પૃથ્વીના ગોળા પર ઉપલબ્ધ પાણીમાંથી ૯૭ ટકા પાણી ખારું છે, ૨ ટકા પાણી ગ્લેસિયરના રૂપમાં ઠંડા પ્રદેશોમાં બરફ થઈને પડેલું છે. હવે માત્ર ૧ ટકા પાણી બચ્યું છે તેનો માનવજાત પીવામાં, ખેતીમાં કે અન્ય વપરાશમાં કરી શકે છે. આ આંકડા પરથી ખબર પડી શકે છે કે પાણી માનવજાત માટે કેટલું અમૂલ્ય છે.

માનવજાતે કુદરતી સંસાધનોને જે રીતે પ્રદૂષિત કર્યા છે, વેડફાટ કર્યો છે તેમાં પાણીનો નંબર સૌથી પહેલો આવે છે. ભારતમાં ઉપલબ્ધ જળસ્રોતને આપણે ઉદ્યોગો તથા સુએજને કારણે એટલા પ્રદૂષિત કરી દીધા છે કે આગામી દશ વર્ષ સુધીમાં **શુદ્ધ પાણીની સમસ્યા** વિકટ બનવાની છે. દુનિયામાં શુદ્ધ પાણીની સમસ્યાથી પીડાતા દેશોમાં **પહેલો નંબર** મેક્સિકોનો ત્યારબાદ કોલંબીયા અને **ત્રીજો નંબર** ભારતનો આવે છે. યુનોએ તેના એક રિપોર્ટમાં ચેતવણી ઉચ્ચારી છે કે, કલાઈમેટ ચેન્જના કારણે ઈ.સ. ૨૦૪૦ સુધીમાં દુનિયાના દરેક ચાર બાળકોમાંથી એક બાળક પીવાના પાણીની સમસ્યાનો ભોગ બનશે. ખાસ કરીને ગરીબો આ સમસ્યાનો સૌથી મોટો શિકાર બનશે. ભારતમાં ૬ કરોડ ૩૦ લાખ લોકોને તો આજે પણ ચોખ્ખું પીવાનું પાણી મળતું નથી.

આ આંકડો ઈંગ્લેન્ડની વસ્તી જેટલો થવા જાય છે. અત્યારે સમગ્ર દુનિયાની ૧૨ ટકા વસ્તીને પીવાનું ચોખ્ખું પાણી મળતું નથી. ચોખા પાણીના અભાવે દર વર્ષે દુનિયામાં ૩૫ લાખ લોકોના મૃત્યુ નીપજે છે. ભારતમાં દર વર્ષે ૬૮ હજાર જેટલા બાળકો ગંદા પાણીથી થતા ડાયેરિયા જેવી બીમારીને કારણે મૃત્યુ પામે છે. એક તરફ આપણે

સ્માર્ટ સિટી અને ઝડપથી વધતી અર્થવ્યવસ્થાની વાતો કરીએ છીએ, પરંતુ જાણીતી હકીકત એ છે કે હજુ આપણા દેશના ૭ કરોડ લોકોને ચોખ્ખું પીવાનું પાણી ઉપલબ્ધ કરાવી શકતા નથી.

દુનિયામાં દિવસે દિવસે પાણીની તંગીનું મુખ્ય કારણ પર્યાવરણની બરબાદી અને ઔદ્યોગિક વિકાસ પાછળ આંધળી દોટ છે. કોઈપણ ઉદ્યોગને ચલાવવા પાણીની જરૂર પડે છે. આપણી વ્યવસ્થા એવી છે કે ઉદ્યોગોને પ્રથમથી પાણી અપાય છે. એ તો હકીકત છે કે ઉદ્યોગોને અપાયેલું પાણી પ્રદૂષિત થઈને બહાર આવે છે અને આ પ્રદૂષિત પાણી નદી કે તળાવમાં છોડાતું હોય બીજા શુદ્ધ પાણીને પણ પ્રદૂષિત કરે છે. જ્યારે ખેડૂતોને અપાતા પાણીમાંથી ૫૦ ટકા પાણી ફરી પાછું જમીનમાં ઊતરે છે અને આ પાણી ભૂગર્ભ જળના જથ્થાને સાચવી રાખવામાં મદદરૂપ બને છે.

દેશમાં પાણીની સમસ્યાને કારણે આડેધડ બોરવેલ ખોદાઈ રહ્યાં છે જેને કારણે ભૂગર્ભ જળ ઉલેચાઈ રહ્યું છે. પરંતુ ભૂગર્ભમાંથી ઉલેચાતા પાણીના કારણે એક મોટી સમસ્યાનું સર્જન થઈ રહ્યું છે. ભૂગર્ભમાંથી સતત પાણી બહાર કાઢવામાં આવતું રહે તેથી ભૂગર્ભમાં ગેપ પડે છે અને આ ગેપ પૂરવા દરિયાનું ખારું પાણી ભૂગર્ભમાં ખેંચાઈ આવે છે. જેને કારણે ભૂગર્ભના પાણીમાં અને પછી જમીનમાં ખારાશ વધી રહી છે. આજની સ્થિતિ તો એવી છે કે જાણે આપણે પાણી વગર તરફડી મરવાનું નક્કી કરી લીધું હોય ! હવે આપણે જ વિચારવું રહ્યું કે આવનારી પેઢી માટે આપણે પાણી બચાવવા માગીએ છીએ કે નહિ !!

વર્ષ ૧૯૯૬માં પાણીની અછત ધરાવતાં શહેરોને ધ્યાનમાં રાખીને થીમ બનાવવામાં આવી હતી. ૧૪ વર્ષ બાદ ફરી એ જ થીમ વર્ષ ૨૦૧૧ના વર્ષે રાખવી પડી હતી. જે દર્શાવે છે કે દોઢ દાયકા બાદ પણ શેહરોમાં પાણીની ચિંતા ઓછી થઈ શકી નથી. શહેરો માટે સંતોષકારક પાણી મેળવવું તે એક મોટો પડકાર છે. વર્ષ ૨૦૦૩માં પણ 'ભવિષ્ય માટેનું પાણી' એવી થીમ આયોજીત કરવામાં આવી હતી. પરંતુ એ બાબતે પણ એવું કહી શકાય કે, હાલ તો આપણે આપણા વર્તમાનમાં પણ પૂરતું પાણી મેળવી કે બચાવી શકતા નથી તો ભવિષ્યનું ભાથું શું ?

વિશ્વજળ દિવસ નિમિત્તે યુ.એન. વોટર દ્વારા પ્રકાશિત કરવામાં આવેલી 'એડવોકેસી ગાઈડ એન્ડ એકશન હેન્ડ' બુકમાં નોંધવામાં આવેલી હકીકતો ઉપર એક નજર ફેરવી લેવી પણ જરૂરી છે. વિશ્વના શહેરોમાં વસતી વધારો ૨ વ્યક્તિ/સેકન્ડ છે. વિકાસ પામી રહેલા દેશોમાં છેલ્લા દશ વર્ષમાં શહેરોમાં ૯૫% વસતી વધારો થયો છે. છેલ્લા દશકામાં વિશ્વના દેશોમાં ૮૨૭.૬ મિલિયન લોકો શહેરોમાં વિસ્થાપિત થયેલા છે અને તેઓ પીવાના પાણીની અછત અને સ્વચ્છતાના મુદ્દે પ્રભાવિત થયેલા છે. વિશ્વમાં આજની તારીખે ૨૭% લોકો ઘરે પાઈપલાઈનથી પાણી મેળવી શકતા નથી. વિશ્વના મુખ્ય શહેરોમાં દર વર્ષે ૨૫૦-૫૦૦ ઘનમીટર પાણી પાઈપલાઈનમાંથી લીકેજ થતું રહે છે.

વિશ્વમાં પાણીને કારણે ઉદ્‌ભવી રહેલી બધી સમસ્યાની સામે શહેરોમાં પાણીનું યોગ્ય વ્યવસ્થાપનનો પ્રાણ પ્રશ્નનો જવાબ તો હજુ મેળવવાનો બાકી છે. જે ઝડપે શહેરોમાં વસતિ વધારો થઈ રહ્યો છે અને સામે પાણીની જે અછત ઊભી થઈ રહી છે તે પડકારની સામે વિશ્વમાં હજુ સુધી કોઈ રણનીતિનું **આયોજન** કરવામાં આવેલું નથી. જો કે ભારતવર્ષમાં હવે ભૂગર્ભજળને **વ્યવસ્થાપન** અંગેની કામગીરી **બારમી પંચવર્ષીય યોજના** મારફતે કરવાની **શરૂઆત** થઈ ગઈ છે.

## પાણીના ગંભીરતમ પ્રશ્નોને કાયમી ધોરણે કઈ રીતે ઉકેલી શકાય ?

પાણીનો પ્રશ્ન એ વિશ્વનો **ગંભીરતમ પ્રશ્ન** છે. ઘણા દેશો પીવાના પાણીની આયાત કરે છે. એમ કહેવાય છે કે હવે પછીનું યુદ્ધ પાણી માટે થશે. મોટા ભાગ પાણી બરફના સ્વરૂપમાં થીજી ગયેલું છે. વિશ્વમાં જમીન પરના કુદરતી અને કૃત્રિમ જળસંગ્રહ સ્થાનોમાં કુલ મીઠા પાણીનો ભાગ ૧ ટકા પણ નથી, માત્ર ૦.૩૬૬ ટકા જ છે. આપણા ભારત દેશમાં ૫૦ ટકાથી વધારે લોકોને શુદ્ધ સલામત પીવાનું પાણી મળતું નથી. પાણીના પ્રદૂષણના પ્રશ્નો ગંભીર બની રહ્યા છે. દેશની મહાનદીઓ સૌથી વધારે પ્રદૂષિત છે. ગુજરાત રાજ્યના ૧૫ જિલ્લાઓમાં ફ્લોરાઈટવાળા પાણીના અને ૧૬ જિલ્લાઓમાં ખારા પાણીના પ્રશ્નો છે. બોરવેલ દ્વારા મેળવાતા પાણીમાં ફ્લોરાઈટ અને નાઈટ્રેટનું પ્રમાણ વધતું જાય છે. ખારાશની તીવ્ર સમસ્યાવાળા ગામોની સંખ્યા ૪૫૦થી વધારે છે. તો ૪૦૦ ગામોમાં પાણીમાં નાઈટ્રેટના પ્રશ્નો છે. ગુજરાતમાં ૮૫ ઉપરાંત નદીઓ છે. પણ બારમાસી નદીઓ તો ૮ જ છે.

એક અભ્યાસ પ્રમાણે ભારતમાં ૧ ઘનમીટર પાણીના ઉપયોગ દ્વારા ૭.૫ અમેરિકન ડોલરના મૂલ્યનું ઉત્પાદન થાય છે. જ્યારે આટલા જ પાણીના ઉપયોગથી બ્રિટનમાં ૪૪૩.૭ ડોલર અને સ્વીડનમાં ૯૨.૨ ડોલરના મૂલ્યનું ઉત્પાદન થાય છે. આમ, આપણા દેશમાં વધારે પાણીથી ઓછું ઉત્પાદન થાય છે. ખેતીના પાકોની તરાહ એવી છે કે તેમાં વધારે પાણીની જરૂર છે, તો ઉદ્યોગોને પણ મોટા પ્રમાણમાં પાણીની જરૂર છે.

'સેન્ટર ફોર સાયન્સ એન્ડ એન્વાયર્મેન્ટ'ના અભ્યાસ પ્રમાણે ભારતના ઉદ્યોગો ૧ લીટર પાણીના વપરાશ સામે ૫ થી ૮ લીટર પાણી પ્રદૂષિત કરે છે. ભારતીય ઉદ્યોગો પ્રતિ વર્ષ આશરે ૪૦ અબજ ઘનમીટર પાણીનો વપરાશ કરે છે. અને ૨૦૦ થી ૩૨૦ અબજ ઘનમીટર પાણી પ્રદૂષિત કરે છે.

આપણે ત્યાં ઉનાળાના આરંભે જ પીવાના પાણીના પ્રશ્નનો ગંભીર બનવા લાગ્યા છે. શહેરો અને ગામોમાં પાણીના પ્રશ્નો છે. રાજ્ય સરકાર પાઈપલાઈન દ્વારા પાણી પહોંચાડવા ઉપરાંત અન્ય પ્રયાસો કરે છે. નગરપાલિકાઓ અને પંચાયતો પણ પોતાની રીતે પાણીના પ્રશ્નો હળવા બનાવવાના પ્રયાસો કરે છે. પરંતુ હવે એ સમય આવી ગયો છે કે પાણીના પ્રશ્નો ઉકેલવાના કાયમી ધોરણે પ્રયાસો દરેક વ્યક્તિએ પોતે પણ કરવા જ જોઈએ.

સૌપ્રથમ તો સપ્રમાણ સમયસર અને પૂરતા વરસાદ માટે આપણે જંગલો અને વૃક્ષોની વ્યાપક ઝુંબેશ હાથ ધરવી જોઈએ. 'છોડમાં રણછોડ છે' આ સૂત્રને સૌએ આત્મસાત કરવું પડશે. એક વ્યક્તિએ ઓછામાં ઓછા બે વૃક્ષોને ઉછેરવાની કામગીરી માટે સંકલ્પબદ્ધ થવું જોઈએ. એજ રીતે દરેક શેરીઓ, સોસાયટીઓ, ઘરઆંગણે,

ખેતરના શેઢે, સીમમાં, ખરાબાની અને બિન ઉપયોગી જમીન, દરિયા કિનારે, પહાડીઓ વગેરેમાં વ્યાપક પ્રમાણમાં વૃક્ષ ઉછેર અભિયાન હાથ ધરવું જોઈએ. વધારે ઊંચા અને ઘેઘૂર, ઘટાટોપ વૃક્ષો અને જંગલોથી વધારે વરસાદ આવશે. આજે પણ જંગલાચ્છાદિત વિસ્તારોમાં વધારે વરસાદ પડે જ છે અને વારંવાર પડે છે. આથી **પાણીના પ્રશ્નો** હલ થઈ શકશે.

સ્વર્ગસ્થ **કનૈયાલાલ મા. મુનશી** સ્વલિખિત પુસ્તકમાં જણાવે છે તેમ ''ભારત સરકારના પ્રથમ નાયબ વડાપ્રધાન તેમજ ગૃહપ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલે 'ગંગાનદીના જળથી સોમનાથ (ગુજરાત)'ને અભિષેક અને બ્રહ્મપુત્રા નદીના પ્રવાહને છેક રામેશ્વર સુધી વાળીને - આ રીતે મહાનદીઓને નાથીને (નહેરોથી સાંકળીને) સંપૂર્ણ ભારતમાં **'જળ ગ્રીડ' યોજના** તૈયાર કરી હતી.

જેથી આ મોટી નદીઓના પાણીને નાની-નાની નદીઓને પહોળી કરીને તેમાં પણ જળ વહાવીને સમુદ્રમાં જેમ વહાણો ચાલે તેમ એક-બીજી નદીઓમાં પણ 'ટ્રાન્સપોર્ટેશન-વાહન વ્યવહાર' બોટ વગેરે નેવીના સાધનોથી જળમાર્ગ ઊભો કરવાની આ યોજના હતી.

જેથી જમીનમાર્ગો ઉપર પણ વાહન વ્યવહારનું ભારણ ઓછું થાય તેમજ આ નદીઓના જળથી ખેતીપ્રધાન દેશમાં કોઈપણ રાજ્યમાં જો કદાચ વરસાદ ઓછો થયો હોય તો પણ આ નદીઓના જળથી ખેડૂતોના કોઈપણ ઋતુના પાક નિષ્ફળ ન જાય અને દેશ આ જળસંપત્તિથી સમૃદ્ધ થાય.

ગંગા અને બ્રહ્મપુત્રા નદી હિમાલયમાંથી નીકળતી હોવાથી બારેમાસ જળ ભરપૂર હોય છે, જે સાગરમાં જતું રહે છે. જેનો કાંઈ ઉપયોગ ન થાય તો તે નકામું કહેવાય. માટે આ 'જળ ગ્રીડ' યોજનાથી ભારતમાં ક્યારેય કોઈ રાજ્યમાં દુષ્કાળ પડે તો પણ જણાય જ નહિ, હંમેશાં સુકાળ જ રહે. વળી, આ 'ગ્રીડ' યોજનાના કાંઠા પર અનેક પ્રકારના નાના-મોટા ઉદ્યોગો સ્થાપી અનેક અભણ તથા ભણેલા લોકોને રોજગારી મળી રહે. જેથી આ યોજનાથી તમામ ક્ષેત્રે વ્યાપાર ઉદ્યોગો વગેરે ક્ષેત્રે સંપૂર્ણ ક્રાંતિ સર્જી શક્યા હોત, આજે અનેક રાજ્યોમાં દુષ્કાળની માઠી અસર વેઠવી પડે છે, તેવી પરિસ્થિતિ કદી આવી શકી ન હોત. (પરંતુ 'શ્રેયાંસિ બહુવિઘ્નાનિ' એ ન્યાયે અથવા કોઈપણ અવાચ્ય કારણસર તે કાર્ય આકાર લઈ શક્યું નથી.''

આ પ્રમાણે હાલમાં **જળસંચય અભિયાન**ની પણ **તાતી આવશ્યકતા** છે. વર્ષ ૧૯૯૯-૨૦૦૦ની આસપાસ લોકોમાં જે જળજાગૃતિ અને ચેતના આવી હતી તેના કરતાં અનેક ગણી **લોકચેતના**ની જરૂર છે. સૂકી નદીઓને ઊંડી અને પહોળી બનાવીને તેમાં વરસાદના પાણીને સંગ્રહ કરવું જોઈએ. આ ઉપરાંત તળાવો અને ચેકડેમોમાં વરસાદના પાણીનો સંગ્રહ કરવો જોઈએ. ચોટીલા જેવા વિસ્તારો કે જ્યાં ચારેબાજુ પહાડીઓ, ટેકરીઓ આવેલી છે. તેમાં નર્મદા, મહી, તાપીનું પૂરતું પાણી ભરીને પાણીના પ્રશ્નોને કાયમી રીતે હલ કરી શકાય. કારણ કે બાંધકામનું ખર્ચ ઓછું આવશે અને વિશાળ મહાસાગરો તૈયાર થશે. કલ્પસર યોજનાનો સત્વરે અમલ કરવા ઉપરાંત બારમાસી મોટી નદીઓને સાંકળીને સૂકી નદીઓમાં તેના પાણીને ઠાલવવું જોઈએ.

દેશમાં સિંચાઈ અને પીવાના પાણીનું મુખ્ય સ્રોત કૂવાઓ છે, તો ચોમાસાના **કૂવા રિચાર્જ** કામગીરીને ચેકડેમની સાથે જ આવરી લેવાની આવશ્યકતા છે. કૂવા રિચાર્જની કામગીરીમાં ખેતર કે વાડીમાં આવેલા કૂવા નજીક કૂંડી બનાવીને વહી જતાં પાણીને ઢાળ, પાળા, આડબંધ દ્વારા રોકીને તેને કૂંડીમાં ઠાલવવું જોઈએ. કૂંડીના પાણીને ૧૮ ઈંચના પાઈપ દ્વારા કૂવામાં ઊતારીને તે પાણી કૂવામાં જાય તે જાતની વ્યવસ્થા કરવી જોઈએ. આ ઉપરાંત શહેરી વિસ્તારોમાં ૫ થી ૧૦ મોટા ડેમો બાંધીને તેમાં વરસાદનું પાણી સંગ્રહી શકાય. **'જળ એજ જીવન છે'** તે માત્ર મનુષ્ય જ નહીં પણ તમામ પ્રાણીઓ, તમામ સૃષ્ટિ, સમગ્ર સમાજ અર્થકારણ અને સંસ્કૃતિ માટે પણ સાચું છે.

'જળ એ જીવન છે' એટલે પૃથ્વી પર મોટો જથ્થો પાણી છે. આ જળ સમુદ્રમાં ખારું છે તેમ છતાં તેમાં જીવસૃષ્ટિ છે. ચોમાસામાં વરસાદ વરસે ત્યારે અમૃત સમાન મીઠું પાણીને વહી જતું રોકવું, સંગ્રહવું, જમીનમાં ઉતારવું **આવશ્યક** છે. શિયાળામાં થોડી, ઉનાળામાં વધુ પીવાના પાણીની સમસ્યા સર્જાય છે. માનવ શરીર ખોરાકમાંથી રક્ત બનાવી શકે છે, પાણી બનાવી શકતું નથી. માટે વરસાદી પાણીનો **સંગ્રહ** કરો.

વિશ્વમાં માનવ સિવાયના પણ અસંખ્ય જીવો છે. વનસ્પતિમાં પણ જીવ છે. આ બધાનું જીવન ટકાવવા જળ **અનિવાર્ય** છે. દરેક જીવ એક બીજાને આધારિત છે. જેમ કે - વનસ્પતિમાં શાકભાજી, ફળો, અનાજ, કઠોળ વગેરે માનવ કલ્યાણ માટે છે. ઘાસ, પાંદડા વગેરે તૃણાહારી પશુઓ માટે છે. હરણ, રોજડા વગેરે માંસાહારી પશુઓ માટે છે. આ રીતે પરમાત્મા બધાનું સમતોલ રાખે છે. પરંતુ દરેક જીવસૃષ્ટિને પાણીની તો જરૂર રહે જ છે.

પાણીના મુખ્ય ઘટક હાઈડ્રોજન અને ઓક્સિજન છે. બે ભાગ હાઈડ્રોજન અને એક ભાગ ઓક્સિજન ભેગા કરીને પાણી બનાવી શકીએ, પરંતુ જીવસૃષ્ટિની **જરૂરિયાત** પૂરી પાડવા જેટલું જળ બનાવી શકાય ખરું ?

પાણીની પ્રાપ્તિનો **એક જ માર્ગ** છે - વરસાદ. એટલે પરમાત્મા જે કંઈ પાણી વરસાદ રૂપે ધરતી પર વરસાવે તે પાણી ધરતીમાં ઉતારવાના ઉપાયો કરવા જોઈએ.

ગામડામાં, શહેરમાં આવેલા તમામ બોર, કૂવામાં વરસાદી પાણી ઉતારવું, અગાશી, છત, નળિયા, છાપરાનું પાણી જમીનમાં ઉતારવું, દરેક મકાનમાં ભૂગર્ભ પાણીનો ટાંકો બનાવવો, ટાંકાનું વધારાનું પાણી રીંગદારમાં ઊતરે તેવું **આયોજન** કરવું, દરેક ઘરે આ પ્રયોગ થાય તો જમીનનું પાણી સપાટી ઉપર આવી શકે તે જ પાણી પાછું તમામ જીવોના કલ્યાણ માટે મેળવી પણ શકીએ.

ગામ, શહેરની બહાર ખેતીની જમીનમાં આવેલા બોર, કૂવામાં પણ ખેતરનું પાણી ઉતારવું, ખેત તલાવડી બનાવવી, સોસ ખાડા બનાવવા, સોસ ખાડામાં પ્રથમ મોટા પથ્થરો, નાના પથ્થરો, કાંકરી અને રેતીના થર કરવા જેથી પાણી **સ્વચ્છ** થઈને જમીનમાં ઊતરશે. પાણી જમીનમાં ઉતારવા માટે સમજદારી મુજબ દરેકે **પ્રયાસ** કરવો જોઈએ. 'આપણે પાણીને બચાવીએ, પાણી આપણને બચાવશે.'

જળ એ પરમાત્માનું **અદ્‌ભુત સર્જન** છે. જળના ત્રણ સ્વરૂપ છે. ઘન, પ્રવાહી અને વાયુ-પાણી ઘન સ્વરૂપે બરફ છે. પ્રવાહી સ્વરૂપે જળ છે અને વાયુ સ્વરૂપે વરાળ છે. પાણીના આ ત્રણેય સ્વરૂપ પણ

**ખૂબજ શક્તિશાળી** છે. પાણીનું કોઈ સ્વરૂપ સીધુ ચાલે તો સર્જન કરે અને રૂદ્ર રૂપ ધારણ કરે તો વિનાશ કરે છે. પાણીનો કોઈ રંગ નથી, પાણીનો મીઠો, તીખો, તૂરો, ખારો કે ખાટો સ્વાદ નથી. પાણીની કોઈ સુગંધ નથી તો પણ પાણી સમગ્ર જીવોમાં **જીવનરસ** બનેલું છે.

પાણી માટે દરેક મનુષ્યએ શું કરવું જોઈએ ? દરેક મકાનમાં **ભૂગર્ભ ટાંકો** બનાવવો જોઈએ. વરસાદનું પાણી અગાશી, છત, નળિયા, છાપરા ઉપરથી ભૂગર્ભ ટાંકામાં જાય તેવી **વ્યવસ્થા** ગોઠવવી જોઈએ. વરસાદી પાણી મીઠું અને અમૃત સમાન છે. પીવાના પાણી બાબતે દરેક મનુષ્યએ સ્વાવલંબી બનવું જોઈએ.

દરેક નાના-મોટા ઉદ્યોગ કારખાનામાં પણ ભૂગર્ભ ટાંકાનું **આયોજન** કરી ઉદ્યોગી અગાશી છાપરા વગેરેનું વરસાદી પાણી ભૂગર્ભ ટાંકામાં વહે તેવી **વ્યવસ્થા** ગોઠવવી જોઈએ તેમજ ઉદ્યોગમાં એકવખત વપરાયેલ પાણીને **રીસાયકલીંગ** કરી જ્યાં સુધી વાપરી શકાય ત્યાં સુધી વાપર્યા કરવું જોઈએ. છેવટે તો પાણીને પચાવી શકે તેવી વનસ્પતિ કે વૃક્ષોના ઉછેર માટે વાપરવું જોઈએ.

વિશ્વસ્તરે વિચારતા પાણી પ્રશ્ને ભારત **ગરીબ દેશ** છે. પાણી દરેક ભારતીયની મૂડી સમજીને **પાણીની બચત** કરતા શીખવું જરૂરી છે. દરેક મનુષ્યએ ખોરાક રાંધવા, વાસણ માંજવા, કપડા ધોવા, ન્હાવા, પીવા, કુદરતી હાજત વગેરે બાબતે પાણીનો સંયમપૂર્વક ઉપયોગ કરવો જોઈએ. દરેક વ્યક્તિ અને દરેક પરિવારે કૌટુંબિક વપરાશ માટે વપરાતા પાણીમાં વિવેકપૂર્ણ ઉપયોગ થાય તો તળના, તળાવના પાણીમાં બચત થાશે જ, મકાન બાંધકામ, સિમેન્ટના રસ્તાઓ, શાળાઓ, હોસ્પિટલ, ખેલકૂદના મેદાનો, મુક્તિધામો, જાહેર સ્થળોએ પણ પાણીનો **વિવેકપૂર્વક ઉપયોગ** થાય તે માટે દરેક વ્યક્તિ **જાગૃત** બને તે જરૂરી છે. ઉદ્યોગમાં, ફેકટરીમાં પણ પાણીનો સંયમપૂર્વક ઉપયોગ થાય તે જરૂરી છે. વનસ્પતિ-ખેતી વગેરેમાં પણ પાણીનો ખૂબજ વિવેકપૂર્ણ ઉપયોગ આવશ્યક છે.

આપણે સૌ પાણીને બેફામ (ખૂબજ) બગાડીએ છીએ. પાણીનો યોગ્ય અને વિવેકપૂર્ણ ઉપયોગ શીખવાની જરૂર છે. વિશ્વમાં પીવાલાયક પાણીનો જથ્થો ખૂબજ મર્યાદિત છે. પીવાલાયક પાણીમાં થતું પ્રદૂષણ એ **મોટી સમસ્યા** છે. પાણીની બચત અને પાણીનો કરકસરપૂર્વક ઉપયોગ એ ભવિષ્યની **આવશ્યકતા** છે.

પૃથ્વી પર પીવાલાયક પાણી માટે, પરમાત્મા વરસાદ વરસાવીને પાણી આપે છે. વરસાદી પાણી કુદરતી રીતે જમીનમાં ઊતરે છે જે **ભૂગર્ભ જળ** તરીકે ઓળખાય છે. માનવ ડેમ બાંધીને પાણીને રોકે છે જે નદી-તળાવના પાણી તરીકે છે. કુદરતને **સહયોગી** થવા વધુમાં વધુ પાણીને જમીનમાં ઉતારવું જોઈએ તેમજ પૃથ્વી પર વરસાદી પાણી જ્યાં જ્યાં અનુકૂળતા જણાય ત્યાં ત્યાં રોકવું જોઈએ.

➠ **વરસાદી પાણીનો સંગ્રહ :**

પાણી બાબતે સ્વાવલંબન મેળવવાની **પરંપરાગત** પદ્ધતિ :

પાણી એ પરમાત્માએ આપણને **જીવન** આપ્યું છે અને આજે આપણે જીવનનિર્વાહ માટે પાણી મેળવવા વલખાં મારી રહ્યા છીએ. અગાઉના સમયમાં શ્રેષ્ઠીઓ પાણીના પરબ બંધાવતા હતા જ્યારે આજે પાણી બાબતે ક્યારેક લોકો એકબીજા સાથે ઝઘડા પણ વહોરી લે છે.

પાણીની કિંમત બધા લોકો જાણે છે. બધાને ખબર છે કે, પાણી નહીં હોય તો જીવન શક્ય નથી, વળી આ પાણીને કેવી રીતે સાચવવું એ બાબતે લોકોમાં **જાગૃતિ** આવી છે પણ હજુ તેમાં **વધુ પ્રયત્નો** કરવાની જરૂર છે. શહેરમાં વસતા નાગરિકો એવું માને છે કે, પાણી અંગેની ચિંતા આપણે નહિ પણ તંત્રએ કરવાની છે. આ વિચારધારા ખોટી કહી શકાય. ખોટી એટલા માટે કહી શકાય કે, પાણીની જરૂરિયાત આપણને છે માટે એ બાબતે સ્વાવલંબન મેળવવું એ આપણી **નૈતિક ફરજ**નો એક ભાગ છે.

પાણી બાબતે સ્વાલંબન કેવી રીતે મેળવી શકાય ? જવાબ સ્પષ્ટ છે - જેણે જીવન આપ્યું છે એ જ **કુદરતી શક્તિ** આપણને વિપુલ પ્રમાણમાં પાણી આપે છે પણ આપણે તેનો યોગ્ય રીતે સંગ્રહ કરતાં નથી. વરસાદ... પરમાત્માની પ્રસાદી છે અને આ પ્રસાદીને આપણે સંગ્રહ કરવાને બદલે વેડફી નાખીએ છીએ. દરેક ક્ષેત્રની કુદરતી લાક્ષણિકતા પ્રમાણે યોગ્ય માત્રામાં પૂરતો વરસાદ મળી રહે છે. એ વરસાદી પાણીનો કેવી રીતે સંગ્રહ કરવો એ અંગેની જાગૃતિ જે તે વિસ્તારના લોકોમાં હોવી જરૂરી છે. કચ્છપ્રદેશની વાત કરીએ તો વરસાદ તો આપણે ત્યાં થાય છે પણ એ વરસાદને સંગ્રહ કરવા માટેના 'ઠામ' પણ હોવા જરૂરી છે. આપણા કચ્છપ્રદેશના ઠામ એટલે આપણા જળસંગ્રહના સ્થાનો જેમાં તળાવો પણ આપણી **સાંસ્કૃતિક વિરાસત** છે. તળાવો કે જે વર્ષો પૂર્વે અસ્તિત્વ ધરાવતા હતા પણ આજે આપણે કેટલાક કારણોસર આવા **મહામૂલા ઠામો** તરફ ઉદાસીન બન્યા છીએ.

તળાવો આપણી **સંસ્કૃતિ** છે, અને જે પ્રદેશમાં આ સંસ્કૃતિની જાળવણી થતી નથી એ પ્રદેશના **વિકાસ**ની **ગતિ** પણ મંદ પડી જાય છે. વરસાદી પાણીનો સંગ્રહ તળાવોમાં થશે તો ભૂતળમાં પાણી રિચાર્જ થશે અને રિચાર્જ થયેલું પાણી આપણે કૂવા-બોરવેલ દ્વારા મેળવી શકીશું. આપણા કૂવા-બોરવેલ સતત જીવંત રહે એ માટે **તળાવો** જીવંત રહેવા જરૂરી છે.

જેઠ સુદ ૧૧, નિર્જલા એકાદશી - ભીમ અગિયારશ... એટલે વર્ષાની છડી પોકારતો દિવસ...!! ભીમ અગિયારશના દિવસે અચૂક વરસાદ પડે અને ધરતી ઉપર મહાલતો માનવી તેને કુદરતનો સંકેત સમજીને **વર્ષાૠતુ** શરૂ થઈ છે એવું અનુમાન લગાવે. પરંતુ આજના પ્રદૂષિત પર્યાવરણને કારણે આ કુદરતી પ્રક્રિયામાં વિક્ષેપ પડ્યો છે એમ કહી શકાય. ૠતુચક્રમાં **ફેરફાર** થઈ રહ્યા છે. કોણ જવાબદાર છે ? જવાબ આપણને ખબર છે પણ કોઈ જવાબદારી લેવા તૈયાર નથી.

આપણી **લોકસંસ્કૃતિ** પણ પરમાત્મા સાથે સંકળાયેલી છે. ભીમ અગિયારશ આવે એટલે જળસંગ્રહના સ્થાનો અને જળસ્રોતોની સાફ-સફાઈ કરવામાં આવે... પરંપરાગત સંસ્કૃતિનું શહેરીકરણ અને વિકાસના વાયરામાં **છેદન** થતું જોવા મળે છે.

જે પ્રદેશમાં વરસાદ ઓછો પડતો હોય ત્યાં સપાટીય **જળસ્રોતો**નું મહત્ત્વ આપોઆપ વધી જાય છે. ભુજ શહેરની જ વાત લઈએ તો કચ્છ-ભુજના ભૌગોલિક સ્થાન પ્રમાણે અહીં ઓછો વરસાદ પડે છે,

પણ જેટલો વરસાદ પડે છે એ વરસાદી પાણીને રોકી તેનો **સદ્‌ઉપયોગ** કરવા માટે ભુજ શહેરની આસપાસ ૪૩ તળાવો આવેલા છે. આ તળાવો ભુજ શહેરના સેન્ડસ્ટોનને રીચાર્જ કરે છે. ભુજ જેવા નાના શહેર માટે વરસાદી પાણી કેટલું મહત્ત્વનું છે તે આ તળાવોની સંખ્યા ઉપરથી જાણી શકાય છે. જળસ્રોત સ્નેહ સંવર્ધન સમિતિ અને એકટ સંસ્થા દ્વારા આ તળાવોના નવીનીકરણ કરવાની પ્રક્રિયાઓ જે તે વિસ્તારના સંલગ્ન નાગરિકોને સાથે રાખીને શરૂ કરવામાં આવી છે.

## પાણીનો કાર્યક્ષમ ઉપયોગ કરીએ :

ભૂગર્ભમાં સંચિત થયેલું **વરસાદી પાણી** કપરા સમયે **ખૂબજ ઉપયોગી** બની રહે છે પણ એક વાત અહીં નોંધવા જેવી છે કે, કપરા સમયે ભૂગર્ભના પાણીનો સુચારુ અને વ્યવહારુ ઉપયોગ કરવો જોઈએ. આવા સમયે ખાસ કરીને પાણીનો બગાડ તો બિલકુલ કરવો જોઈએ નહીં અને બીજી મહત્ત્વની વાત એ છે કે, પાણીની આપણી જરૂરિયાતને સ્વયં ઘટાડવાની પહેલ કરવી જોઈએ. જ્યાં એક ડોલથી કાર્ય સંપન્ન થતું હોય ત્યાં અડધી ડોલનો ઉપયોગ કરીએ તો ઉનાળો પસાર કરવામાં ઓછો શ્રમ પડશે. ભવિષ્યમાં વરસાદ સારો પણ થયો હોય અને આપણી પાસે પર્યાપ્ત માત્રામાં પાણી હોય ત્યારે પણ પાણીનો કાર્યક્ષમ અને યોગ્ય ઉપયોગ કરીએ તો પાણીનો બચાવ થાય છે અને કપરા કાળમાં એ પાણી **અમૃત સમાન** લાગે છે.

વરસાદ ન આવે ત્યારે પાણીની તંગી અનુભવાય છે તે વાત આપણે જાણીએ છીએ. આમ છતાં પણ આપણે પાણી બાબતે આગોતરી તૈયારી કરતા નથી એ **ખેદજનક** છે. વરસાદની ઋતુ શરૂ થવાની હોય ત્યારે વધુ વરસાદ અને ઓછો વરસાદ જેવી બંને પરિસ્થિતિ અંગેની **આગોતરી તૈયારી** લોકો તથા તંત્ર દ્વારા થવી જોઈએ. જો કે આવી તૈયારીઓ કરવામાં આવતી નથી અને જે હશે તે જોઈ લેશું જેવી નીતિ અપનાવીને આપણે મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

વરસાદની ઋતુમાં વરસાદી પાણીનો **સંગ્રહ** કરવામાં આવેલો હોય તો ઓછા વરસાદની પરિસ્થિતિમાં પાણીની તંગીની તીવ્રતામાં ઘટાડો અનુભવી શકાય છે. એવી જ રીતે આખા વર્ષ દરમ્યાન અને ખાસ કરીને વરસાદની ઋતુ પહેલા આપણે જળસ્રોતોની યોગ્ય માવજત કરેલી હોય તો વધુ વરસાદમાં પૂર પ્રકોપ જેવી સ્થિતિને દૂર કરી શકાય છે. બંને પરિસ્થિતિમાં જે કંઈ પણ કરવાનું છે તે આપણે કરવાનું છે. શું કાર્ય કરવાનું છે ? ક્યારે કાર્ય કરવાનું છે ? આ બાબતની આપણે જાણ હોવા છતાં પણ આપણે કશું કરતા નથી અને પછી પાણી બાબતે આપણે નાહકના પરમાત્માને દોષિત જાહેર કરીએ છીએ ત્યારે આપણી **અપરિપક્વતા** છતી થાય છે. પરમાત્મા નિયમિત છે. પરમાત્મા કદી પોતાના સમયને આઘો-પાછો કરતા નથી. આપણા કેટલાક અસંગત કાર્યોને કારણે પરમાત્માની નિયમિતતામાં ખલેલ પહોંચી છે. આ ખલેલ પણ પરમાત્મા પોતાની જાતે જ સુધારી લે તેમ છે પણ શરત માત્ર એટલી છે કે, આપણે પરમાત્માને **હકારાત્મક સહયોગ** આપીએ !!!

શહેરોમાં ખાસ કરીને નાના શહેરોમાં પાણી બાબતે વિચારવાની ખાસ જરૂર જણાય છે. પાણીના સંદર્ભમાં વિચારધારા બદલવાની જરૂર છે. લોકમાનસમાં એક છાપ એવી છે કે, પાણી આપણા ઘર સુધી પહોંચાડવું એ **તંત્રની ફરજ** છે. સાચી વાત છે પણ આપણા ઘર સુધી પહોંચેલા એ પાણીનો કાર્યક્ષમ અને યોગ્ય ઉપયોગ કરવો એ આપણી પણ **નૈતિક ફરજ** છે. મૂળભૂત રીતે તો પાણી આપણી જરૂરિયાત છે માટે એ જરૂરિયાતને પૂર્ણ કરવાની જવાબદારી પણ આપણી જ છે. આપણે આપણી પાણીની જરૂરિયાતને પૂર્ણ કરવા માટેના પગલાઓ લઈશું તો તંત્ર પણ આપણને ચોક્કસ મદદરૂપ થશે એ વાતમાં શંકાને કોઈ સ્થાન નથી.

જીવ માત્રની અનિવાર્ય જરૂરિયાત એટલે **પાણી**. પાણી સજીવો માટે અત્યંત આવશ્યક છે. દરેક સજીવના અસ્તિત્વ અને વિકાસ માટે પાણી જરૂરી છે. પરંતુ સીધું ઉપયોગમાં લઈ શકાય તેવા પાણીનો જથ્થો મર્યાદિત છે. તેમાંય બિન આયોજીત ઝડપી ઔદ્યોગિક વિકાસ, વસ્તી વધારો, ગ્લોબલ વોર્મિંગ અને પાણીના પ્રદૂષણના કારણે સીમિત ઉપલબ્ધ જળના પુરવઠામાં સતત ઘટાડો થતો ગયો છે. જો આવી સ્થિતિ ચાલુ રહેશે તો નજીકના ભવિષ્યમાં જળ માટે યુદ્ધો થાય તેવી સ્થિતિનું નિર્માણ થશે. આવા ભયંકર સંજોગોમાંથી બચવા, સજીવોનું અસ્તિત્વ અને ટકાઉ વિકાસની પરિકલ્પના સાકાર કરવા અત્યારથી જ **જળ વ્યવસ્થાપન** કરવું **અનિવાર્ય** બન્યું છે.

આપણે સૌ જાણીએ છે કે, પૃથ્વીના કુલ ક્ષેત્રફળમાંથી અંદાજિત ત્રણ ભાગ પાણી અને ચોથો ભાગ જમીન છે. સાથે એ પણ વાસ્તવિકતા છે કે, તેમાં ૯૭ ટકા પાણીનો જથ્થો સમુદ્રમાં છે જે પાણી સ્વાદમાં ખારું હોવાથી તે વપરાશ માટે સીધું ઉપયોગમાં લઈ શકાતું નથી. આશરે ૨.૭ ટકા પાણી વિશાળ હિમક્ષેત્રોમાં બરફ રૂપે છવાયેલું છે. અને માત્ર ૦.૩ ટકા મીઠું પાણી સરોવરો નદીઓ, કૂવા દ્વારા આપણા માટે પ્રાપ્ય છે. આમ શુદ્ધ જળ અથવા મીઠું પાણી કેટલું મહત્ત્વ ધરાવે છે તેનો અંદાજ મૂકી શકાય તેમ છે. પાણી દરેક સજીવ માટે અસ્તિત્વ ટકાવી રાખવા જરૂરી જ નહીં પરંતુ અનિવાર્ય છે.

### ૧. ભારતમાં જળની ઉપલબ્ધિ :

જો કે ભારત જળ સંપત્તિથી સમૃદ્ધ દેશ છે. ભારતમાં ઉપલબ્ધ જળ રાશીની વિગતો જોતા જણાય છે કે આપણી પાસે કુદરતી રીતે ઉપલબ્ધ જળ પૂરતા પ્રમાણમાં હોવા છતાં આપણે તેનું યોગ્ય આયોજન કરી શકતા નથી.

ભારતીય સંસ્કૃતિનો વિકાસ જ નદી કિનારે થયેલ છે. ભારતમાં પ્રાચીન યુગથી જ પાણીને જળદેવતા અને નદીને લોકમાતાની ઉપમા આપવામાં આવેલ છે. ભારત ત્રણ ઋતુ ધરાવતો દેશ છે. જેમાં ચોમાસામાં વરસાદ દ્વારા દર વર્ષે ૪૦૦ મિલીયન હેકટર જળ સાધનો પ્રાપ્ત થાય છે. જેમાંથી ૭૦ મિ.હે. પાણી તાત્કાલિક વહી જાય છે. ૧૧૫ મિ.હે. નદી સરોવર, કૂવામાં એકત્રિત થાય છે. અને ૨૧૫ મિ.હે. જમીનમાં શોષાય છે. આ સ્થિતિ પાણીના સંગ્રહના આયોજનનો અભાવ બતાવે છે. ભારતમાં અનેક નાની-મોટી નદીઓ વહે છે. જેમાં ૧૨ મુખ્ય નદીઓ છે. આ નદીઓમાં ગંગા, બ્રહ્મપુત્રા અને સિંધુ સૌથી મોટી નદીઓ છે. મુખ્ય નદીઓનો જળસંગ્રહ

વિસ્તાર ૨૫ કરોડ ૨૮ લાખ હેકટર નદીઓ જેટલો છે. જે કુળ જળસંગ્રહ વિસ્તારના ૪૩ ટકાથી પણ અધિક છે. બીજી મુખ્ય નદીઓમાં ગોદાવરી, ક્રિષ્ના, નર્મદા અને મહાનદીનો સમાવેશ થાય છે. જે ૧૦૩૫ લાખ હેકટર જળસંગ્રહ ધરાવે છે. જ્યારે મધ્યમ કદની નદીઓનો જળસંગ્રહ વિસ્તાર ૨૫ લાખ હેકટર જેટલો છે. આમ ભારતના મુખ્ય જળસ્રોતમાં નદીઓ મુખ્ય છે. માટે જ ભારતમાં નદીઓ માટે લોકમાતાની ઉપમા આપવામાં આવી છે તે સાર્થક જ છે.

**૨. વિવિધ કાર્યો માટે પાણીનો વધતો જતો ઉપયોગ :**

ભારત દેશ **વિકાસશીલ રાષ્ટ્ર** છે. ભારતીય અર્થતંત્રમાં ખેતી ક્ષેત્રનું સ્થાન હજુય આર્થિક વિકાસના એન્જિન જેવું છે. ભારતમાં વધતી જતી વસ્તીને અન્ન પૂરું પાડવા, ઔદ્યોગિક વિકાસ જળવાય રહે તે માટે કાચો માલ પૂરો પાડવા તથા સેવા ક્ષેત્રના વિકાસ માટે ખેતીમાં 'સઘન ખેતી' વધતી જાય છે. અર્થાત સિંચાઈ માટે પાણીની જરૂર વધતી ગઈ છે. ભારતમાં કુલ જળ સાધનોના ૯૨ ટકા જળ સાધનો સિંચાઈ માટે વપરાય છે. તેમાંય ગ્લોબલ વોર્મિંગના કારણે ઋતુચક્રમાં ફેરફારો થતા રહે છે, તેથી વરસાદની અનિશ્ચિતતા વધી છે અને તેથી ભૂગર્ભ જળ પરનો આધાર વધતો ગયો છે. ૮ ટકા જળ ઔદ્યોગિક અને ઘર વપરાશ માટે વપરાય છે. ભારતમાં ઝડપી વસ્તીવૃદ્ધિ થતા ૨૦૩૦માં દેશની ૨/૩ વસ્તીને શુદ્ધ પીવાનું પાણી નહીં મળે. વર્તમાન સમયમાં દિલ્હી, કોલકત્તા, ચેન્નાઈ અને મુંબઈ જેવા મેગા સિટીમાં પાણીની માંગ વધીને બમણી થવા જઈ રહી છે. શહેરીકરણનો વધારો થતા પાણીની વિતરણ વ્યવસ્થા યોગ્ય રીતે જાળવી શકાતી નથી તેમાં શહેરોના ભોગ વિલાસ ભરી જિંદગી જીવવા ટેવાયેલા લોકોમાં પાણીના બગાડની કુટેવો કારણરૂપે જોવા મળે છે. અલબત આવા કુટુંબો ગ્રામ્ય વિસ્તારોમાં પણ ક્યાંક ક્યાંક જોવા મળે છે. તેથી માથાદીઠ પાણીનો વપરાશ વધતો જાય છે.

વિશ્વમાં સૌથી વધુ ચાર પગવાળા પશુઓ ભારતમાં છે. આ પશુઓની સંખ્યામાં વધારો થતો જાય છે. તેમના જીવન માટે તેમજ પાલતુ પશુઓને નવડાવવા-ધોવડાવવા માટે પાણીનો વપરાશ વધતો જાય છે. ઈ.સ. ૧૯૫૧માં ભારતમાં નાગરિકોને દર વર્ષે માથાદીઠ ૫૧૭૭ ઘનમીટર જેટલું મીઠું પાણી મળતું હતું. હાલ પ્રતિવર્ષ પ્રતિ વ્યક્તિએ પાણીની ઉપલબ્ધતા ૧૫૨૫ ઘનમીટર છે. પાણીના સંગ્રહનું યોગ્ય આયોજન નહીં હોય તો ૨૦૨૫માં માત્ર ૧૦૬૦ ઘનમીટર થઈ જશે. આથી જ **વિશ્વબેંક** પોતાના **અહેવાલ**માં એમ જણાવે છે કે, ભારત પાણીનો વપરાશ કરવાની પોતાની આદતો બદલશે નહીં તો આગામી બે દાયકામાં ભારત પાસે **પાણીનો વહીવટ** કરવા માટેના **રૂપિયા** નહીં હોય અને લોકોની પ્યાસ બુઝાવવા માટે પાણી નહીં હોય. દેશમાં ઉદ્યોગોનો વિકાસ છેલ્લા કેટલાક સમયથી ઝડપથી થઈ રહ્યો છે. ઉદ્યોગો પોતાની ઉત્પાદન પ્રક્રિયા દરમ્યાન પાણીનો ઉપયોગ કરે છે. તેમજ કાચા માલને શુદ્ધ કરવા કે ઉત્પાદિત થયેલ તૈયાર માલના શુદ્ધિકરણ માટે પાણીનો બેરોકટોક (બેફામ) ઉપયોગ કરે છે. ઉદ્યોગોની કુલ સંખ્યામાં વધારો થતા, ઉત્પાદન ટેકનોલોજી બદલતા અને વિશ્વબજાર હાંસલ કરવામાં ઝડપી ઉત્પાદન પ્રક્રિયા અમલમાં મૂકતા પાણીનો વપરાશ વધ્યો છે. સાથે સાથે ઉદ્યોગોએ પાણીનું પ્રદૂષણ પણ વધાર્યું છે.

ભારતમાં પાણીનો કુલ વપરાશ છે તેના ૧૫ ટકા પાણી ઉદ્યોગોમાં વપરાય છે. ઉદ્યોગો **પાણીનો વપરાશ** બે રીતે કરે છે. ઠંડાપીણા, ફુડ, કલોલ આલ્કી જેવા ઉદ્યોગમાં પાણી ઘટક તરીકે વપરાય છે. બીજી રીતે મોટા ભાગના ઉદ્યોગોમાં ગરમીનું વહન કરવા પ્રોસેસિંગ કરવા માટે પાણીનો ઉપયોગ થાય છે. અને તેમાંથી ૯૫ ટકા જેટલું પાણી પ્રદૂષિત બનાવીને બહાર છોડવામાં આવે છે. વળી આ પ્રદૂષિત પાણી નજીકના તળાવ, નદી, કૂવા કે ભૂગર્ભજળને પ્રદૂષિત બનાવે છે.

ઊર્જા એ ૨૧મી સદીના ભારતનું એક મહત્ત્વનું અંગ છે. ઔદ્યોગિક વિકાસ, ખેતીક્ષેત્રે સિંચાઈ અને પ્રોસેસીંગ માટે દેશની માથાદીઠ આવક વધતા સુખ સગવડના સાધનો વધવા કારણે અને સેવાક્ષેત્રનો પણ વિકાસ થતા તેમાં પણ ઊર્જાની માંગમાં ધરખમ વધારો થતો જાય છે. આમ, ઊર્જાના ઉત્પાદન માટે પાણીની માંગમાં ઝડપી વધારો થઈ રહ્યો છે. પાવર પ્લાન્ટો ઉદ્યોગોના ભાગે આવતું ૮૮ ટકા પાણીનો ઉપયોગ કરે છે. સાથે સાથે ભારતમાં એક મેગાવોટ વીજળીનું ઉત્પાદન કરવા ૮૦ ઘનમીટર પાણી વેડફાય છે. જ્યારે વિશ્વના શ્રેષ્ઠ પાવર પ્લાન્ટમાં આટલી ઊર્જા વર્તમાન સમયમાં પણ ભારતમાં વાસ્તવિક જળની પ્રાપ્તિ અને વપરાશ વચ્ચેનો ફરક વધતો જાય છે જે ભારત માટે ખતરાની નિશાની સમાન છે. ભારતમાં પાણીની વધતી જતી માંગ અને તેની સિમિત ઉપલબ્ધતાના લીધે જળ સંકટ વધુ ને વધુ ઘેરું બનતું જાય છે. પાણીની અછત ઊભી થવાનું એક અગત્યનું કારણ ભૂગર્ભ જળનું વધુ પડતું દોહન પણ છે.

**૩. ભૂગર્ભ જળનું વધતું જતું દોહન :**

વર્તમાન સમયમાં ભારતમાં નદી, સરોવર, તળાવ વગેરે જેવા સપાટી પરના **જળ સ્રોત** છે. જેની ઉપલબ્ધતા ઘટતી જાય છે. ગ્લોબલ વોર્મિંગના કારણે ઋતુચક્રમાં ફેરફાર થવાના કારણે કેટલાક વિસ્તારમાં દુષ્કાળ પડે છે. તો કેટલાક વિસ્તારોમાં લીલો દુષ્કાળ આમ વરસાદની અનિશ્ચિતતાના કારણે અને જળ પ્રદૂષણ વધવાના કારણે ભૂગર્ભ જળ પર વધુ આધાર રાખવો પડે છે. તેથી ભૂગર્ભ જળનું જેટલું રિચાર્જિંગ થાય છે તેનાથી વધુ તેનું દોહન થાય છે. પરિણામે ભારતના કેટલાક વિસ્તારમાં ભૂગર્ભ જળ સપાટી નીચી ઊતરતી જાય છે. એક અંદાજ મુજબ જ્યાં જળસ્તર નીચું છે ત્યાં ૨.૧ કરોડ કૂવા ખોદાઈ ગયા છે. **વિશ્વબેંક** પોતાના **અહેવાલ**માં જણાવે છે કે, ભારતની સિંચાઈની ૭૦ ટકા જરૂરિયાત માટે ભૂગર્ભજળનો ઉપયોગ થઈ રહ્યો છે અને ૮૦ ટકા જેટલું પીવાનું પાણી જમીનમાંથી ખેંચવામાં આવે છે. તેના કારણે ભૂગર્ભજળના બધા જળભંડારો ખતમ થઈ ગયા હશે અને આખો દેશ પાણી વિના તરફડતો હશે. ભૂગર્ભજળના વધુ દોહનના કારણે **કેટલાક પ્રશ્નો** ઉપસ્થિત થયા છે જેની **ચર્ચા** વિગતવાર આ મુજબ છે.

**૪. ભૂગર્ભ જળના વધુ પડતાં દોહનથી ઊભા થતા પ્રશ્નો :**

૪.૧ **વધુ વીજ વપરાશ :** ભૂગર્ભજળની સપાટી નીચે જતા પાણી બહાર લાવવા માટે વીજ મોટરનો ઉપયોગ થાય છે. દા.ત. સિંચાઈ માટે જેમ પાણીનું સ્તર નીચું તેમ હોર્સ પાવરની મોટરનો ઉપયોગ

કરવો પડે છે. તેથી વીજ વપરાશ વધે છે. આમ છતાં જોઈતા પ્રમાણમાં પાણી પ્રાપ્ય થતું નથી એટલે કે પાણીની સપાટી નીચી હોવાના લીધે પાણીની મોટરો વધુ સમય ચાલુ રાખવી પડે છે. આમ ખેડૂતનો ઉત્પાદન ખર્ચ પણ વધુ આવે ઉપરાંત ઉદ્યોગોને વીજ પુરવઠો જોઈએ તેટલા પ્રમાણમાં આપી શકાતો નથી તેથી કૃષિક્ષેત્રનો અને પરિણામે દેશનો આર્થિક વિકાસ રૂંધાય છે.

૪.૨ **પાણીમાં ભળતા ક્ષારો** : ભૂગર્ભ જળના વધુ પડતા વપરાશના કારણે ભૂગર્ભમાં રહેલા વિવિધ ક્ષારો પાણીમાં ભળે છે. સાથે સાથે દરિયાનું પાણી પણ ભૂગર્ભ જળમાં ભળી જાય છે. આમ થવાથી ભૂગર્ભ જળ ખેત ઉત્પાદન કે જીવન જરૂરિયાત માટે ઉપયોગમાં લઈ શકાતું નથી. અને જો ઉપયોગમાં લેવામાં આવે તો તેની પ્રતિકૂળ અસરો પડે છે. દા.ત. ગુજરાતના ૧૦૪૮ ગામોમાં ૭૫૦૦ પી.પી.એમ કરતા પણ વધારે ટી.ડી.એસ. ક્ષારીયતા ભૂગર્ભ જળમાં છે. આવા ગામો પૈકી ૫૩૪ ગામો સૌરાષ્ટ્ર વિસ્તારમાં છે. આ ઉપરાંત ઉત્તર ગુજરાતમાં ફોસિલ વોટર પ્રાપ્ત થાય છે જે ખેતી અને માનવ જીવન માટે ઉપયોગી નથી. અને આમ છતાં આવા પાણીનો ખેતીમાં ઉપયોગ થવા લાગતાં જમીનની ફળદ્રુપતા ઘટવા પામી છે.

૪.૩ **જમીનની ઘટતી ફળદ્રુપતા** : ભૂગર્ભજળનું વધુ પડતું દોહન થવાથી દરિયાકિનારાના પ્રદેશમાં દરિયાનું ખારું પાણી ભૂગર્ભજળમાં પ્રવેશતા સિંચાઈ માટેનું પાણી ક્ષારવાળું બને છે. આવું પાણી સિંચાઈ માટે ઉપયોગમાં લેતા જમીનની ફળદ્રુપતા ઘટે છે અને જમીનમાં ખારાશ આવે છે. એક અંદાજ પ્રમાણે જમીનની અલ્પમાત્રની ખારાશ ઉત્પાદનમાં ૧૫ ટકા જેટલો ઘટાડો લાવે છે. જ્યારે મધ્યમ પ્રકારની ખારાશથી જમીનમાં આવતા ઉત્પાદનમાં ૬૫ ટકા ઘટાડો થાય છે. ખૂબ ઊંડેથી જળ બહાર લાવી સિંચાઈ માટે તેનો ઉપયોગ કરવામાં આવતા ભૂગર્ભ જળનું ઉષ્ણતામાન ઊંચુ હોય છે. જો સિંચાઈ માટે આવું પાણી ઉપયોગમાં લેવામાં આવે તો જમીનની ફળદ્રુપતામાં ઘટાડો થાય છે તથા પાકને નુકસાન થાય છે. ઉત્તર ગુજરાતમાં આવા ગરમ પાણી નીકળતા ખેડૂતોને મોટો હોજ બનાવવો પડે છે. અને પાણીને ઠંડું પાડ્યા બાદ તેને સિંચાઈ માટે ઉપયોગમાં લે છે. તેથી ખેડૂતને જમીન ફળદ્રુપતા સાચવવામાં સમય, શક્તિ અને નાણાનો ભોગ આપવો પડે છે.

૪.૪ **માનવ સ્વાસ્થ્ય પર વિપરીત અસર** : જમીનમાંથી ખૂબ ઊંડેથી બહાર લાવવામાં આવેલ પાણી માનવ માટે સીધું ઉપયોગી હોતું નથી. છતાં પાણીની તીવ્ર અછત પ્રવર્તી હોવાના કારણે કેટલાક ચોક્કસ વિસ્તારમાં તેનો વપરાશ થતો જોવા મળે છે. આવા પાણીમાં ક્ષારનું પ્રમાણ વધુ હોવાથી પથરી થવાનો ભય, ફોસિલ વોટર હોય તો ફ્લોરાઈઝ અને નાઈટ્રેટનું ભયજનક સ્તર હોય છે. આના કારણે નવજાત શિશુ ને બ્લુંબેબી નામનો રોગ થાય છે. ઉપરાંત દાંત અને હાડકાનો ફ્લોરોસિસ રોગ થાય છે. આમ ક્ષારયુક્ત પાણીના ઉપયોગથી માનવ સ્વાસ્થ્ય પર માઠી અસર થવા પામે છે. શહેરોમાં પીવાનું પાણી પ્રદૂષિત બનવાથી પણ શહેરી વસ્તીના સ્વાસ્થ્ય પર માઠી અસરો પડતી જોવા મળે છે.

૪.૫ **દૂધ ઉત્પાદકતા ઉપર થતી વિપરીત અસરો** : પશુપાલન વ્યવસાયના વિકાસનો મુખ્ય આધાર પાણીની ઉપલબ્ધિ પર છે. પશુઓને પીવા માટે તથા ઘાસચારાનું ઉત્પાદન કરવા માટે પાણી અતિ આવશ્યક છે. આથી પાણીની અછતની સીધી અસર પશુપાલન વ્યવસ્થા પર પડે છે. પાણીના અભાવમાં પશુપાલકોએ પોતાના પશુઓ સાથે એક વિસ્તારમાંથી બીજા વિસ્તારમાં સતત ભટકતા રહેવું પડે છે. આ ઉપરાંત પાણીની અછતના કારણે પશુઓને પૂરતો લીલો ઘાસચારો પણ મળી શકતો નથી. જેના લીધે પણ પશુઓની દૂધ ઉત્પાદકતા પર માઠી અસર થવા પામે છે.

૪.૬ **સિંચાઈનો પ્રશ્ન** : ભારત એક ખેતીપ્રધાન દેશ છે. આઝાદીના સાત દાયકાબાદ પણ આજે દેશની ૬૦ ટકા જેટલી જમીન સિંચાઈ વિહોણી છે. એકબાજુ દેશમાં ખાદ્યાન્ન તથા અન્ય ખેતપેદાશોની અછત પ્રવર્તે છે. અને બીજી બાજુ સિંચાઈ માટે પૂરતું પાણી ન મળવાથી લાખો એકર જમીન ખેડાયા વિનાની પડી રહી છે. અર્થાત્ આવી જમીનમાં એકથી વધુ પાક લેવાનું મુશ્કેલ કે અશક્ય બને છે. ભારત જેવા ગરીબ દેશમાં એકબાજુ અનાજ અને અન્ય ખેતપેદાશોની આયાતો પાછળ કરોડો રૂપિયા ખર્ચ કરવામાં આવે છે અને બીજી બાજુ સરકાર સિંચાઈની સુવિધા વધારવા પાછળ નાણાં ખર્ચ કરવામાં અસમર્થતા અનુભવે છે. ભારતમાં હરિયાળી ક્રાંતિના આગમન બાદ સુધારેલા બિયારણોનો ઉપયોગ વધ્યો છે. સુધારેલા બિયારણોને વધારે પાણીની જરૂર પડે છે. જો સમયસર પૂરતા પ્રમાણમાં પાણી ન મળી શકે તો આવા બિયારણો સારી ઉપજ આપી શકતા નથી. ભારતમાં વરસાદની અનિયમિતતા અને સિંચાઈની અપૂરતી સુવિધાના કારણે સુધારેલા બિયારણોનો પૂરતો ઉપયોગ થઈ શકતો નથી. અને જ્યાં ઉપયોગ થાય છે ત્યાં પણ પાણીની અછતના કારણે સારી ઉત્પાદકતા મળી શકતી નથી. આમ પાણીની અપૂરતી ઉપલબ્ધિથી ખેતી ક્ષેત્રે **અનેક પ્રશ્નો** સર્જાયા છે. પીવાના પાણીની અછતના સમયમાં ખેતી માટેનું પાણી પીવાના ઉપયોગ માટે અનામત રાખવામાં આવે છે. આમ, પાણીની અછતના સમયમાં કે જ્યારે એકબાજુ ખેતરમાં પાક સૂકાતો હોય ત્યારે જ ખેડૂતોને ડેમમાંથી પાણી મળી શકતું નથી. આમ ઉપલબ્ધ પાણી સંગ્રહ અને વિતરણના યોગ્ય આયોજનના અભાવમાં ખેતીક્ષેત્રને ઘણી જ મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.

**૫. જળસંગ્રહનું ખામી ભરેલ આયોજન :**

ભારતમાં ઊભી થયેલ જળ કટોકટી માટે પાણીની અછત કરતાં પાણીના સંગ્રહની **ખામી ભરેલી વ્યવસ્થા** વધુ જવાબદાર છે. ભારતમાં સપાટી પરના પાણીના સંગ્રહ સ્થાનોમાં **ચિંતાજનક ઘટાડો** થતો જોવા મળી રહ્યો છે. દેશમાં ચોમાસા દરમ્યાન ઠેરઠેર કેડ સમા પાણી ભરાયેલા જોવા મળે છે તો તેજ વર્ષે ઉનાળામાં જુદી જુદી વસાહતોમાં પીવાના પાણીનો કકળાટ પણ જોવા મળે છે. ચોમાસામાં પાક ડુબાણમાં જવાના સમાચારો સામે ઉનાળામાં સિંચાઈના અભાવે પાક બગડતો હોય તેવા સમાચાર જોઈ શકાય છે. આવી સ્થિતિનું મુખ્ય કારણ સપાટી પરના જળસંગ્રહમાં થતો ઘટાડો છે. જળસંગ્રહ સ્થાનો ઘટવા પાછળ **જવાબદાર કારણો** જોઈએ તો - ૫.૧ શહેરીકરણ અને ખેતીલાયક જમીનમાં વધતા ઉપયોગના કારણે

**નદીઓના પટ સાંકડા** થઈ રહ્યા છે. કેટલોક ઘન કચરો નદીઓના પટમાં ઠાલવવાના કારણે નદીઓના પટ સાંકડા થતા પાણીનો જળસંગ્રહ ઘટતો જાય છે. ઉપરાંત જમીનમાં પાણી ઊતરવાની રિચાર્જિંગમાં પણ ઘટાડો થાય છે. આ અંગે રાજ્યમાં કોઈ **નક્કર આયોજન** જોવા મળતું નથી.

૫.૨ **શહેરીકરણ અને પાણીનું પ્રદૂષણ :** શહેરોમાં વસ્તી ગીચતા વધુ હોવાના કારણે પાણીની માંગ વધુ રહે છે. સાથે સાથે રોજીંદા વપરાશમાં સાબુ, ડિટર્જન્ટ, શેમ્પુ વગેરેના ઉપયોગના કારણે જળ પ્રદૂષણ શહેરોમાં ઉદ્યોગોનું કેન્દ્રીકરણ થયેલ હોવાના કારણે તળાવો અને ભૂગર્ભજળ રિવર્સબોર દ્વારા દૂષિત થઈ રહ્યું છે. ગુજરાતમાં ગોલ્ડન કોરીડોર અમદાવાદ-વાપી આજુબાજુના ઉદ્યોગોમાંથી છોડેલા દૂષિત પાણીને કારણે ઉપયોગ કરી શકાય તેવું પાણી પ્રદૂષિત બની રહ્યું છે. આવાં પ્રદૂષિત પાણી ઉપયોગમાં આવતા મનુષ્યના સ્વાસ્થ્ય પર પણ વિપરીત અસરો પડે છે.

જો કે સમગ્ર ભારતમાં પણ ઉદ્યોગ સ્થાપનાર્થે મંજૂરી આપતા પહેલાં 'વોટર ટ્રીટમેન્ટ પ્લાન'ની ચકાસણી બાદ જ ઉદ્યોગોને લાયસન્સ આપવામાં આવતું. આવી રીત અંગ્રેજ શાસન દરમ્યાન શરૂ હતી અને એજ રીત પ્રજાસત્તાકીય ભારતના બંધારણમાં પણ અપનાવેલી છે. છતાં ઉદ્યોગપતિઓના રાજદ્વારી પુરુષો સાથેના પરસ્પર સ્વાર્થિક વ્યવહારને કારણે જ આ નિયમોનું પાલન ન થવાથી આ સમસ્યાએ આજે માઝા મૂકેલી જણાય છે. તેમ છતાં કેટલાક પરમેશ્વરના ડરવાળા કેટલાક ઉચ્ચ અધિકારીઓ આવી ઘોર હત્યાથી નિર્લેપ રહેતા પણ જોવા મળે છે. તે ખરેખર ખૂબજ ધન્યવાદને પાત્ર છે.

૫.૩ મોટા બંધો બાંધવાનો પ્રશ્ન જળસંગ્રહ માટેનો સૌથી સારો માર્ગ નદી પર આડબંધો બાંધીને **માનવસર્જિત** ઊભું કરવું તે છે. પરંતુ મોટા બંધ બાંધવા માટે **મૂડીરોકાણ** માટેનો પ્રશ્ન વિકાસશીલ રાષ્ટ્રોને સતાવે છે. તેમાં નફાનું પ્રમાણ નહીં હોવાના કારણે ખાનગી નિયોજકો મૂડીરોકાણ કરવા તત્પર હોતા નથી અને સરકારની આર્થિક સ્થિતિ નબળી હોય છે. જે વિસ્તારોમાં પાણી સરળતાથી પ્રાપ્ત થાય છે તે વિસ્તારોમાં પાણીનો દુર ઉપયોગ વધતો જાય છે. તે વિસ્તારોમાં પાણીનો વધુ વપરાશ કરવાની મનોવૃત્તિ વધતી જાય છે. ખાસ કરીને સિંચાઈ માટેની નહેરો જે વિસ્તારમાં આવેલી છે ત્યાં પાણી નીચી કિંમતે પ્રાપ્ય બનતું હોવાથી ખેડૂતો જરૂર કરતા વધારે પ્રમાણમાં પાણીનો **ઉપયોગ** કરતા દલદલનો પ્રશ્ન ઊભો થાય છે. નહેરોનું **બાંધકામ** નબળું હોવાના કારણે હજારો ક્યુસેક પાણી **લીકેજ** થાય છે અને ખેતીલાયક જમીનમાં ઘટાડો થાય છે. આમ એકબાજુ પાણીની તીવ્ર અછત જોવા મળે છે, તો બીજીબાજુ પ્રાપ્ય જળસ્રોતનો સંગ્રહ કરી શકાતો નથી. ટૂંકમાં ભારતમાં જળસંગ્રહનું **ખામી ભરેલ આયોજન** જોવા મળે છે. ભારતમાં પાણીની અછત કરતા ઉપયોગ અંગેના યોગ્ય આયોજનનો **પ્રશ્ન** વધુ ગંભીર બન્યો છે.

પાણીની ઉપલબ્ધિ અને આવશ્યકતાની સ્થિતિ જોતા ભારતમાં પાણીની અછત છે તેમ કહી શકાય નહીં. પરંતુ પાણીની **અછત** એટલા માટે છે કે આપણે ઉપલબ્ધ પાણીનો બગાડ કરીએ છીએ. જરૂર કરતાં પાણીનો વધુ પડતો વપરાશ કરીએ છીએ. ઉપલબ્ધ જળસ્રોત કે જળાશયોની જાળવણી કરતાં નથી અને બીજીબાજુ જળસંગ્રહની કાર્યક્ષમ વ્યવસ્થા આપણે વિકાસાવી શક્યા નથી. પરિણામે ઉપલબ્ધ જળસ્રોત ઘટવા લાગ્યા છે. અને જળ કટોકટીનું નિર્માણ થવા પામ્યું છે. વર્તમાન સમયમાં રોજ-બરોજ નવા ઈજનેરી કૌશલ્યો વિકસતા જાય છે ત્યારે આપણે આવી આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરી **જળ વ્યવસ્થાપન** વધુ મજબૂત બનાવવું પડશે. જળ વ્યવસ્થાપન એવું હોવું જોઈએ કે વર્તમાન પેઢીની પાણીની જરૂરિયાત પૂર્ણ થાય, ઉપલબ્ધ જળસ્રોતની જાળવણી થાય, પાણીની ગુણવત્તા જળવાઈ રહે, પાણીનો કરકસર ભર્યો ઉપયોગ થાય અને આવનારી પેઢીને ઊભી થનાર પાણીની સમસ્યાનો ઉપાય એ જ યોગ્ય પ્રકારનું **વોટર મેનેજમેન્ટ** છે. આથી હવે આપણે તેના વિશે **ચર્ચા** કરીશું.

**૬. જળસંકટથી બચવાના ઉપાયો :**

યોગ્ય પ્રકારના જળ વ્યવસ્થાપનના અભાવમાં **જળસંકટ** વધુ ઘેરું બનતું જાય છે. આ સ્થિતિમાંથી બહાર આવવાના **મુખ્ય ઉપાયો** નીચે પ્રમાણે છે.

૬.૧ **વરસાદી પાણીનો સંગ્રહ :** દર વર્ષે કુદરત તરફથી આપણને વરસાદનું પાણી ભેટના રૂપમાં પ્રાપ્ત થાય છે. આવું વરસાદી પાણી સંગ્રહ કરવા માટે અગાઉના સમયમાં જે ભૂગર્ભ ટાંકા બનાવવામાં આવતા હતાં તેવા ટાંકા બનાવવા જોઈએ. દરેક બહુમાળી મકાનોમાં એવી વ્યવસ્થા કરવી જોઈએ કે વરસાદનું એક-એક બુંદ પાણી સંગ્રહ કરી શકાય.

સંગ્રહ આ રીતે કરો : ધાબા-છાપરાના પાણીને હેન્ડપંપ, બોરવેલ કે કૂવાના માધ્યમથી નાખી શકાય છે. વરસાદી પાણીના સંગ્રહની સૌથી સરળ બે રીત છે : ૧. ધાબા-છાપરાના વરસાદી પાણીને **ખાડા મારફતે** સીધું જમીનમાં ઉતારવામાં આવે. ૨. ધાબા-છાપરાના વરસાદી પાણીનો કોઈ ટાંકી કે સમ્પવેલમાં સંગ્રહ કરીને સીધો ઉપયોગ કરવામાં આવે. એક હજાર ફૂટનું ધાબું ધરાવતાં નાના મકાનોમાં આ પદ્ધતિ અત્યંત ઉપયોગી છે. વરસાદની એક સીઝનમાં આ નાનકડા ધાબા મારફતે લગભગ એક લાખ લીટર પાણી જમીનની અંદર ઉતારી શકાય છે. તેના માટે સૌથી પહેલા જમીનમાં ૩ થી ૫ ફૂટ પહોળો અને ૬ થી ૧૦ ફૂટ ઊંડો ખાડો ખોદવાનો હોય છે. ખોદકામ બાદ તેમાં સૌથી નીચે મોટો પથ્થર (કાંકરા), વચ્ચે મધ્યમ આકારના પથ્થર અને સૌથી ઉપર ઝીણી રેતી નાંખવામાં આવે છે. આ સિસ્ટમ ફિલ્ટર (ગાળણ)નું કામ કરે છે. ધાબામાંથી એક પાઈપ મારફતે પાણી આ ખાડામાં ઉતારવામાં આવે છે. ખાડામાંથી પાણી ધીમે ધીમે ગળાઈને જમીનની અંદર જતું રહે છે. આ જ રીતે ફિલ્ટરની મદદથી પાણીને ટાંકીમાં પણ એકઠું કરી શકાય છે.

૬.૨ **ચેકડેમ :** ગુજરાતમાં થયેલી પ્રગતિ, મળેલા સારા પરિણામ, ભૂગર્ભજળ સ્તર પર આવે છે. વીજ વપરાશ ઘટે છે. સપાટી સિંચાઈ પરિયોજનાઓની સરખામણીમાં ચેકડેમો માટે સામાન્યપણે સંચાલન અને જાળવણીની ગરજ ઓછી હોય છે. ચેકડેમો નીચા બંધારાઓના હોય છે જેમાં પાણી કેનાલ દ્વારા

આપવામાં નથી આવતું, પરંતુ લિફ્ટ સિંચાઈની અને આસપાસના વિસ્તારોમાં રિચાર્જ થયેલા કૂવાઓમાંથી પાણી ઉપાડવાની સુવિધા પૂરી પાડે છે. ઓછામાં ઓછું રોકાણ, ઓછામાં ઓછી જાળવણી તથા સંચાલનીય ખર્ચ પર જળ સંવર્ધન માટે તેથી જ ચેકડેમો **સૌથી પ્રભાવી સાધન** છે. તેઓ ભૂગર્ભજળ રિચાર્જના માધ્યમ તરીકે કામ કરે છે અને આસપાસના વિસ્તારોમાં લિફ્ટ સિંચાઈની સુવિધા પૂરી પાડે છે. દરેક ચેકડેમ દ્વારા આસપાસના લગભગ ૭ કૂવાઓ રિચાર્જ થાય છે અને દરેક ચેકડેમ દ્વારા ૧૦ હેક્ટર જમીનને લાભ મળે છે. ચેકડેમો માટે જમીન સંપાદનની ગરજ નથી હોતી અને તેથી આખી પ્રક્રિયામાં ઘણી બધી કાનૂની જટિલતાઓ ટળે છે. વધુમાં ચેકડેમોના ઓછા ખર્ચને કારણે લાભાર્થીને તત્કાળ તેના લાભો ઉપલબ્ધ કરી આપવામાં આવે છે અને ગરીબ ખેડૂત પણ સહભાગી થઈ શકે છે.

૬.૩ **ખેત તલાવડી :** વરસાદની અછતના સમયમાં પાકને બચાવી શકાય. ખેડૂત સિંચાઈ સગવડ કરી શકે. પાસેની જમીનમાં ભેજ જળવાઈ રહે.

૬.૪ **બંધારા યોજના :** દરિયામાં નિરર્થક વહી જતા નદીઓના પાણીનો આયોજન વડે સંગ્રહ કરી શકાય. પાણીનો સંગ્રહ થાય, ખારાશ આગળ વધતી અટકે, સિંચાઈની સગવડ વધે, ભૂગર્ભ જળસ્તર ઊંચા આવે, સિંચાઈનો ખર્ચ ઘટે.

૬.૫. **વેલ (કૂવા) રિચાર્જિંગ :** વરસાદનું પાણી વૈજ્ઞાનિક ઢબે કૂવાઓમાં ઊતારવામાં આવે તો કૂવાઓ ફરી જીવંત બને. ભૂગર્ભ જળ સ્તર ઘટતા જાય છે ત્યારે આ પદ્ધતિ ઘણી જ ઉપયોગી થઈ શકે તેમ છે. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય તથા અન્ય ધાર્મિક અને સ્વૈચ્છિક સંસ્થાઓના ભગીરથ પ્રયાસોને લીધે વેલ રિચાર્જિંગને વેગ મળ્યો છે. કૂવાઓ રિચાર્જ થવાથી સિંચાઈ માટેનો ખર્ચ ઘટ્યો છે. વધુ વિસ્તારમાં સિંચાઈ થઈ શકે છે. અને પાણીમાં ક્ષારનું પ્રમાણ નિયંત્રિત થઈ શકે છે.

૬.૬ **ખેતીમાં પિયત પદ્ધતિ :** ખેતીમાં પિયત પદ્ધતિ બદલવી, આપણી ધોરિયા બનાવી પાકને પાણી આપવાની પદ્ધતિમાં પાણીનો વ્યાપક બગાડ થાય છે. આથી ઈઝરાયેલની જેમ રિસાયકલ થયેલા પાણીના ઉપયોગ વડે ટપક સિંચાઈ પદ્ધતિથી પાક લેવામાં આવે તો પાણીનો બચાવ થઈ શકે તેમ છે.

૬.૭ **પાણીનો વધુ ઉપયોગ :** પાણી બગાડ કરતા ઉદ્યોગો પર રોક લગાવવાની જરૂર છે. બિનજરૂરી પાણી વાપરી પાણીને પ્રદૂષિત કરતા એકમો પાસે પાણીના ખૂબ ઊંચા દર વસૂલ કરવા જોઈએ.

૬.૮ **ખેતરના ઢાળની વિરુદ્ધ દિશામાં વાવેતર કરવું :** આમ કરવાથી જમીનની ભેજ ધારણ શક્તિ વધશે તથા નિરર્થક જતાં પાણીને જમીનમાં ઉતારી શકાશે.

૬.૯ **વૃક્ષોનું વાવેતર વધારવું :** વૃક્ષો જમીનનું ધોવાણ અટકાવવા, જમીનની ભેજ ધારણ શક્તિ વધારવા તથા વરસાદ લાવવા માટે મદદરૂપ થાય છે. આથી જે જગ્યાએ વૃક્ષોનું વાવેતર કરી શકાય તેમ હોય ત્યાં વૃક્ષોનું વાવેતર કરવું જોઈએ.

૬.૧૦ **અન્ય ઉપાયો :** ખેતીક્ષેત્રે વોટર મેનેજમેન્ટ ખેતરો કે કેનાલો પર પાણીના મીટર મૂકવા, ક્યા પાકને કેટલું પાણી જોઈશે તેની ખેડૂતોને માહિતી આપવી, ખેડૂતોને સમયસર પૂરતું પાણી પૂરું પાડવું.... વગેરે..

૬.૧૧ **પાણીનું આયોજન :** ઘર વપરાશ માટે થતાં પાણીના વપરાશમાં કરકસર થાય અને લોકો પાણી વેડફે નહીં તેની કાળજી લેવી, સરકાર દ્વારા ઘર વપરાશ માટે આયાતી પાણી પુરવઠા માટે પણ મીટર લગાવવાની વ્યવસ્થા ગોઠવવી જોઈએ. પાણીનો જે વધુ વપરાશ કરે તેની વધારે કિંમત ચૂકવે તેવી વ્યવસ્થા કરવી જોઈએ. ઘર વપરાશનું પાણી એક વખત ઉપયોગમાં લઈ ફરી તેનો ઉપયોગ થાય તેની કાળજી રાખવી જોઈએ. દા.ત. વાસણ સાફ કરેલું હોય તેવું તથા નહાવા ધોવામાં વપરાયેલ પાણી બગીચામાં ઉપયોગમાં લેવું.

૬.૧૨ ઔદ્યોગિક ક્ષેત્રે પાણીના ઉપયોગને નિયંત્રિત કરવા ઔદ્યોગિક ઉપયોગ માટેના પાણીના દર વધારવાની જરૂર છે. પાણીનો બગાડ કરતાં ઔદ્યોગિક એકમો બંધ કરવા જોઈએ. વળી, જે ઔદ્યોગિક એકમો પાણીને પ્રદૂષિત કરે છે. અને ટ્રીટમેન્ટ કર્યા સિવાયનું પાણી ફાવે ત્યાં છોડી દે છે તેવા એકમો પાસેથી પાણી બગાડવાનો ઊંચો દંડ વસૂલ કરવો જોઈએ.

આમ જો આપણે એકબાજુ પાણીનો કરકસર ભર્યો ઉપયોગ કરીશું, તેની ગુણવત્તા જાળવીશું અને પાણીનો ઉચિત સંગ્રહ કરીશું તો પાણીની અછતનો આપણે સામનો કરવો પડશે નહીં.

ભારત કૃષિ અને ઔદ્યોગિક ક્ષેત્રે ઝડપથી પ્રગતિ સાધી રહ્યો છે. આથી આ બંને ક્ષેત્રમાં પાણીની માંગ દિનપ્રતિદિન વધતી જાય છે. પરંતુ આપણા સીમિત જળસ્રોતના કારણે પાણીની વધતી જતી માંગને પહોંચી વળવાનું કાર્ય મુશ્કેલ બનતું જાય છે. વળી, પાણીના પ્રદૂષણનો પ્રશ્ન પણ ગંભીર બનતો જાય છે. પાણીની અછતના કારણે જ રાજ્યો-રાજ્યો વચ્ચે અને દેશ-દેશ વચ્ચે સંઘર્ષો થવાની પણ શરૂઆત થવા પામી છે. આવા સંજોગોમાં જો જળ વ્યવસ્થાપન વિશે ગંભીરતાથી વિચારણા હાથ ધરવામાં નહીં આવે તો કૃષિ અને ઔદ્યોગિક વિકાસના લક્ષ્યાંકો સિદ્ધ થઈ શકશે નહીં. એટલું જ નહીં અનિયંત્રિત રીતે થઈ રહેલાં શહેરીકરણના કારણે શહેરોમાં તીવ્ર ગતિએ વધી રહેલી પાણીની માંગને પહોંચી વળવું પણ મુશ્કેલ બને છે. આવા સંજોગોમાં જળ વ્યવસ્થાપન એ જ શ્રેષ્ઠ માર્ગ છે. **'પાણી છે તો જીવન છે'** આ બાબતને ધ્યાનમાં રાખી દેશનો પ્રત્યેક નાગરિક **'જળ બચાવો'** ક્રાંતિમાં પોતાનું યોગદાન આપશે તો જ **પાણીદાર ભારતનું નિર્માણ** શક્ય બનશે. અન્યથા આપણી સઘળી આકાંક્ષાઓ પર પાણી ફરી વળશે.

### મનુષ્યજીવનમાં જળનું મહત્ત્વ :

જીવનના વિકાસની શરૂઆત જળથી જ થયેલી અને આજેય **'જળ એ જીવન છે.'** જીવન ધબકે છે કોષમાં અને કોષનું જીવન છે પ્રોટોપ્લાઝમામાં, જેનું મુખ્ય ઘટક છે પાણી. પ્રોટોપ્લાઝમામાં ૭૦ થી ૮૦ ટકા પાણી હોય છે. જીવન કોષની સક્રિયતાને આભારી છે. આપણા શરીરમાં મગજ હંમેશાં કાર્યરત રહે, મગજના કોષો સતત

સક્રિય રહે, નિરંતર ચાલતા મગજના ભૂખરા દ્રવ્યમાં ૮૫ ટકા પાણી હોય છે. પૃથ્વી પરના પાણીના ૯૭ ટકા ખારું સમુદ્રનું પાણી છે. ૧.૮ ટકા ધ્રુવીય દેશોમાં બરફરૂપે જમા છે. પીવાલાયક તો માત્ર ૦.૮ ટકા જ છે. તેનો બેફામ ઉપયોગ અને પ્રદૂષિતતા થતાં આ સમસ્યા ઘેરી બની છે. વસ્તીવધારા સાથે પાણીનો વપરાશ વધે તે સમજાય પણ આધુનિક જીવનશૈલીના નામે થતો બગાડ રોકવા આપણે જાગવાની જરૂરત છે. પાણીનો વપરાશ જોઈએ તો ૬૯ ટકા ખેતી માટે ૨૩ ટકા ઉદ્યોગો માટે અને ૮ ટકા રોજિંદા ઉપયોગ માટે જોવા મળે છે. જળપ્રબંધન અંગે નવેસરથી વિચારવાની જરૂરત છે. આજની પાણીની આ ગંભીર સ્થિતિ માટે મનુષ્ય અને તેમાંય શિક્ષિત મનુષ્ય જ વધુ જવાબદાર છે. આ અંગે થોડું **ચિંતન** કરીએ તો આવનારી પેઢી માટે કંઈ કર્યું ગણાશે.

**કેટલાંક રોચક તથ્યો :**

- એક ટપકતા નળથી દર સેકન્ડે એક ટીપું બરબાદ થવાથી દર મહિને ૭૬૦ લીટર પાણી અમસ્તુ જ વેડફાઈ જાય છે.

- સીધા જળ નીચે જ ન્હાવાથી ૯૦ લીટર પાણી વપરાય છે.

- નળ સારી રીતે બંધ ન કરવાથી એક મિનિટમાં ૩૦ ટીપાં અને વાર્ષિક ૪૬ હજાર લીટર પાણી વેડફાઈ જાય છે.

- પાઈપ વડે કાર ધોવાથી, નળથી શાકભાજી ધોવાથી અને પાઈપથી બગીચામાં પાણી છાંટવાથી પાણીનો વધુ બગાડ થાય છે.

## પાણીની તંગી ભારત માટે પ્રાણપ્રશ્ન :

ભારતમાં પાણીની હાડમારી કેટલા પ્રમાણમાં વકરી રહી છે તેની નરી વાસ્તવિકતા છતી કરતા ચોંકાવનારા આંકડાઓ સામે આવ્યા છે. વિશ્વમાં પાણીને લઈને અનેક સમસ્યાઓ પેદા થઈ રહી છે, પરંતુ તે બધા દેશોમાં વસ્તી ઓછી હોવાને કારણે પીવાનો પ્રશ્ન બહુ મોટો દેખાતો નથી. પરંતુ ભારત જેવા વિશાળ વસ્તી ધરાવતા દેશમાં પાણીની સમસ્યા એક પ્રાણઘાતક સમસ્યા બની ગઈ છે. એક બુલેટીન બહાર પાડવામાં આવ્યું છે તેમાં પાણીને લઈને ચોંકાવનારો આંકડો કે દેશના **૯૧ મુખ્ય જળાશયો**માં પાણીનો **પુરવઠો** ઘટી રહ્યો છે.

આ ૯૧ જળાશયોમાં પાણીના સ્તરની છેલ્લા એક દાયકાની વાત કરીએ તો જે ૭૪ ટકા જેટલો હતો તે ઘટીને ૨૯ પર આવી ગયો છે. મતબલ કે અઢીગણો પાણીના સ્તરમાં ઘટાડો થયો છે અને તેની સામે વસ્તીમાં તો સતત વધારો થયો છે. ચાલુ વર્ષે જે રીતે પાણીનું સ્તર જોવા મળ્યું છે તે છેલ્લા એક દાયકાનું સૌથી ઓછું છે.

૯૧ મોટા જળાશયોની આંકડાકીય પરિસ્થિતિ પર નજર કરીએ તો આ તમામ જળાશયોમાં પાણીની ક્ષમતા ૨૫૦ BCM (બિલિયન ક્યુબિક મીટર) છે, તેની સામે હાલમાં માત્ર ૧૫૭.૮ BCM પાણી છે. જ્યારે અન્ય ૪૦૦ BCM પાણી સિંચાઈ માટે વાપરવામાં આવેલું છે, જે ભૂગર્ભ જળ તરીકે છે.

## સ્ત્રીઓ દ્વારા પાણીનો ઉપયોગ અને દુરુપયોગ :

**'જળ એજ જીવન'** અથવા **'પાણી બચાવો જીવન બચાવો'** જેવા સૂત્રો તો આપણે ઘણી જગ્યાએ અને ઘણીવાર વાંચતા હોઈએ છીએ પણ શું આપણે એ સૂત્રોનો અમલ પણ કરીએ છીએ કે નહિ ? આપણે સૌ જાણીએ છીએ કે પાણી આપણા સૌ માટે કેટલું ઉપયોગી છે, એના વિના તો જીવનની કલ્પના પણ શક્ય નથી, તોપણ ઘણી ગૃહિણીઓ પાણીનો બગાડ કરે છે. પાણીનો જરૂર પૂરતો ઉપયોગ તો કરવો જ જોઈએ, પરંતુ ભારતના અમુક રાજ્યો એવા પણ છે જ્યાં પીવાના પાણીના પણ ફાંફા છે. આપણે તો સીધું નળ ચાલુ કરો અને પાણી મળી જાય પણ એવી ઘણી જગ્યાઓ છે જ્યાં હજુ પણ સ્ત્રીઓને માથે બેડા ઉપાડીને કેટલાય કીલોમીટર ચાલીને પાણી ભરવા જવું પડે છે. એમને પૂછશો તો પાણીની સાચી કિંમત સમજાશે...!!!

પાણી એ જીવનની પ્રાથમિકતા છે, પરંતુ એની મહત્તા સમજ્યા વિના કેટલીક સ્ત્રીઓ જેમ ફાવે એમ પાણીનો વ્યય કરે છે અને પાણી વેડફીને એમને કોઈ ફાયદો નહિ ઉલટાનું નુકસાન જ છે. આજ પાણી જો તેઓ કરકસર પૂર્વક વાપરે તો તે બીજા માટે કેટલું ઉપયોગી થાય એ એમને સમજવું જોઈએ.

**કપડાં ધોતી વખતે :** ઘણી સ્ત્રીઓ કપડાં ધોતી હોય ત્યારે એટલું બધું પાણી ઢોળતી હોય છે કે જાણે એકલા વધારે પાણીમાં ધોવાથી કપડાં વધારે ઉજળાં થઈ જવાના હોય ! કપડાં ધોવા માટે વધારે પાણી વેડફવાની જગ્યાએ પૂરતું જ પાણી વાપરો અને હાથેથી સારી રીતે રગડીને ધોશો તો કપડાં સ્વચ્છ થઈ જશે. કેટલીક સ્ત્રીઓ તો બે-ત્રણ ડોલમાં કપડાં તારવ્યા બાદ ફીણ ન નીકળે તોપણ બીજી ચાર-પાંચ ડોલ ભરીને એમાં તારવશે, આ પાણીનો ખોટો બગાડ જ છે. કપડાં ધોવા માટે જરૂર પૂરતું જ પાણી વાપરો.

**બાળકોને નવડાવવતી વખતે :** કેટલીયવાર આપણે જોઈએ છીએ કે અમુક મહિલાઓ બાળકોને બાથરૂપમાં નવરાવી રહી હોય એની સાથે સાથે બીજા બે-ચાર કામ પણ કરતી હોય છે, જેવા કે એકબાજુ ગેસ પર કુકર ચડાવ્યું હોય અથવા મશીનમાં કપડાં ધોવા નાખ્યાં હોય ત્યારે બાળકોને નવડાવતા નવડાવતા કેટલીયવાર ઊભી થતી હોય ત્યાં પાણીનો નળ ખુલ્લો મૂક્યો હોય એમાં ટબ ઊભરાઈને જતું હોય અને કેટલુંય પાણી આમ વહી જાય. માટે મહિલાઓ જ્યારે પણ બાળકોને નવડાવે ત્યારે એક-બે ડોલ પહેલેથી જ ભરેલી રાખે, જેથી પાણીનો ખોટો વ્યય અટકે.

**ફર્શ કે લાદી ધોતી વખતે :** ઘણીવાર તમે જોશો કે સ્ત્રીઓ ફર્શ ધોતી હોય ત્યારે ડોલે ડોલે પાણી રેડતી હોય છે એની જગ્યાએ જો તેઓ નાનું ટબ લઈ પાણી જેટલું જોઈતું હોય તે પ્રમાણે રેડીને ફર્શ ધોવે તો પાણીનો બગાડ ઓછો થાય અને શક્ય હોય તે જગ્યાએ થોડું પાણી લઈ પોતું ફેરવી લેવું. કપડા ધોયેલા પાણીનો ઉપયોગ પણ લાદી કે ફર્શ ધોવા માટે કરી શકાય, જેથી ઓછામાં ઓછું ચોખ્ખું પાણી વપરાય.

**બગીચામાં પાણી પીવડાવતી વખતે :** બાગ બગીચા ઘર આંગણે કોને ન ગમે ? અને એ પણ લીલાછમ હોય તો !! હવે તમે કહેશો કે

બાગબગીચા હર્યાભર્યા રાખવા હોય તો પાણી તો પીવડાવું જ પડે ને ! એ વાત સાચી પણ કેટલીક મહિલાઓ બાગમાં પાણી પીવડાવવા માટે સીધી પાણીની પાઈપ લઈને કુંડાઓમાં મૂકી દે છે અને પછી કાં તો બીજા કામોમાં લાગી જાય કાં તો ફોન પર બીઝી થઈ જાય અને પેલું પાણી એમજ વહે જતું હોય, તમે જ કહો આમાં કેટલું બધું પાણી બરબાદ થઈ જાય. એના કરતા જ્યારે પણ ફૂલછોડને પાણી પાઓ ત્યારે વોટર ડિસ્પેન્સર અથવા વોટર સ્પ્રેયરનો ઉપયોગ કરો. જેનાથી છોડને જરૂરિયાત પૂરતું પાણી જ અપાશે અને પાણીનો ખોટો વ્યય પણ નહિ થાય.

આમ, જો આપણે પાણી સમજીને વાપરીશું તો જ આપણે આપણા બાળકોને અને આવનારી પેઢીને પાણીનું મહત્ત્વ સમજાવી શકીશું. અને એમના માટે સંપત્તિ સમો **જળનો વારસો** બચાવી શકીશું. કેમ કે જો આપણે પાણીનું જતન સાગર મર્યાદિત અને જરૂરપૂર્વક **ઉપયોગ** કરીશું તો પાણીનો બગાડ આપોઆપ ઓછો થઈ જશે.

## આપણને પાણીની આટલી જરૂર કેમ છે ?

પાણી આપણા માટે જરૂરી નહીં, **અનિવાર્ય** છે. આ દુનિયામાં જીવ છે, જંતુ છે, જેટલી વનસ્પતિ છે એ બધું જ પાણીના આધારે છે. પાણી ન હોય તો કોઈ જ જીવ ટકી ન શકે. પશુ-પંખી, જીવ-જંતુ અને વનસ્પતિ બધું જ પાણી વિના મૃત્યુ પામે, નાશ પામે. પાણી વિના આપણે પણ ૭૨ કલાકથી વધુ ન જીવી શકીએ. કારણ કે આપણા શરીરમાં ૬૦થી ૭૦ ટકા **પાણી** છે. શરીરનું દરેક અંગ પાણીથી ભીનું રહે તો જ આપણે જીવતા રહી શકીએ. લોહીના દરેક કોષમાં ૮૩ ટકા પાણી હોય છે. પાણી વિના લોહી જાડું થઈ ગંઠાવા લાગે અને શરીરમાં ફરતું અટકી જાય. લોહી શરીરમાં ન ફરે તો કોષ મરવા લાગે મગજના દરેક કોષમાં ૭૫ ટકા પાણી હોય છે. દરેક કામ માટે સતત નવા ન્યૂરોન્સ પાણી ન હોય તો બની જ ન શકે. ત્યારે મગજનું કામ બંધ થઈ જાય. મગજનું કામ બંધ થઈ જાય તો શરીરતંત્ર પણ કામ કરતું અટકી જાય.

શરીરને જીવતું રાખવા માટે મગજ બરાબર કામ કરતું રહેવું જોઈએ. લોહી શરીરમાં ફરતું રહેવું જોઈએ. લોહીને આખા શરીરમાં ફરતું રાખવા હૃદય બરાબર ધબકવું જોઈએ. ધબકતા રહેવા માટે હૃદયના સ્નાયુઓ, કોષને ૭૯ ટકા પાણી જોઈએ છે. શરીરમાં ફરતું લોહી આખા શરીરના દરેક કોષને પ્રાણવાયુ પહોંચાડે છે. ફેફસા લોહીમાં પ્રાણવાયુ ભરી આપે છે. ફેફસાને કામ કરવા માટે દરેક કોષમાં ૭૯ ટકા પાણી જોઈએ. શરીરની ઊર્જા પૂરી પાડવા માટે આંતરડાએ ખોરાક પચાવવો પડે છે. એ કામ માટે આંતરડાના કોષ ૭૫ ટકા પાણીથી ભીના રહેવા જોઈએ. શરીરને ટકાવવા માટે લીવર અને કિડની પણ બરાબર કામ કરતા રહેવા જોઈએ. એ શરીરમાંથી કચરો બહાર ન કાઢતા રહે તો ઝેરથી આપણું શરીર મૃત્યુ પામે. લીવરને કામ કરવા માટે ૬૮ ટકા પાણી જોઈએ અને કિડનીને કામ કરવા માટે ૮૩ ટકા પાણી જોઈએ છે.

આપણને પાણી ન મળે તો આ બધા જ અંગમાં પાણીની તંગી સર્જાતી જાય છે અને એક પછી એક બધાં અંગ કામ કરતાં અટકવા લાગે છે. એમ કરતાં ધીમે ધીમે શરીર મૃત્યુ પામે છે. એટલા માટે આપણા શરીરમાં રોજના **છ-સાત લીટર** પાણી મળતું રહેવું જોઈએ. જો કે, કામના પ્રકાર મુજબ પાણીની જરૂર ઓછી-વધતી રહે છે. આખો દિવસ છાંયામાં બેસી રહેનારને ચાર લીટર પાણીથી પણ ચાલી જાય છે અને તડકામાં મજૂરીકામ કરનારે રોજના ૮-૧૦ લીટર પાણી પીવું પડે છે.

આપણા રોજના ખોરાકમાં ખાસ્સું પાણી મળી રહે છે. બાકીનું પાણી આપણે સીધે સીધું પીવું પડે. આપણે રોજેરોજ જે કંઈ ખાઈએ છીએ તે તૈયાર કરવામાં પણ ભરપૂર પાણી વપરાય છે. શાકભાજી-ફળ વગેરે તૈયાર કરવામાં પણ પાણીનો વપરાશ થતો રહે છે. દરેક વસ્તુ બનાવવામાં વપરાયેલા પાણીનું માપ તપાસીને આપણે ઓછું પાણી વપરાતું હોય એવા પદાર્થો ખોરાકમાં સામેલ કરવાં જોઈએ. કોબી, કેળા, કાકડી, ભાજી, બટાકા વગેરેમાં ઓછું પાણી વપરાય છે. જો આ પદાર્થોની તૈયાર વાનગી ખાઓ તો વળી પાણીનો વપરાશ ખૂબ વધી જાય. જેમ કે બટાકાં કે કેળાની વેફર ખાઓ તો પાણીનો વપરાશ દસ ગણો થઈ જાય છે. આનો અર્થ એ થયો કે, જો આપણને પાણી મળતું રહે અને ખેતીને અને પશુપાલનને ન મળે તો આપણે આખરે ભૂખથી મૃત્યુ પામવું પડે. આપણે બધા જ આસપાસની **વનસ્પતિ** અને **જીવસૃષ્ટિ** પર આધારિત છીએ અને આ બધું જ **પાણી ઉપર આધારિત** છે.

દરેક પ્રકારની જીવસૃષ્ટિ માટે **તદ્દન અનિવાર્ય** એવું પાણી પૃથ્વી પર આમ તો ભરપૂર છે. પરંતુ આ **પાણી** અહીં આવ્યું શી રીતે એનો કોઈ જ ખુલાસો હજી સુધી વિજ્ઞાનીઓ મેળવી શક્યા નથી. એટલી ખબર પડી ગઈ છે કે પાણીનું એક ટીપુંય હવે નવેસરથી બનતું નથી. જેટલું પાણી છે એમાં જો ઘટ પડી તો પુરાશે નહીં. માટે પાણીનું **એક-એક ટીપું** ખૂબ **સંભાળપૂર્વક** વાપરવું જોઈએ.

**પાણીનો જરૂર પૂરતો ઉપયોગ તો કરવો જ જોઈએ, પરંતુ ભારતના અમુક રાજ્યો એવા પણ છે જ્યાં પીવાના પાણીના પણ ફાંફા છે. આપણે તો સીધું નળ ચાલુ કરો અને પાણી મળી જાય પણ એવી ઘણી જગ્યાઓ છે જ્યાં હજુ પણ સ્ત્રીઓને માથે બેડા ઉપાડીને કેટલાય કીલોમીટર ચાલીને પાણી ભરવા જવું પડે છે. એમને પૂછશો તો પાણીની સાચી કિંમત સમજાશે...!!!**





# 'દિવ્ય ભાસ્કર' જળ અભિયાન

## દિવ્ય ભાસ્કર
### આજના અંકના ગેસ્ટ એડિટર
### પૂજ્ય મોરારિ બાપુ



## જળ બચાવો અભિયાન એક યજ્ઞ છે, આમાં જળ શ્રી કૃષ્ણ મુખ્ય મંત્ર છે

## પાટડીના કમલપુર ગામના લોકો માટે વીરડા જ એકમાત્ર સહારો

જે પાણી વેડફે એને કહો — જળ શ્રીકૃષ્ણ — દિવ્ય ભાસ્કર અભિયાન — જળ છે તો જીવન છે



પાટડી ... 20 દિવસે એક વખત પીવાનું પાણી આવે છે. 1200ની વસતી અને 1100થી વધ અબોલ પશુઓ ધરાવતા આ ગામમાં 10 દિવસે એક ટેન્કર મોકલવામાં આવે છે. જે અપૂરતું છે. છેલ્લાં 25 ...

આજે વિશ્વ જળ દિવસ

## જીવના જોખમે મળે છે પાણી



પાટણના હારિજ તાલુકાના સરવાલ ગામમાં પાણીનો બોર બંધ પડી જતાં લોકો માટે પીવાના પાણીનો પ્રશ્ન મોટો બની ગયો હતો.બીજો કોઈ વિકલ્પ ન હોવાના કારણે નજીકમાંથી પસાર થતી લેન્ડ યોજનાની પાઈપ લાઈનમાં વાલ્વમાંથી તેઓ પાણી મેળવે છે, નાના બાળકો જીવના જોખમે વાલ્વ ઉપરના કાપડને પકડી રાખે છે ત્યારે તેમને મીઠું પાણી મળે છે.

તસવીર- પ્રમોદ શાહ

જળ દિવસ વિશેષ

...ળ એ જ ધર્મ છે — જળધર્મની રસપ્રદ વાતો — ...યો ધર્મદર્શન પૂર્તિમાં

પાણી જોઇએ છે, તો તેને બચાવતા શીખો — વાંચો પેજ નંબર 8

## નર્મદા સંકટ | ભરૂચના હાંસોટ નજીકના આલિયાબેટમાં વિકટ સ્થિતિ

# નદી કિનારે તરસ્યા લોકો

### 500 મીટરમાં જ નર્મદા પણ પાણી ખરીદવા 11 કિલોમીટર દૂર ધક્કો

### 3000 લિટર પાણીની કિંમત રૂ.500, રૂ.100 પાણી ખરીદીના, રૂ.400 પેટ્રોલના

ભાસ્કર ન્યૂઝ | વડોદરા

ભરૂચના હાંસોટના આલિયા બેટના લોકો માટે વિકટ સ્થિતિ સર્જાઈ છે. આલિયા બેટથી માત્ર 500 મીટરના અંતરે જ નર્મદા નદી વહે છે, પણ અહીં રહેતા લોકોના નસીબમાં પીવા માટે નર્મદાનું પાણી નથી. દરિયો આગળ આવી ગયો હોવાથી નર્મદાનું પાણી ખરું થઇ ગયું છે. જેને લીધે 115 કુટુંબોના 550 લોકોએ પીવાનું પાણી ખરીદવા માટે 11 કિલોમીટર દૂર હાંસોટ જવું પડે છે. ગામના હસનભાઇ જતે જણાવ્યું હતું કે, નર્મદા નદી આલિયા બેટ પાસેથી પસાર થાય છે અને તેનો 18 કિલોમીટર દુર અરબી સમુદ્રમાં સંગમ થતો હતો પણ હવે સ્થિતિ બદલાઇ છે. દરિયો નદીમાં ઘુસી ગયો છે. ઉપરાંત આલિયા બેટમાં 1200 ભેંસ સહિત 2500 પશુ છે અને દરેક પશુની રોજની જરૂરિયાત 80 લિટરની છે. એ માટે દર બે દિવસે વાહનમાં પેટ્રોલ ડીઝલ પાછળ જ 400 રૂપિયા અને 3000 લિટર પાણીના રૂા.100 મળી કુલ 500 રૂપિયાનો ખર્ચ કરવો પડે છે.

**કચ્છ છોડી અહીં આવ્યા** | આલિયા બેટના મહંમદ જત કહે છે કે, 100 વર્ષ પહેલા અમારા વડવાઓ પાણી માટે કચ્છ છોડીને અહીં આવ્યા પણ પાણી તો હજુય મળતું નથી. ત્રણ દાયકા ...

### ગ્રાઉન્ડ રિપોર્ટ | નાળાના કિનારે ખાડો ખોદીને પાણી મેળવી રહેલી મહિલાઓ



વડોદરા | સંખેડા તાલુકાનું નાના કોઠિયા ગામ ઈન્દ્રાલના જંગલમાં આવેલું ગામ છે. ગામની વસ્તી આશરે 150થી વધુ લોકોની છે. આ ગામ નદીની નજીક હોવા છતાં પાણીની સમસ્યાથી પીડાઈ રહ્યું છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ ગામમાં ચાર હેન્ડ પમ્પ આવેલા છે. આ ચાર પૈકીના બે બગડેલી હાલતમાં છે. અને બે હેન્ડ પમ્પ ચાલુ છે. જે હેન્ડ પમ્પ ચાલુ છે એ પણ પૂરતી માત્રામાં પાણી આપતા નથી. નાના કોઠિયા ગામમાં પીવાના પાણીની સમસ્યા બારમાસી છે. એકાદ કિલોમીટર દૂર હેરણ નદીએથી ...

### વલસાડમાં આવી જ સ્થિતિ
### ચારે બાજુ મધુબન ડેમનું પાણી... પણ પીવા માટે ખાડાનો સહારો



## ગુજરાતના જળાશયોમાં હાલ પાણીનું પ્રમાણ 38.57%

...017માં માર્ચ મહિનામાં રાજ્યનાં જળાશયોમાં ...નીનું પ્રમાણ 45% કરતા વધારે હતું ...માસાના આગમન સુધીમાં રાજ્યના જળાશયોમાં ...નો જથ્થો અંદાજે 20% થઇ જશે

**નર્મદા ડેમમાં પાણીનો જથ્થો માત્ર 32%**

2017 માર્ચમાં નર્મદા ડેમમાં 45 ટકાથી વધારે પાણી હતું. ચોમાસું આવતા સુધીમાં નર્મદા ડેમમાં અંદાજે માત્ર 17થી 18 ટકા પાણી બચશે.

## 'કરું બહિયા બલ અપની, છોડ વિરાની જા આંગન નદીયા બહે સો કશ મરે પિ...

### રાજકોટ નજીક ગરમીમાં ભરબપોરે

# એક ઘડા પાણી માટે કલાકો સુધી જોવાતી રાહ

રાજકોટ જિલ્લાના લોધિકા તાલુકાનું હરિપર (તરવડા) ગામ શહેરથી તો 15 કિલોમીટર જ દૂર છે પણ પાણી ...યવસ્થામાં છેવાડાનું છે. આ ગામનો ...મ્પ સૌથી છેલ્લો છે, આગળના ...મોમાં પાણી ભરાઈ જાય પછી અહીં પાણી પહોંચે છે. ઉનાળાની ...આતમાં જ પાણીનો ફોર્સ ધીમો ...ના 15 દિવસથી હરિપર સુધી ...ી પહોંચતું જ નથી.

...રના સુમારે સમ્પથી સીધું ... ભરવાની આશાએ ...ાઓ ગામની બહાર જાય ... પાણીની જગ્યાએ આશા ...તા ખાનગી ટેન્કર માટે અઢી વાગ્યે તડકામાં ...ાં બેસવું પડે છે.

...રા સરકાર નથી પહોંચાડતું, ... પાસે પૈસા નથી. ગ્રામજનો ... કરી રોજના રૂ.3000ના ...



અભિવ્યક્તિ : જળસંકટની બોલતી તસવીરો

દિવ્ય ભાસ્કર જળ અભિયાન — ભાસ્કર વિચાર

## પાણીને પાણીની જેમ વહેવડાવતાં પહેલાં આ ચિંતાજનક કિસ્સા વાંચી લેજો

**ગ્રાઉન્ડ રિપોર્ટ :** ગુજરાતનાં ગામોમાં ધારણા કરતાં પણ પાણીની ભયંકર તંગી

એક ઘડો પાણી માટે દિવસભર રઝળપાટ...



ઝરણામાંથી ટપકતું પાણી જ એકમાત્ર સ્રોત

10,000ની વસતીને મળે છે સપ્તાહમાં એક દિવસ પાણી

બનાસ કિનારે 850ની વસતીનો એક-એક ઘડો પાણી માટે સંઘર્ષ

રાજ્યમાં પાણીની અછતની સ્થિતિ સર્જાઈ છે ત્યારે તંત્ર દ્વારા પાણી પુરવઠાની લાઈનો ચેક કરવી જોઈએ

# લાઈનોમાં ભંગાણથી હજારો લીટર પાણીનો વ્યય

...સ્ટેશન લાઇનમાં ...મમાં પોકાર

### પાણી પુરવઠા બોર્ડનો સરકારી કુવારો, લાખો લિટર વેડફાયું

### ગોધરાના સમ્પને જોડતી પાણીની લાઇનના એર વાલ્વમાં લીકેજ

### બે માઇનોર કેનાલ તૂટતાં હજારો લિટર પાણીનો વેડફાટ



# સત્સંગ સમાચાર પત્રિકા

સ્વામી ઘનશ્યામદાસજી તથા શા. સ્વામી સર્વમંગલદાસજી તથા સાધુ ધર્મવલ્લભદાસજી



**ફુડપેકેટ વિતરણ**
**ભરૂચ**




ભરુચને આંગણે સિવીલ હોસ્પીટલમાં દર્દીઓને આશીર્વાદરૂપ ફૂટપેકટનું વિતરણ કરતા પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી.

**હોમાત્મક મહાપૂજા**
**સારસા**




વડતાલ પ્રદેશના સારસા (ભરુચ)ને આંગણે પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં યોજાયેલ હોમાત્મક મહાપૂજા.

**કથાપારાયણ**
**વ્યારા**




વડતાલ પ્રદેશના વ્યારા (વડોદરા)ને આંગણે પ.પૂ.નાનાલાલજી મહારાજશ્રીની ઉપસ્થિતિમાં
પૂ. પુરાણી સ્વામીના વક્તાપદે યોજાયેલ શ્રીમદ્ સત્સંગિજીવન કથાપારાયણ







સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણનું મહાન પ્રસાદીભૂત તીર્થધામ સરધારને આંગણે પ્રાસાદિક સ્થાનો તથા નવનિર્માણ શિખરબધ્ધ મંદિર તથા ગૌશાળા-વાડી આદિક સ્થાનો દર્શનાર્થે પધારેલ પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના સુપુત્રી પૂ. બાબારાજા તથા પૂ. જીજાજી તથા ભાણાભાઈશ્રી





વડતાલ પ્રદેશના વસો ગામને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી
પ.પૂ.નાનાલાલજી મહારાજશ્રીની ઉપસ્થિતિમાં પાર્ષદ સર્વમંગલ ભગતના વક્તાપદે યોજાયેલ કથાપારાયણ





વડતાલ પ્રદેશના વાંસખીલીયા ગામને આંગણે ગામના મુખ્ય પ્રવેશદ્વારનું ખાતમુહૂર્ત કરતા
પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પ.ભ. કાંતિભાઈ પરમાર (ધારાસભ્યશ્રી - આણંદ)

**વાર્ષિક પાટોત્સવ સીમાડા–સુરત**




સીમાડા-સુરત ખાતે મંદિરમાં બિરાજમાન ભગવાન શ્રીહરિનો પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આજ્ઞાથી ઉજવાયેલ વાર્ષિક પાટોત્સવ

**મહાપૂજા મહાયજ્ઞ વંડા**




ગઢપુર પ્રદેશના વંડા ગામને આંગણે યોજાયેલ નંદેશ્વર મહાદેવ ગૌશાળા આયોજીત મહાપૂજા મહાયજ્ઞમાં
દર્શન-અમૃતવાણીનો લાભ આપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી.

**કથાપારાયણ ગઢડા**




ગઢડાને આંગણે દાદાખાચરના દરબારગઢમાં સાંખ્યયોગી બહેનો દ્વારા આયોજીત કથાપારાયણમાં
ઉપસ્થિત પ.પૂ.નાનાલાલજી મહારાજશ્રી તથા ધર્મકુળ પરિવાર.

**કથાપારાયણ મંગેળા**




ગઢપુર પ્રદેશના મંગેળા (તળાજા) ગામને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી
પ.પૂ.નાનાલાલજી મહારાજશ્રીની ઉપસ્થિતિમાં પાર્ષદ સર્વમંગલ ભગતના વક્તાપદે યોજાયેલ કથાપારાયણ

## સત્સંગ સમારોહ
## રાજકોટ




રાજકોટ શહેરને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી યોજાયેલ પંચદિનાત્મક સત્સંગ સમારોહમાં કથાવાર્તાનો લાભ આપતા. પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી.

## વાર્ષિક પાટોત્સવ
## શ્રીજીનગર-સુરત








સુરત શહેરને આંગણે શ્રીજીનગર મંદિરના ૧૭મા વાર્ષિક પાટોત્સવ પ્રસંગે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી પ.પૂ.નાનાલાલજી મહારાજશ્રીની ઉપસ્થિતિમાં પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના વક્તાપદે યોજાયેલ પંચદિનાત્મક સત્સંગ સમારોહ.





જૂનાગઢ પ્રદેશના માંગરોળ શહેરને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી પ.પૂ.નાનાલાલજી મહારાજશ્રીની ઉપસ્થિતિમાં ઉજવાયેલ સ્મૃતિ મહોત્સવ.





વડતાલ પ્રદેશના બીલીમોરા શહેરને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી
પ.પૂ.નાનાલાલજી મહારાજશ્રીની ઉપસ્થિતિમાં ઉજવાયેલ વાર્ષિક પાટોત્સવ.





વડતાલ પ્રદેશના સીમરથા (ભરુચ)ને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી
નૂતન શ્રીરામજી મંદિરનું ખાતમુહૂર્ત-ભૂમિપૂજન કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી.






ગઢપુર પ્રદેશના સાતપડા (તા. ગારીયાધાર) ને આંગણે  પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી
પ.પૂ.નાનાલાલજી મહારાજશ્રીની ઉપસ્થિતિમાં પૂ. સ્વામી શ્રી છપૈયાપ્રકાશદાસજીના વક્તાપદે યોજાયેલ કથાપારાયણ.

## સમૂહ લગ્નોત્સવ રાજકોટ






રાજકોટ શહેરને આંગણે અખિલ ભારતીય દક્ષિણ વિભાગ શ્રી લક્ષ્મીનારાયણ યુવક મંડળ - રાજકોટના દ્વારા આયોજીત પ્રથમ '૧૧ નવદંપતિ સમૂહ લગ્નોત્સવ'માં પધારી દર્શન-અમૃતવાણીનો લાભ આપતા પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી.

## મહિલા સત્સંગ ઉત્કર્ષ મહોત્સવ – ડોંબીવલી




ડોંબીવલી (મુંબઈ)ને આંગણે પ.પૂ. અ.સૌ. ગાદીવાળાના આશીર્વાદથી
પૂ. બાબારાજાની ઉપસ્થિતિમાં યોજાયેલ મહિલા સત્સંગ ઉત્કર્ષ મહોત્સવ.

## વાર્ષિક પાટોત્સવ બોરીવલી




બોરીવલી (મુંબઈ)ને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી
પ.પૂ.નાનાલાલજી મહારાજશ્રીની ઉપસ્થિતિમાં ઉજવાયેલ વાર્ષિક પાટોત્સવ તથા કથાપારાયણ.

### બાળ સત્સંગ શિબિર બગસરા



બગસરા ખાતે નૂતન શિખરબધ્ધ મંદિરમાં પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી પ.પૂ.નાનાલાલજી મહારાજશ્રીની ઉપસ્થિતિમાં યાજોયેલ બાળ સત્સંગ શિબિર.

### કથાપારાયણ નાના માચીયાળા



ગઢપુર પ્રદેશના નાના માચીયાળા (અમરેલી) ને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી પ.પૂ.નાનાલાલજી મહારાજશ્રીની ઉપસ્થિતિમાં પૂ. કોઠારી સ્વામીના વક્તાપદે યોજાયેલ કથાપારાયણ.

### કથાપારાયણ નવી કાતર



જૂનાગઢ પ્રદેશના નવી કાતર ગામને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી પ.પૂ.નાનાલાલજી મહારાજશ્રીની ઉપસ્થિતિમાં યોજાયેલ કથાપારાયણ

### કથાપારાયણ ગારીયાધાર



ગઢપુર પ્રદેશના ગારીયાધારને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી પ.પૂ.નાનાલાલજી મહારાજશ્રીની ઉપસ્થિતિમાં પાર્ષદ સર્વમંગલ ભગતના વક્તાપદે યોજાયેલ કથાપારાયણ

## વિદ્યાર્થી સંમેલન
## સરધાર








સરધારધામને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી સરધાર મંદિર છાત્રાલયમાં રહીને વિદ્યાભ્યાસ કરતા વિદ્યાર્થીઓનું 'સ્નેહ-મિલન-અધિવેશન' રાખવામાં આવ્યું હતું. જેમાં પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી પધારી યુવાનેને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

## કથાપારાયણ
## ધંધુકા




## જનોઈ સંસ્કાર
## જૂનાગઢ



પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીની ઉપસ્થિતિમાં યોજાયેલ ધંધુકાને આંગણે પૂ. સ્વામી શ્રી નિર્ભયચરણદાસજીના વકતાપદે યોજાયેલ ભક્ત ચિંતામણી કથાપારાયણ તેમજ જૂનાગઢને આંગણે યોજાયેલ આખાનિવાસી પ.ભ. શ્રી બીપીનભાઇ મહેતાના પૌત્ર ઘનશ્યામનો જનોઇવિધિ સંસ્કારવિધિ





નૂતન મંદિર ખાતમુહૂર્ત
ઈંગોરાળા (તા.જી. બોટાદ)







નૂતન મંદિર ખાતમુહૂર્ત
મોટા ભંડારીયા (તા.જી. અમરેલી)







નૂતન મંદિર ખાતમુહૂર્ત
સેંથળી (તા.જી. બોટાદ)





નૂતન મંદિર ખાતમુહૂર્ત
જસદણ

વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી સરધારનિવાસી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે ગઢપુરપતિ શ્રી ગોપીનાથજી મહારાજ તથા જૂનાગઢવાસી શ્રીરાધારમણ દેવના તાબાના નવનિર્માણ શ્રી સ્વામિનારાયણ મંદિરોના ઉજવાયેલ ''ખાતમુહૂર્ત-ભૂમિપૂજન મહોત્સવ'








ગઢપુર પ્રદેશના મોટા કણકોટ (તા. અમરેલી) ગામને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં પૂ. શા. સ્વામી શ્રી ભક્તિપ્રકાશદાસજી (સોમનાથ) તથા પૂ. સ્વામી શ્રી માધવપ્રસાદદાસજી (ડભાણ) ના માર્ગદર્શન પ્રમાણે તૈયાર થયેલ નવનિર્માણ શ્રી સ્વામિનારાયણ મહિલા મંદિરનો ઉજવાયેલ 'મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ' તથા 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ'









જૂનાગઢ પ્રદેશના દેતડ (તા. સાવરકુંડલા) ને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં યોજાયેલ શ્રી સ્વામિનારાયણ મંદિરનો તથા પ.ભ. શ્રી ધનજીભાઇ સાવલીયાના આર્થિક સહયોગથી તૈયાર થયેલ નૂતન શ્રી શિવમંદિરનો મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ








વડતાલ પ્રદેશના પીપલીઆ (ભરુચ)ને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં યોજાયેલ શ્રીરાધાકૃષ્ણ મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ.









ગોધરાને આંગણે વૃતાલયવિહારમ્ ખાતે નૂતન હરિમંદિરનું પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી ખાતમુહૂર્ત કરતા પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી.






જૂનાગઢ પ્રદેશના મીયાવડલા (તા. વિસાવદર) ગામને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં પૂ. સ.ગુ. સ્વામીશ્રી લક્ષ્મીપ્રસાદદાસજીના માર્ગદર્શન પ્રમાણે તૈયાર થયેલ નવનિર્માણ શ્રી સ્વામિનારાયણ મંદિરનો ઉજવાયેલ 'મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ' તથા 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ'






જૂનાગઢ પ્રદેશના આંબરડી ગામને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં પૂ. સ.ગુ. સ્વામીશ્રી લક્ષ્મીપ્રસાદદાસજીના માર્ગદર્શન પ્રમાણે તૈયાર થયેલ નવનિર્માણ શ્રી સ્વામિનારાયણ મંદિરનો ઉજવાયેલ 'મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ' તથા 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ'






જૂનાગઢ પ્રદેશના મોટા સમઢીયાળા ગામને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં પૂ. સ.ગુ. સ્વામીશ્રી લક્ષ્મીપ્રસાદદાસજીના માર્ગદર્શન પ્રમાણે તૈયાર થયેલ નવનિર્માણ શ્રી સ્વામિનારાયણ મંદિરનો ઉજવાયેલ 'મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ' તથા 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ'






જૂનાગઢ પ્રદેશના નીતલી (તા. ઉના) ગામને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં જૂનાગઢ મહંત પૂ. શા. સ્વામી શ્રી પ્રેમસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે તૈયાર થયેલ નવનિર્માણ શ્રી સ્વામિનારાયણ મંદિરનો ઉજવાયેલ 'મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ' તથા 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ'

Swaminarayan Chintan, May-2018 Reg. No. RJT - 624/16-18, Valid up to 31/12/18, Posted at Rajkot R.M.S on 20th of every month
wpp No. G-PMG-RJT/018/2013 Valid up to 20/12/2018_RNI No. GUJGUJ-2013/47868



**શ્રી રાધારમણ દેવ ૧૯૦ મો**
**વાર્ષિક પાટોત્સવ – જૂનાગઢ**





**જૂનાગઢધામ**ને આંગણે સર્વાવતારી ભગવાન **શ્રી સ્વામિનારાયણ** સ્થાપિત **શ્રી રાધારમણ દેવ** આદિ દેવોનો **પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી**ના આશીર્વાદથી **પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી** તથા ધર્મકુળ પરિવારના સાન્નિધ્યમાં ઉજવાયેલ **૧૯૦મો વાર્ષિક પાટોત્સવ** તથા **સત્સંગ સભા.**

**વાર્ષિક પાટોત્સવ**
**મહુવા**









ગઢપુર પ્રદેશના **મહુવા** શહેરને આંગણે ખારગેટ **શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર**માં બિરાજમાન **શ્રીહરિકૃષ્ણ મહારાજ-શ્રીઘનશ્યામ મહારાજ-શ્રીલક્ષ્મીનારાયણ** આદિ દેવોનો **પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી**ના આશીર્વાદથી સરધારનિવાસી **પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**ના માર્ગદર્શન પ્રમાણે ઉજવાયેલ **વાર્ષિક પાટોત્સવ** તથા **સત્સંગ સભા.**

Swaminarayan Chintan, Publisher, Printer, Owner, editor :- SWAMI PATITPAVANDASJI , Place of Publication :- Shree Swaminarayan Mandir, At : SARDHAR, Ta. & Dist. Rajkot (GJ) - 360025.
Printing press with complete address : SHREEJI ART, GF-12, ASHIRVAD SHOPPING CENTER, ASHRAM ROAD, PALDI AHMEDABAD, (GJ) - 380007



• આગામી અંક જૂન-જુલાઈ સંયુક્ત રીતે પ્રકાશિત થશે.